# સાંવત્સરિક પ્રતિક્રમણ

- સંકલન -

આત્માર્થી પૂ. સાહેબશ્રી ગાંગજીભાઈ મોતા

**શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર**

રાજનગર-કુકમા, ભુજ-કચ્છ.

ॐ

# સાંવત્સરિક પ્રતિક્રમણ

પ્રથમ આવૃત્તિ
પ્રત ૧૫૦૦
વિક્રમ સંવત ૨૦૫૮ - ઈ. સ. ૨૦૦૨

-: સૌજન્ય :-
માતુશ્રી જવેરબેન આણંદજી છેડા
નાની ખાખર - કચ્છ.

-: પ્રકાશક :-
શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ સમિતિ - મુંબઈ
સંચાલિત
**શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર**
રાજનગર-કુકમા, ભૂજ-કચ્છ.

ૐ


શ્રી મહાવીરાય નમઃ

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રદેવાય નમઃ

સહજાત્મ સ્વરૂપ પરમગુરુ

આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે

પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવ



ૐ

## સહજાત્મ સ્વરૂપ પરમગુરુ

શ્રી સંતના કહેવાથી મારે પરમકૃપાળુ દેવની આજ્ઞા માન્ય છે.

નમો અરિહંતાણં

નમો સિદ્ધાણં

નમો આયરિયાણં

નમો ઉવજ્ઝાયાણં

નમો લોએ સવ્વ સાહૂણં

એસો પંચ નમુક્કારો

સવ્વપાવપ્પણાસણો

મંગલાણં ચ સવ્વેસિં

પઢમં હવઈ મંગલમ્

## શિક્ષાપાઠ ૩૫. નવકાર મંત્ર

નમો અરિહંતાણં

નમો સિદ્ધાણં

નમો આયરિયાણં

નમો ઉવજ્ઝાયાણં

નમો લોએ સવ્વ સાહૂણં

આ પવિત્ર વાક્યોને નિર્ગ્રંથપ્રવચનમાં નવકાર, નમસ્કારમંત્ર કે પંચપરમેષ્ઠીમંત્ર કહે છે.

અર્હત ભગવંતના બાર ગુણ, સિદ્ધ ભગવંતના આઠ ગુણ, આચાર્યના છત્રીસ ગુણ, ઉપાધ્યાયના પંચવીશ ગુણ અને સાધુના સત્તાવીશ ગુણ મળીને એકસો આઠ ગુણ થયા. અંગૂઠા વિના બાકીની ચાર આંગળીનાં બાર ટેરવાં થાય છે; અને એથી એ ગુણોનું ચિંતવન કરવાની યોજના હોવાથી બારને નવે ગુણતાં ૧૦૮ થાય છે. એટલે નવકાર એમ કહેવામાં સાથે એવું સૂચવન રહ્યું જણાય છે કે, હે ભવ્ય ! તારાં એ આંગળીના ટેરવાંથી નવકાર મંત્ર નવ વાર ગણ. -'કાર' એટલે 'કરનાર' એમ પણ થાય છે. બારને નવે ગુણતાં જેટલા થાય એટલા ગુણનો ભરેલો મંત્ર એમ નવકાર મંત્ર તરીકે એનો અર્થ થઈ શકે છે; અને પંચપરમેષ્ઠી એટલે આ સકળ જગતમાં પાંચ વસ્તુઓ પરમોત્કૃષ્ટ છે તે કઈ કઈ ? તો કહી બતાવી કે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. એને નમસ્કાર કરવાનો જે મંત્ર તે પરમેષ્ઠીમંત્ર; અને પાંચ પરમેષ્ઠીને સાથે નમસ્કાર હોવાથી પંચપરમેષ્ઠીમંત્ર એવો શબ્દ થયો. આ મંત્ર અનાદિ સિદ્ધ મનાય છે, કારણ પંચપરમેષ્ઠી અનાદિ સિદ્ધ છે. એટલે એ પાંચે પાત્રો આદ્યરૂપ નથી. પ્રવાહથી અનાદિ છે, અને તેના જપનાર પણ અનાદિ સિદ્ધ છે, એથી

એ જાપ પણ અનાદિ સિદ્ધ ઠરે છે.

પ્ર. : એ પંચપરમેષ્ઠીમંત્ર પરિપૂર્ણ જાણવાથી મનુષ્ય ઉત્તમ ગતિને પામે છે, એમ સત્પુરુષો કહે છે એ માટે તમારું શું મત છે?

ઉ. : એ કહેવું ન્યાયપૂર્વક છે, એમ હું માનું છું.

પ્ર. : એને કયા કારણથી ન્યાયપૂર્વક કહી શકાય ?

ઉ. : હા. એ તમને હું સમજાવું : મનની નિગ્રહતા અર્થે એક તો સર્વોત્તમ જગદ્‌ભૂષણના સત્ય ગુણનું એ ચિંતવન છે. તત્ત્વથી જોતાં વળી અર્હતસ્વરૂપ, સિદ્ધસ્વરૂપ, આચાર્યસ્વરૂપ, ઉપાધ્યાયસ્વરૂપ અને સાધુસ્વરૂપ એનો વિવેકથી વિચાર કરવાનું પણ એ સૂચવન છે. કારણ કે પૂજવા યોગ્ય એઓ શાથી છે? એમ વિચારતાં એઓના સ્વરૂપ, ગુણ ઇત્યાદિ માટે વિચાર કરવાની સત્પુરુષને તો ખરી અગત્ય છે. હવે કહો કે એ મંત્ર એથી કેટલો કલ્યાણકારક થાય ?

પ્રશ્નકાર - સત્પુરુષો મોક્ષનું કારણ નવકારમંત્રને કહે છે, એ આ વ્યાખ્યાનથી હું પણ માન્ય રાખું છું. અર્હંત ભગવંત, સિદ્ધ ભગવંત, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એઓનો અકેકો પ્રથમ અક્ષર લેતા "અસિઆઉસા" એવું મહદ્‌ભૂત વાક્ય નીકળે છે. જેનું "ૐ" એવું યોગબિન્દુનું સ્વરૂપ થાય છે. માટે આપણે એ મંત્રનો અવશ્ય કરીને વિમળ ભાવથી જાપ કરવું.

★★★

## શિક્ષાપાઠ ૩૧. પ્રત્યાખ્યાન

'પચ્ચખાણ' નામનો શબ્દ વારંવાર તમારા સાંભળવામાં આવ્યો છે. એનો મૂળ શબ્દ 'પ્રત્યાખ્યાન' છે, અને તે અમુક વસ્તુ

ભણી ચિત્ત ન કરવું એવો જે નિયમ કરવો તેને બદલે વપરાય છે. પ્રત્યાખ્યાન કરવાનો હેતુ મહા ઉત્તમ અને સૂક્ષ્મ છે. પ્રત્યાખ્યાન નહીં કરવાથી ગમે તે વસ્તુ ન ખાઓ કે ન ભોગવો તો પણ તેથી સંવરપણું નથી, કારણ કે તત્ત્વરૂપે કરીને ઈચ્છાનું રૂંધન કર્યું નથી. રાત્રે આપણે ભોજન ન કરતાં હોઈએ; પરંતુ તેનો જો પ્રત્યાખ્યાનરૂપે નિયમ ન કર્યો હોય તો તે ફળ ન આપે; કારણ કે આપણી ઈચ્છા ખુલ્લી રહી. જેમ ઘરનું બારણું ઉઘાડું હોય અને શ્વાનાદિક જનાવર કે મનુષ્ય ચાલ્યું આવે તેમ ઇચ્છાના દ્વાર ખુલ્લાં હોય તો તેમાં કર્મ પ્રવેશ કરે છે. એટલે કે એ ભણી આપણા વિચાર છૂટથી જાય છે; તે કર્મબંધનું કારણ છે; અને જો પ્રત્યાખ્યાન હોય તો પછી એ ભણી દષ્ટિ કરવાની ઇચ્છા થતી નથી. જેમ આપણે જાણીએ છીએ કે વાંસાના મધ્ય ભાગ આપણાથી જોઈ શકાતો નથી; માટે એ ભણી આપણે દષ્ટિ પણ કરતા નથી; તેમ પ્રત્યાખ્યાન કરવાથી અમુક વસ્તુ ખવાય કે ભોગવાય તેમ નથી એટલે એ ભણી આપણું લક્ષ સ્વાભાવિક જતું નથી; એ કર્મ આવવાને આડો કોટ થઈ પડે છે. પ્રત્યાખ્યાન કર્યા પછી વિસ્મૃતિ વગેરે કારણથી કોઈ દોષ આવી જાય તો તેના પ્રાયશ્ચિત્ત નિવારણ પણ મહાત્માઓએ કહ્યાં છે.

પ્રત્યાખ્યાનથી એક બીજો પણ મોટો લાભ છે; તે એ કે અમુક વસ્તુઓમાં જ આપણો લક્ષ રહે છે, બાકી બધી વસ્તુઓનો ત્યાગ થઈ જાય છે; જે જે વસ્તુ ત્યાગ કરી છે તે તે સંબંધી પછી વિશેષ વિચાર, ગ્રહવું, મૂકવું કે એવી કંઈ ઉપાધિ રહેતી નથી. એ વડે મન બહુ બહોળતા ને પામી નિયમરૂપી સડકમાં ચાલ્યું જાય છે. અશ્વ જો લગામમાં આવી જાય છે, તો પછી ગમે તેવા પ્રબળ છતાં તેને ધારેલે રસ્તે લઈ જવાય

છે; તેમ મન એ નિયમરૂપી લગામમાં આવવાથી પછી ગમે તે શુભ રાહમાં લઈ જવાય છે; અને તેમાં વારંવાર પર્યટન કરાવવાથી તે એકાગ્ર, વિચારશીલ અને વિવેકી થાય છે. મનનો આનંદ શરીરને પણ નિરોગી કરે છે. વળી અભક્ષ્ય, અનંતકાય, પરસ્ત્રીઆદિક નિયમ કર્યાથી પણ શરીર નિરોગી રહી શકે છે. માદક પદાર્થો મનને અવળે રસ્તે દોરે છે. પણ પ્રત્યાખ્યાનથી મન ત્યાં જતું અટકે છે; એથી તે વિમળ થાય છે. પ્રત્યાખ્યાન એ કેવી ઉત્તમ નિયમ પાળવાની પ્રતિજ્ઞા છે તે આ ઉપરથી તમે સમજ્યા હશો. વિશેષ સદ્‌ગુરુ મુખથી અને શાસ્ત્ર અવલોકનથી સમજવા હું બોધ કરું છું.

★★★

## શિક્ષાપાઠ ૪૦. પ્રતિક્રમણવિચાર

પ્રતિક્રમણ એટલે સામું જવું -સ્મરણ કરી જવું-ફરીથી જોઈ જવું- એમ એનો અર્થ થઈ શકે છે. [૧]જે દિવસ જે વખતે પ્રતિક્રમણ કરવા બેઠા તે વખતની અગાઉ તે દિવસે જે જે દોષ થયા છે તે એક પછી એક જોઈ જવા અને તેનો પશ્ચાતાપ કરવો કે દોષનું સ્મરણ કરી જવું વગેરે સામાન્ય અર્થ પણ છે.

ઉત્તમ મુનિઓ અને ભાવિક શ્રાવકો સંધ્યાકાળે અને રાત્રિના પાછળના ભાગમાં દિવસે અને રાત્રે એમ અનુક્રમે થયેલા દોષનો પશ્ચાતાપ કે ક્ષમાપના ઇચ્છે છે, એનું નામ અહીં આગળ પ્રતિક્રમણ છે. એ પ્રતિક્રમણ આપણે પણ અવશ્ય કરવું; કારણ આત્મા મન, વચન અને કાયાના યોગથી અનેક પ્રકારના કર્મ બાંધે છે.

---

૧. દ્વિ. આ. પાઠા. - 'ભાવની અપેક્ષાએ જે દિવસે જે વખતે પ્રતિક્રમણ કરવાનું થાય, તે વખતની અગાઉ અથવા તે દિવસે જે જે દોષ થયા હોય તે એક પછી એક અંતરાત્મભાવે જોઈ જવા અને તેનો પશ્ચાતાપ કરી દોષથી પાછું વળવું તે પ્રતિક્રમણ.'

પ્રતિક્રમણસૂત્રમાં એનું દોહન કરેલું છે; જેથી દિવસરાત્રિમાં થયેલા પાપનો પશ્ચાતાપ તે વડે થઈ શકે છે. શુદ્ધભાવ વડે કરી પશ્ચાતાપ કરવાથી લેશ પાપ થતાં પરલોકભય અને અનુકંપા છૂટે છે; આત્મા કોમળ થાય છે. ત્યાગવા યોગ્ય વસ્તુનો વિવેક આવતો જાય છે. ભગવાન સાક્ષીએ અજ્ઞાન ઇ. જે જે દોષ વિસ્મરણ થયા હોય તેનો પશ્ચાતાપ પણ થઈ શકે છે. આમ એ નિર્જરા કરવાનું ઉત્તમ સાધન છે.

એનું 'આવશ્યક' એવું પણ નામ છે. આવશ્યક એટલે અવશ્ય કરીને કરવા યોગ્ય; એ સત્ય છે. તે વડે આત્માની મલિનતા ખસે છે, માટે અવશ્ય કરવા યોગ્ય જ છે.

સાયંકાળે જે પ્રતિક્રમણ કરવામાં આવે છે તેનું નામ દેવસીય પડિક્કમણું એટલે દિવસસંબંધી પાપનો પશ્ચાતાપ; અને રાત્રિના પાછલા ભાગમાં જે પ્રતિક્રમણ કરવામાં આવે છે તે રાઈ પડિક્કમણું કહેવાય છે. દેવસીય અને રાઈ એ પ્રાકૃત ભાષાના શબ્દો છે. પખવાડિયે કરવાનું પ્રતિક્રમણ તે પાક્ષિક અને સંવત્સરે કરવાનું તે સાંવત્સરિક કહેવાય છે. સત્પુરુષોએ યોજનાથી બાંધેલો એ સુંદર નિયમ છે.

કેટલાક સામાન્ય બુદ્ધિમાનો એમ કહે છે કે દિવસ અને રાત્રિનું સવારે પ્રાયશ્ચિતરૂપ પ્રતિક્રમણ કર્યું હોય તો કંઈ ખોટું નથી, પરંતુ એ કહેવું પ્રમાણિક નથી. રાત્રિએ અકસ્માત, અમુક કારણ કે કાળધર્મ થઈ પડે તો દિવસ સંબંધી પણ રહી જાય.

પ્રતિક્રમણ સૂત્રની યોજના બહુ સુંદર છે. એના મૂળ તત્ત્વ બહુ ઉત્તમ છે. જેમ બને તેમ પ્રતિક્રમણ ધીરજથી સમજાય એવી ભાષાથી શાંતિથી મનની એકાગ્રતાથી અને યત્નપૂર્વક કરવું.

★★★

# શિક્ષાપાઠ ૪૩. અનુપમ ક્ષમા.

ક્ષમા એ અંતર્શત્રુ જીતવામાં ખડ્ગ છે. પવિત્ર આચારની રક્ષા કરવામાં બખ્તર છે. શુદ્ધ ભાવે અસહ્ય દુઃખમાં સમપરિણામથી ક્ષમા રાખનાર મનુષ્ય ભવસાગર તરી જાય છે.

કૃષ્ણ વાસુદેવના ગજસુકુમાર નામના નાના ભાઈ મહાસુરૂપવાન, સુકુમાર માત્ર બાર વર્ષની વયે ભગવાન નેમીનાથની પાસેથી સંસારત્યાગી થઈ સ્મશાનમાં ઉગ્રધ્યાનમાં રહ્યા હતા; ત્યારે તેઓ એક અદ્ભૂત ક્ષમામય ચરિત્રથી મહાસિદ્ધિને પામી ગયા, તે અહીં કહું છું.

સોમલ નામના બ્રાહ્મણની સુરૂપવર્ણસંપન્ન પુત્રી વેરે ગજસુકુમારનું સગપણ કર્યું હતું. પરંતુ લગ્ન થયા પહેલાં ગજસુકુમાર તો સંસાર ત્યાગી ગયા. આથી પોતાની પુત્રીનું સુખ જવાના દ્વેષથી તે સોમલ બ્રાહ્મણને ભયંકર ક્રોધ વ્યાપ્યો. ગજસુકુમારની શોધ કરતો કરતો એ સ્મશાનમાં જ્યાં મહામુનિ ગજસુકુમાર એકાગ્ર વિશુદ્ધભાવથી કાયોત્સર્ગમાં છે, ત્યાં આવી પહોંચ્યો. કોમળ ગજસુકુમારના માથા પર ચીકણી માટીની વાડ કરી અને અંદર ધખધખતા અંગારા ભર્યા, ઇંધન પૂર્યું એટલે મહાતાપ થયો. એથી ગજસુકુમારનો કોમળ દેહ બળવા માંડ્યો એટલે તે સોમલ જતો રહ્યો. એ વેળા ગજસુકુમારના અસહ્ય દુઃખમાં કહેવું પણ શું હોય ? પરંતુ ત્યારે તે સમભાવ પરિણામમાં રહ્યા. કિંચિત્ ક્રોધ કે દ્વેષ એના હૃદયમાં જન્મ પામ્યો નહીં. પોતાના આત્માને સ્થિતિસ્થાપક કરીને બોધ દીધો કે જો ! તું એની પુત્રીને પરણ્યો હોત તો એ કન્યાદાનમાં તને પાઘડી આપત. એ પાઘડી થોડા વખતમાં ફાટી જાય તેવી અને પરિણામે દુઃખદાયક થાત. આ એનો બહુ ઉપકાર થયો કે એ પાઘડી બદલ એણે મોક્ષની પાઘડી બંધાવી. એવા વિશુદ્ધ પરિણામથી અડગ રહી સમભાવથી તે

અસહ્ય વેદના સહીને સર્વજ્ઞ સર્વદર્શી થઈ અનંત જીવન સુખને પામ્યા. કેવી અનુપમ ક્ષમા અને કેવું તેનું સુંદર પરિણામ! તત્ત્વજ્ઞાનીઓના વચન છે કે, આત્મા માત્ર સ્વસદ્‌ભાવમાં આવવો જોઈએ; અને તે આવ્યો તો મોક્ષ હથેળીમાં જ છે. ગજસુકુમારની નામાંકિત ક્ષમા કેવો વિશુદ્ધ બોધ કરે છે.

★★★

## ૮૩૨

વવાણિયા, જયેષ્ઠ, ૧૯૫૪.

દેહથી ભિન્ન સ્વપરપ્રકાશક પરમ જ્યોતિસ્વરૂપ એવો આ આત્મા, તેમાં નિમગ્ન થાઓ. હે આર્યજનો ! અંતર્મુખ થઈ, સ્થિર થઈ, તે આત્મામાં જ રહો તો અનંત અપાર આનંદ અનુભવશો.

સર્વ જગતના જીવો કંઈ ને કંઈ મેળવીને સુખ પ્રાપ્ત કરવા ઇચ્છે છે; મોટો ચક્રવર્તી રાજા એ પણ વધતા વૈભવ, પરિગ્રહના સંકલ્પમાં પ્રયત્નવાન છે; અને મેળવવામાં સુખ માને છે; પણ અહો! જ્ઞાનીઓએ તો તેથી વિપરીત જ સુખનો માર્ગ નિર્ણીત કર્યો કે કિંચિત્‌માત્ર પણ ગ્રહવું એ જ સુખનો નાશ છે.

વિષયથી જેની ઇન્દ્રિયો આર્ત્ત છે, તેને શીતળ એવું આત્મસુખ, આત્મતત્ત્વ ક્યાંથી પ્રતીતિમાં આવે ?

પરમ ધર્મરૂપ ચંદ્ર પ્રત્યે રાહુ જેવો પરિગ્રહ તેથી હવે હું વિરામ પામવાને જ ઇચ્છું છું. અમારે પરિગ્રહને શું કરવો છે ?

કશું પ્રયોજન નથી.

'સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ.'

હે આર્યજનો ! આ પરમ વાક્યનો આત્માપણે તમે અનુભવ કરો.

★★★

## ૮૩૩

વવાણિયા, જ્યેષ્ઠ સુદ ૧, શનિ, ૧૯૫૪.

સર્વ દ્રવ્યથી, સર્વ ક્ષેત્રથી, સર્વ કાળથી અને સર્વ ભાવથી જે સર્વ પ્રકારે અપ્રતિબંધ થઈ નિજસ્વરૂપમાં સ્થિત થયા તે પરમ પુરુષોને નમસ્કાર.

જેને કંઈ પ્રિય નથી, જેને કંઈ અપ્રિય નથી, જેને કોઈ શત્રુ નથી, જેને કોઈ મિત્ર નથી, જેને માન-અપમાન, લાભ-અલાભ, હર્ષ-શોક, જન્મ-મૃત્યુ આદિ દ્વંદ્વનો અભાવ થઈ જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપને વિષે સ્થિતિ પામ્યા છે, પામે છે અને પામશે તેમનું અતિ ઉત્કૃષ્ટ પરાક્રમ સાનંદાશ્ચાર્ય ઉપજાવે છે.

દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે, મ્યાન પ્રત્યે તરવારનો જેવો સંબંધ છે તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે, અબદ્ધ સ્પૃષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે, તે મહત્પુરુષોને જીવન અને મરણ બન્ને સમાન છે. જે અચિંત્ય દ્રવ્યની શુદ્ધચિતિસ્વરૂપ કાંતિ પરમ પ્રગટ થઈ અચિંત્ય કરે છે, તે અચિંત્ય દ્રવ્ય સહજ સ્વાભાવિક નિજસ્વરૂપ છે એવો નિશ્ચય જે પરમ કૃપાળુ સત્પુરુષે પ્રકાશ્યો તેનો અપાર ઉપકાર છે.

ચંદ્ર ભૂમિને પ્રકાશે છે, તેના કિરણની કાંતિના પ્રભાવથી સમસ્ત ભૂમિ શ્વેત થઈ જાય છે, પણ કંઈ ચંદ્ર ભૂમિરૂપ કોઈ કાળે તેમ થતો નથી, એમ સમસ્ત વિશ્વને પ્રકાશક એવો આ આત્મા તે ક્યારે પણ વિશ્વરૂપ થતો નથી, સદાસર્વદા ચૈતન્યસ્વરૂપ જ રહે છે. વિશ્વમાં જીવ અભેદતા માને છે એ જ ભ્રાંતિ છે.

જેમ આકાશમાં વિશ્વનો પ્રવેશ નથી, સર્વ ભાવની વાસનાથી

આકાશ રહિત જ છે, તેમ સમ્યક્દષ્ટિ પુરુષોએ પ્રત્યક્ષ સર્વ દ્રવ્યથી ભિન્ન, સર્વ અન્ય પર્યાયથી રહિત જ આત્મા દીઠો છે.

જેની ઉત્પત્તિ કોઈ પણ અન્ય દ્રવ્યથી થતી નથી, તેવા આત્માનો નાશ પણ ક્યાંથી હોય ?

અજ્ઞાનથી અને સ્વસ્વરૂપ પ્રત્યેના પ્રમાદથી આત્માને માત્ર મૃત્યુની ભ્રાંતિ છે. તે જ ભ્રાંતિ નિવૃત્ત કરી શુદ્ધ ચૈતન્ય નિજઅનુભવપ્રમાણસ્વરૂપમાં પરમ જાગૃત થઈ જ્ઞાની સદાય નિર્ભય છે. એ જ સ્વરૂપના લક્ષથી સર્વ જીવ પ્રત્યે સામ્યભાવ ઉત્પન્ન થાય છે. સર્વ પરદ્રવ્યથી વૃત્તિ વ્યાવૃત કરી આત્મા અકલેશ સમાધિને પામે છે.

પરમસુખસ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સમાધિને સર્વકાળને માટે પામ્યા તે ભગવંતને નમસ્કાર, તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો તે સત્પુરુષને નમસ્કાર.

સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખસ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું, ત્યાં વિક્ષેપ શો ? વિકલ્પ શો ? ભય શો ? ખેદ શો ? બીજી અવસ્થા શી ? હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ પરમશાંત ચૈતન્ય છું. હું માત્ર નિર્વિકલ્પ છું. હું નિજસ્વરૂપમય ઉપયોગ કરું છું. તન્મય થાઉં છું.

શાંતિઃ શાંતિઃ શાતિઃ

★★★

## ૮૪૩

વસો, પ્રથમ આસો સુદ ૬, બુધવાર, ૧૯૫૪.

**શ્રીમત્ વીતરાગ ભગવંતોએ નિશ્ચિતાર્થ**
**કરેલો એવો અચિંત્ય ચિંતામણિ-**
**સ્વરૂપ, પરમ હિતકારી, પરમ**
**અદ્‌ભૂત સર્વ દુઃખનો નિઃસંશય**
**આત્યંતિક ક્ષય કરનાર,**
**પરમ અમૃત સ્વરૂપ એવો સર્વોત્કૃષ્ટ**
**શાશ્વત ધર્મ જયવંત વર્તો,**
**ત્રિકાળ જયવંત વર્તો.**

તે શ્રીમત્ અનંત ચતુષ્ટયસ્થિત ભગવતનો અને તે જયવંત ધર્મનો આશ્રય સદૈવ કર્તવ્ય છે. જેને બીજું કાંઈ સામર્થ્ય નથી એવા અબુધ અને અશક્ત મનુષ્યો પણ તે આશ્રયના બળથી પરમ સુખહેતુ એવાં અદ્‌ભૂત ફળને પામ્યા છે, પામે છે અને પામશે. માટે નિશ્ચય અને આશ્રય જ કર્તવ્ય છે, અધીરજથી ખેદ કર્તવ્ય નથી.

ચિત્તમાં દેહાદિ ભયનો વિક્ષેપ કરવો પણ યોગ્ય નથી.

દેહાદિ સંબંધી જે પુરુષો હર્ષવિષાદ કરતા નથી તે પુરુષો પૂર્ણ દ્વાદશાંગને સંક્ષેપમાં સમજ્યા છે, એમ સમજો. એ જ દૃષ્ટિ કર્તવ્ય છે.

હું ધર્મ પામ્યો નથી, હું ધર્મ કેમ પામીશ ? એ આદિ ખેદ નહીં કરતાં વીતરાગ પુરુષોનો ધર્મ જે દેહાદિ સંબંધીથી હર્ષવિષાદવૃત્તિ દૂર કરી આત્મા અસંગ-શુદ્ધ-ચૈતન્યસ્વરૂપ છે,

એવી વૃત્તિનો નિશ્ચય અને આશ્રય ગ્રહણ કરી તે જ વૃત્તિનું બળ રાખવું, અને મંદ વૃત્તિ થાય ત્યાં વીતરાગ પુરુષોની દશાનું સ્મરણ કરવું, તે અદ્‌ભૂત ચરિત્ર પર દૃષ્ટિ પ્રેરીને વૃત્તિને અપ્રમત્ત કરવી, એ સુગમ અને સર્વોત્કૃષ્ટ ઉપકારક તથા કલ્યાણસ્વરૂપ છે.

★★★

# પ્રતિક્રમણ આવશ્યક

# મંગળાચરણ

**નમો અરિહંતાણં**

**નમો સિદ્ધાણં**

**નમો આયરિયાણં**

**નમો ઉવજ્ઝાયાણં**

**નમો લોએ સવ્વ સાહૂણં**

અહો શ્રી સત્પુરુષ કે વચનામૃતં જગહિતકરમ્,
મુદ્રા અરુ સત્સમાગમ સુતિ ચેતના જાગૃતકરમ;
ગિરતિ વૃત્તિ સ્થિર રખે દર્શન માત્ર સેં નિર્દોષ હૈ,
અપૂર્વ સ્વભાવ કે પ્રેરક સકલ સદ્ગુણ કોષ હૈ.

સ્વસ્વરૂપ કી પ્રતીતિ અપ્રમત્ત સંયમ ધારણમ્,
પૂરણપણે વીતરાગ નિર્વિકલ્પતા કે કારણમ્;
અંતે અયોગી સ્વભાવ જો તાકે પ્રગટ કરતાર હૈ,
અનંત અવ્યાબાધ સ્વરૂપ મેં સ્થિતિ કરાવનહાર હૈ.

સહજાત્મ સહજાનંદ આનંદઘન નામ અપાર હૈ,
સત્ દેવ ધર્મ સ્વરૂપ દર્શક સુગુરુ પારાવાર હૈ;
ગુરુ ભક્તિ સેં લહો તીર્થપતિપદ શાસ્ત્ર મેં વિસ્તાર હૈ,
ત્રિકાળ જયવંત વર્તો શ્રી ગુરુરાજને નમસ્કાર હૈ.

એમ પ્રણમી શ્રી ગુરુરાજ કે પદ આપ-પરહિત કારણમ્,
જયવંત શ્રી જિનરાજ વાણી કરું તાસ ઉચ્ચારણમ્;
ભવભીત ભવિક જે ભણે ભાવે સુણે સમજે સદ્દહે,
શ્રી રત્નત્રયની ઐક્યતા લહી સહી સો નિજ પદ લહે.

★★★

## ૧૩
# જિનેશ્વરની વાણી

અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે;

સકલ જગત હિતકારિણી, હારિણી મોહ,
તારિણી ભવાબ્ધિ, મોક્ષચારિણી પ્રમાણી છે.

ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે;

અહો ! રાજચંદ્ર બાળ ખ્યાલ નથી પામતા એ,
જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે.
(ગુરુરાજ તણી વાણી જાણી તેણે જાણી છે.)

★★★

# શ્રી સદ્‌ગુરુ ભક્તિ રહસ્ય

## (ભક્તિના વીસ દોહરા)

હે પ્રભુ, હે પ્રભુ, શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું ભાજન છું કરુણાળ. ૧

શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ ? ૨

નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહી;
આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહીં. ૩

જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ, ૪

'હું પામર શું કરી શકું ?' એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫

અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ. ૬

અચળરૂપ આસક્તિ નહિ, નહિં વિરહનો તાપ;
કથા અલભ તુજ પ્રેમની, નહીં તેનો પરિતાપ. ૭

ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન;
સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન. ૮

કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદાધર્મ;
તોય નહીં વ્યાકુળતા જુઓ પ્રભુ મુજ કર્મ. ૯

સેવાને પ્રતિકુળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેંદ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ. ૧૦

તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન, નયન, યમ નાહીં;
નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહી. ૧૧

અહંભાવથી રહિત નહીં, સ્વધર્મ સંચય નાહીં;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ. ૧૨

એમ અનંત પ્રકારથી, સાધન રહિત હું ય;
નહીં એક સદ્‌ગુણ પણ, મુખ બતાવું શું ય ? ૧૩

કેવળ કરુણામૂર્તિ છો, દીનબંધુ દીનાનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪

અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહીં અભિમાન. ૧૫

સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક. ૧૬

સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્‌સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય ? ૧૭

પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્‌ગુરુ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય ? ૧૮

અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હું ય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શું ય ? ૧૯

પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માંગુ એ જ;
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ. ૨૦

★★★

શ્રી ચંદ્ર કવિ કૃત

# વૈરાગ્ય મણિમાળા

પદ્યાવતરણ

કૃપા પરમ કૃપાળુની, સંત ચરણની છાંય;
અપૂર્વ બોધ, વિરાગતા, તારે ગ્રહી અમ બાંહ્ય.

• • • •

(क्षणमपि सज्जन संगतिरेका भवति भर्वाणवतरणे नौका – એ છંદ)

ચિંતવ પદ પરમાતમ પ્યારે, યોગી જનો જે પદ ઉર ધારે;
જહાજ બની ભવજળથી તારે, કેવળ બોધ સુધારસ ધારે. ૧

તજ તૃષ્ણા ધન આદિક કેરી, મૂક મમતા, ટળશે ભવ ફેરી;
ધરી ચારિત્ર સદા શીલ પાળે, શિવરમણી સુખ તો તું ભાળે. ૨

વિચાર વિનાશી શરીર સગાઈ, માત, પિતા, સ્ત્રી, ધન, સુત, ભાઈ;
વાંછે છે જીવ અતિશય આને, મૂઢ મરણ દેખે નહિ શાને ? ૩

બાળ વયે ક્રીડામાં રાચે, યૌવનમાં રમણીશું માચે;
ઘડપણમાં પણ ધનની આશા, હે જીવ, જો તુજ દુષ્ટ તમાસા. ૪

યૌવનની શી કરવી માયા ? જળ પરપોટા જેવી કાયા;
જાવું પડશે નરકે મરીને ? આવી ધનની આશા કરીને. ૫

ભવ તરવા ઇચ્છે જો ભાઈ, સંત શિખામણ સુણ સુખદાઈ;
કામ ક્રોધ ને મોહ તજી દે, સમ્યગ્જ્ઞાન સમાધિ સજી લે. ૬

કોણ પતિ, પત્ની, પુત્રો તુજ ? દુઃખમય પણ સંસાર ગણે મુજ;
પૂર્વ ભવે પાપે પીડેલો, કોણ હતો કર્મે જકડેલો ? ૭

સંસારી શરણાં ગણ સૂનાં, અર્થ અનર્થક, વચન પ્રભુનાં;
નશ્વર કાયા પ્રબળ જણાતી, વાંછા શાની એની થાતી ? ૮

જીવ એકલો નરકે જાશે, શુભ-વિવેકે સુરગતિ થાશે;
રાજા, ધનપતિ થાય એકલો, દાસ એકલો વિનય ભૂલેલો. ૯

રોગી એકલો, શોક ભરેલો, દુઃખ રહિત, દુઃખમાંહી વસેલો;
વળી વેપારી, દરિદ્ર એકલો, નીચ એકલો ભમે ભૂલેલો. ૧૦

પરિજન, પુત્ર, કલત્ર વિનાશી, સર્વ મળીને છે દુઃખરાશિ;
ચિંતવ ચિત્તે નિશ્ચે ભાઈ, કોણ પિતા મા કોની સગાઈ ? ૧૧

સ્ત્રી અર્થે હિંસા કરનારા, ભૂત ભ્રમિત સમ જીવ, બિચારા;
પાપ પમાડે નરક નઠારું, ઘોર દુઃખો દળશે તન તારું. ૧૨

વિષય-ભૂતનો મોહ મૂકી દે, કષાય ચારે નિર્મૂળ કરી લે;
કામ, માનનો કૂચો કરી દે, ઇન્દ્રિય ચોરો પાંચ દમી લે. ૧૩

શરીર ઝૂંપડી કૂડો કૂથો, માંસ-ચામડી મોહે ચૂંથો;
દ્વાર નવે ગંદા મળ ગળતાં, શું સુખ એ કચરામાં કળતાં ? ૧૪

ભવસાગરમાં કાળ અનંતો, વસ્યો વાસના નીચ કરંતો;
આજ સુધી વિષયોમાં રાચ્યો, મૂઢ વિરાગ સજી લે સાચો. ૧૫

દુર્ગતિ દુઃખ અનેકે કૂટ્યો, તોય પીછો તેનો ના છૂટ્યો;
જાણે ભૂત-ભ્રમિત, મદમત્ત, જીવ અનાચારે રહે રક્ત. ૧૬

સમ ધાતુમય પુદ્ગલપિંડ, કીડા ખદબદતો મળકુંડ;
આવો નિંદિત દેહ છતાં હા! માથે જમનો દંડ ફરે આ. ૧૭

મા કર યૌવન-ધનગૃહ-ગર્વ, કાળ હરી લેશે એ સર્વ;
ઇન્દ્રજાલ સમ નિષ્ફળ સહુ તજ, મોક્ષપદે મન રાખી પ્રભુ ભજ. ૧૮

નીલકમલ-દલ-જલ-સમ ચંચલ, ઇન્દ્ર ધનુષ-વીજળી જીવનપળ;
ક્ષણભંગુર સંસાર વિચારો, ભ્રાંતિ વડે ના જાણો સારો. ૧૯

શોક વિયોગ ભયંકર ભારે, ભવ-દરિયાથી કોણ ઉગારે ?
મજબૂત તારો હાથ ગ્રહીને, કોણ બોધશે કરુણા કરીને ? ૨૦

મૂક પરિગ્રહ-મમતા ભાઈ ! પાળ સુચારિત્ર સત્સુખદાઈ;
કામ-ક્રોધને તજવા કાજે, જ્ઞાન, ધ્યાન વિચારે આજે. ૨૧

કામ-કૃત વિનોદ મૂકી દે, શુભ શિવ-સુખ સદા સમરી રહે;
ધર્મ-શુક્લ બે ધ્યાન સખા છે, ઉત્તમ ગતિના છે નેતા એ. ૨૨

આશા-વસ્ત્ર-વિહીન બનીને, કામ-ઉપાધિ-કષાય હણીને;
ગિરિ ગુફા ઉપવને વસીને, આતમ ધ્યાન ધરો સમજીને. ૨૩

★★★

શ્રીમદ્ રાજચંદ્રપ્રણીત

## ક્ષમાપના પાઠનું પદ્ય

હે ! નાથ, ભૂલી હું ભવસાગરમાં ભટક્યો;
નહિ અધમ કામ કરતાં, હું કદી પણ અટક્યો.
તમ વચન અમૂલખ, લક્ષમાંહી નહિ લીધાં;
નહિ તત્ત્વ વિચારથી કહ્યાં તમારાં કીધાં.
સેવ્યું નહિ ઉત્તમ, શીલ પ્રણીત તમારું;
તજી યાદી આપની, મેં જ બગાડ્યું મારું.
પ્રભુ, દયા, શાંતિ ને ક્ષમા આદિ મેં છોડી;
વળી પવિત્રતાની, ઓળખાણ પણ તોડી.
હું ભૂલ્યો, આથડ્યો, અને રખડ્યો ભારી;
આ સંસારે વિભુ વિટંબના થઈ મારી.
હું પાપી મદોન્મત્ત, મલિન કર્મના રજથી;
વિણ તત્ત્વ મોક્ષ મેળવાય નહિ, પ્રભુ મુજથી.
હે પરમાત્મા, હું પ્રપંચમાંહી પડ્યો છું;
હું મૂઢ, નિરાશ્રિત, મહા ખુવાર બન્યો છું.
બની અંધ અમિત અજ્ઞાનથી ભૂલ્યો ભક્તિ;
નથી નિશ્ચય મુજમાં, નાથ વિવેકની શક્તિ.
ઓ રાગરહિત પ્રભુ ! મુજને જાણી અનાથ;
આ દીન દાસનો, ગ્રહો હેતથી હાથ.
હું શરણ હવે તો ગ્રહણ કરું છું તમારું;
તુમ ધર્મ સાથ તુમ, મુનિનું શરણ સ્વીકારું.
હું માગું છું પ્રભુ, મુજ અપરાધની માફી;
કરી દીઓ પાપથી મુક્ત, કહું પછી કાંહી.

એ અભિલાષા અવિનાશી, પૂરણ કરજો;
મુજ દોષ દયાનિધિ, દેવ દીલે નવિ ધરજો.
હું પાપનો પશ્ચાતાપ, હવે કરું છું;
વળી સૂક્ષ્મ વિચારથી, સદા ઊંડો ઊતરું છું.
તુમ તત્ત્વ ચમત્કૃતિ, નજરે તૂર્ત તરે છે;
એ મુજ સ્વરૂપનો વિકાસ નાથ કરે છે.
છો આપ નિરાગી, અનંત ને અવિકારી;
વળી સ્વરૂપ સત્ ચિદાનંદ ગણું સુખકારી.
છો સહજાનંદી, અનંતદર્શી જ્ઞાની;
ત્રૈલોક્ય પ્રકાશક, નાથ, શું આપું નિશાની ?
મુજ હિત અર્થે દઉં, સાક્ષી માત્ર તમારી;
હું ક્ષમા ચાહું, મતિ સદા આપજો સારી.
તુમ પ્રણીત તત્ત્વમાં શંકાશીલ ન થાઉં;
જે આપ બતાવો, માર્ગ ત્યાં જ હું જાઉં.
મુજ આકાંક્ષા ને, વૃત્તિ એવી નિત્ય થાજો;
લઈ શકું જેથી હું, મહદ્ મુક્તિનો લાવો.
હે! સર્વજ્ઞ પ્રભુ શું વિશેષ કહું હું તમને;
નથી લેશ અજાણ્યું, આપથી નિશ્ચય મુજને.
હું કેવલ પશ્ચાતાપથી દિલ દહું છું;
મુજ કર્મજન્મ પાપની ક્ષમા ચાહું છું.
ૐ શાંતિ શાંતિ, કરો કૃપાળુ શાંતિ;
ગુરુ રાજચંદ્ર જિન વચન, હરો મમ ભ્રાંતિ.

★★★

# શ્રી લાલાજી રણજીતસિંહજીકૃત

## શ્રી બૃહદ્ આલોયણા

સિદ્ધ શ્રી પરમાત્મા, અરિગંજન અરિહંત;
ઈષ્ટ દેવ વંદું સદા, ભય ભંજન ભગવંત. ૧

અરિહા સિદ્ધ સમરું સદા, આચારજ, ઉવઝાય;
સાધુ સકળકે ચરનકું, વંદું શિષ નમાય. ૨

શાસન નાયક સમરિયે, ભગવંત વીર જિનંદ;
[૧]અલિય વિઘન દૂરે હરે, આપે પરમાનંદ. ૩

અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણો ભંડાર;
શ્રી ગુરુ ગૌતમ સમરિયે, વાંછિત ફલ દાતાર. ૪

શ્રી ગુરુદેવ પ્રસાદસેં, હોત મનોરથ સિદ્ધ;
ઘન વરસત વેલી તરું, ફૂલ ફલનકી વૃદ્ધ. ૫

પંચ પરમેષ્ઠી દેવકો, ભજનપૂર પહચાન;
કર્મ અરિ ભાજે સભી, હોવે પરમ કલ્યાન. ૬

શ્રી જિનયુગ પદ કમળ મેં, મુજ મન ભ્રમર વસાય;
કબ ઊગે વો દિનકરુ, શ્રીમુખ દરિસન પાય. ૭

પ્રણમી પદપંકજ ભણી, અરિગંજન અરિહંત;
કથન કરૌં અબ જીવકો કિંચિત્ મુજ [૨]વિરતંત. ૮

આરંભ વિષય કષાયવશ, ભમિયો કાળ અનંત;
લક્ષચોરાશી યોનિ સેં અબ તારો ભગવંત. ૯

દેવ ગુરુ ધર્મ સૂત્ર મેં, નવ તત્ત્વઆદિક જોય;
અધિકા ઓછા જે કહ્યા, મિથ્યા દુષ્કૃત [૩]મોય. ૧૦

---

૧. અનિષ્ટ ૨. વૃતાંત, વર્ણન. ૩. મારા માઠાં કામ નિષ્ફળ થાઓ.

મિથ્યા મોહ અજ્ઞાન કો, ભરિયો રોગ અથાગ;
વૈદ્યરાજ ગુરુ શરણથી, ઔષધ જ્ઞાન વિરાગ. ૧૧

જે મેં જીવ વિરાધિયા, સેવ્યાં પાપ અઢાર;
પ્રભુ તુમારી સાખસેં, વારંવાર ધિક્કાર. ૧૨

બૂરા બૂરા સબકો કહે, બૂરા ન દીસે કોઈ;
જો ઘટ શોધે આપનો, મોસું બૂરા ન કોઈ. ૧૩

કહેવામાં આવે નહિ અવગુણ ભર્યા અનંત;
લિખવામાં ક્યું કર લિખું, જાણો શ્રી ભગવંત. ૧૪

કરુણાનિધિ કૃપા કરી, કર્મ કઠિન મુજ છેદ;
મિથ્યા મોહ અજ્ઞાનકો, કરજો ગ્રંથિ ભેદ. ૧૫

પતિત ઉદ્ધારન નાથજી, અપનો બિરુદ વિચાર;
ભૂલચૂક સબ માહરી, ખમીએ વારંવાર. ૧૬

માફ કરો સબ માહરા, આજ તલકના દોષ;
દીનદયાળુ દો મુજે, શ્રદ્ધા શીલ સંતોષ. ૧૭

આતમનિંદા શુદ્ધ ભની, ગુણવંત વંદન ભાવ;
રાગદ્વેષ પતલા કરી, સબસેં [1]ખીમત ખીમાવ. ૧૮

છૂટૂં પિછલાં પાપસેં, નવાં ન બાંધું કોઈ;
શ્રી ગુરુદેવ પ્રસાદસેં, સફળ મનોરથ હોઈ. ૧૯

પરિગ્રહ મમતા તજી કરી, પંચ મહાવ્રત ધાર;
અંત સમય આલોચના, કરું સંથારો સાર. ૨૦

તિન મનોરથ એ કહ્યા, જો ધ્યાવે, નિત મન્ન;
શક્તિ [2]સાર વર્તે સહી, પાવે શિવસુખ ધન્ન. ૨૧

અરિહા દેવ નિર્ગ્રંથગુરુ, સંવર નિર્જર ધર્મ;
આગમ શ્રી કેવલિ કથિત, એહી જૈન મત મર્મ. ૨૨

---

૧. ક્ષમી; ક્ષમાવો.　　૨. અનુસાર, પ્રમાણે.

આરંભ વિષય કષાય તજ, શુદ્ધ સમકિત વ્રત ધાર;
જિન આજ્ઞા પરમાન કર, નિશ્ચય [1]ખેવો પાર. ૨૩

ક્ષણ નિકમો રહનો નહીં, કરનો આતમ કામ;
ભણનો ગુણનો શીખનો, રમનો જ્ઞાનારામ. ૨૪

અરિહા સિદ્ધ સબ સાધુજી, જિનાજ્ઞા, ધર્મસાર;
માંગિલિક ઉત્તમ સદા, નિશ્ચય શરણાં ચાર. ૨૫

ઘડી ઘડી પલ પલ સદા, પ્રભુ સ્મરણકો [2]ચાવ;
નરભવ સફલો જો કરે, દાન શીલ તપ ભાવ. ૨૬

## (દોહા)

સિદ્ધોં જૈસા જીવ હૈ, જીવ સોઈ સિદ્ધ હોય;
કર્મ મેલકા અંતરા, બૂઝે વિરલા કોય. ૧

કર્મ પુદ્‌ગલરૂપ હૈ, જીવરૂપ હૈ જ્ઞાન;
દો મિલકર બહુ રૂપ હૈ, [3]વિછડ્યાં પદ નિર્વાણ. ૨

જીવ કરમ ભિન્ન ભિન્ન કરો, મનુષ્ય જનમકું પાય;
આત્મજ્ઞાન વૈરાગ્યસેં, ધીરજ ધ્યાન જગાય. ૩

દ્રવ્ય થકી જીવ એક હૈ, ક્ષેત્ર અસંખ્ય પ્રમાન;
કાળ થકી રહે સર્વદા, ભાવે દર્શન જ્ઞાન. ૪

ગર્ભિત પુદ્‌ગલ પિંડમેં અલખ અમૂરતિ દેવ;
ફિરે સહજ ભવ ચક્રમેં, યહ અનાદિકી ટેવ. ૫

ફૂલ અત્તર ઘી દૂધમેં, તિલમેં તૈલ છિપાય;
યું ચેતન જડ કરમ સંગ, બાંધ્યો-મમતા પાય. ૬

જો જો પુદ્‌ગલકી દશા, તે નિજ માને [4]હંસ;
યાહી ભરમ વિભાવ તેં, બઢે કરમકો વંશ. ૭

---

૧. ઉતરો. ૨. ઉત્સાહ. ૩. છૂટા થયે. ૪. જીવ.

રતન બંધ્યો ગઠડી વિષે, સૂર્ય છિપ્યો ઘનમાંહી;
સિંહ પિંજરામેં દિયો, જોર ચલે કછુ નાંહી. ૮

જ્યું બંદર મદિરા પિયા, વિછુ ડંકિત ગાત;
ભૂત લગ્યો કૌતુક કરે, કર્મોંકા ઉત્પાત. ૯

કર્મ સંગ જીવ મૂઢ હૈ, પાવે નાના રૂપ;
કર્મ રૂપ મલકે ટલે, ચેતન સિદ્ધ સરૂપ. ૧૦

શુદ્ધ ચેતન ઉજ્જવલ [1]દરવ, રહ્યો કર્મ મલ છાય;
તપ સંયમસે ધોવતાં, જ્ઞાન જ્યોતિ [2]બઢ જાય. ૧૧

જ્ઞાન થકી જાને સકલ, દર્શન શ્રદ્ધા રૂપ;
ચારિત્રથી આવત રૂકે, તપસ્યા સપન સરૂપ. ૧૨

કર્મ રૂપ મલકે શુધે, ચેતન ચાંદી રૂપ;
નિર્મળ જ્યોતિ પ્રગટ ભયાં, કેવળજ્ઞાન અનૂપ. ૧૩

[3]મૂસી પાવક સોહગી, ફુકાંતનો ઉપાય;
રામ ચરણ ચારુ મિલ્યા, મૈલ કનકકો જાય. ૧૪

કર્મરૂપ બાદલ મિટે, પ્રગટે ચેતન ચંદ;
જ્ઞાનરૂપ ગુણ ચાંદની, નિર્મળ જ્યોતિ અમંદ. ૧૫

રાગ દ્વેષ દો બીજસેં, કર્મબંધકી [4]વ્યાધ;
આત્મજ્ઞાન વૈરાગસેં, પાવે મુક્તિ [5]સમાધ. ૧૬

અવસર વીત્યો જાત હૈ, અપને [6]વશ કછુ હોત;
પુણ્ય જતાં પુણ્ય હોત હૈ, દીપક દીપક જ્યોત. ૧૭

કલ્પવૃક્ષ ચિંતામણી, ઇન ભવમેં સુખકાર;
જ્ઞાન વૃદ્ધિ ઇનસે અધિક, ભવ-દુઃખ ભંજનહાર. ૧૮

---

૧. દ્રવ્ય  ૨. વધી જાય.  ૩. સોનુ ગાળવાની કુલડી.  ૪. વ્યાધિ; રોગ.
૫. સમાધિ.  ૬. પોતાના હાથમાં અવસર હોય ત્યારે બને છે.

રાઈ માત્ર ઘટવધ નહીં, દેખ્યાં કેવળજ્ઞાન;
યહ નિશ્ચય કર જાનકે, ત્યજીએ પરથમ ધ્યાન. ૧૯

દૂજા કુછભી ન ચિંતીએ, કર્મબંધ બહુ દોષ;
ત્રીજા ચોથા ધ્યાયકે, કરીએ મન સંતોષ. ૨૦

ગઈ વસ્તુ સોચે નહીં, આગમ વાંછા નાંહી;
વર્તમાન વર્તે સદા, સો જ્ઞાની જગ માંહી. ૨૧

અહો ! સમદષ્ટિ આતમા, કરે કુટુંબ પ્રતિપાળ;
અંતર્ગત ન્યારો રહે, (જ્યુ) ધાવ ખિલાવે બાળ. ૨૨

સુખ દુઃખ દોનું વસત હૈ, જ્ઞાની કે ઘટ માંહી;
ગિરિ સર દીસે [1]મુકરમે, ભાર ભીંજવો નાંહી. ૨૩

જો જો પુદ્ગલ ફરસના, નિશ્ચે ફરસે સોય;
મમતા સમતા ભાવ સેં, કરમ બંધ-ક્ષય હોય. ૨૪

બાંધ્યાં સોહી ભોગવે, કર્મ શુભાશુભ ભાવ;
ફલ નિરજરા હોત હૈ, યહ સમાધિ ચિત્ત ચાવ. ૨૫

બાંધ્યાં બિન ભુગતે નહિ, બિન ભુગત્યા ન છુટાય;
આપહી કરતા ભોગતા, આપહી દૂર કરાય. ૨૬

પથ કુપથ ઘટવધ કરી, રોગ હાનિ વૃદ્ધિ થાય;
પુણ્ય પાપ કિરિયા કરી, સુખ દુઃખ જગમેં પાય. ૨૭

સુખ દીધે સુખ હોત હૈ, દુઃખ દીધાં દુઃખ હોય;
આપ હણે નહિ અવરકું, (તો) આપને હણે ન કોય. ૨૮

જ્ઞાન ગરીબી ગુરુવચન, નરમ વચન નિર્દોષ;
ઈનકું કભી ન છાંડિયે, શ્રદ્ધા શીલ સંતોષ. ૨૯

સત મત છોડો હો નરા ! લક્ષ્મી ચૌગુની હોય;
સુખ દુઃખ રેખા કર્મકી, ટાલી ટલે ન કોય. ૩૦

---

૧. અરિસો.

ગોધન ગજધન રતન ધન, કંચન ખાન સુખાન;
જબ આવે સંતોષ ધન, સબ ધન ધૂળ સમાન. ૩૧

શીલ રતન મહોટો રતન, સબ રતનાં કી ખાન;
તીન લોકકી સંપદા, રહી શીલ મેં આન. ૩૨

શીલે સર્પ ન [1]આભડે, શીલે શીતલ આગ;
શીલે અરિ કરિ કેસરી, ભય જાવે સબ ભાગ. ૩૩

શીલ રતન કે પારખું, મીઠા બોલે બૈન;
સબ જગસેં ઊંચા રહે, (જો) નીચાં રાખે નૈંન. ૩૪

તનકર, મનકર, વચનકર, દેત ન કાહુ દુ:ખ;
કર્મ રોગ પાતિક જરે, દેખત વાકા મુખ. ૩૫

## (દોહા)

પાન ખરંતાં ઈમ કહે, સુન તરુવર વનરાય;
અબકે વિછુરે કબ મિલે, દૂર પડેંગે જાય. ૧

તબ તરુવર ઉત્તર દિયો, સુનો પત્ર ઇક બાત;
ઇસ ઘર ઐસી રીત હૈ, એક આવત એક જાત. ૨

વરસ દિનાકી ગાંઠકો, ઉત્સવ ગાય બજાય;
મૂરખ નર સમજે નહીં, વરસ ગાંઠ કો જાય. ૩

## (સોરઠો)

પવન તણો વિશ્વાસ, કિણ કારણ તે દૃઢ કિયો;
ઇનકી એહીં રીત, આવે કે આવે નહીં. ૪

---

૧. આથડે

## ૨૭

## (દોહા)

કરજ બિરાના કાઢકે, ખરચ કિયા બહુ નામ;
જબ મુદત પૂરી હુવે, દેનાં પડશે દામ. ૧

બિનું દિયાં છૂટે નહીં, યહ નિશ્ચય કર માન;
હસ હસ કે ક્યું ખરચીએ, દામ બિરાના જાન. ૨

જીવ હિંસા કરતાં થકાં, લાગે મિષ્ટ અજ્ઞાન;
જ્ઞાની ઇમ જાને સહી, વિષ મિલિયો પકવાન. ૩

કામ ભોગ પ્યારા લગે, ફલ કિંપાક સમાન;
મીઠી ખાજ ખુજાવતાં, પીછે દુઃખકી ખાન. ૪

જપ તપ સંયમ દોહિલો, ઔષધ કડવી જાન;
સુખકારણ પીછે ઘનો, નિશ્ચય પદ નિરવાન. ૫

ડાભ અણી જલબિંદુઓ, સુખ વિષયન કો ચાવ;
ભવસાગર દુઃખ જલ ભર્યો, યહ સંસાર સ્વભાવ. ૬

ચઢ ઉત્તંગ જહાંસે પતન, શિખર નહીં વો કૂપ;
જિસ સુખ અંદર દુઃખ વસે, સો સુખ ભી દુઃખરૂપ. ૭

જબ લગ જિન કે પુણ્ય કા, પહોંચે નહિ કરાર;
તબ લગ ઉસકો માફ હૈ, અવગુન કરે હજાર. ૮

પુણ્ય ખીન જબ હોત હૈ, ઉદય હોત હૈ પાપ;
દાઝે વનકી લાકરી, પ્રજલે આપોઆપ. ૯

પાપ છિપાયાં ના છીપે, છીપે તો મહાભાગ;
દાબી ડૂબી ના રહૈ, રૂઈ લપેટી આગ. ૧૦

બહુ વીતી થોડી રહી, અબ તો [1]સુરત સંભાર;
પરભવ નિશ્ચય ચાલનો, વૃથા જન્મ મત હાર. ૧૧

---

૧. લક્ષ

ચાર કોશ ગ્રામાંતરે, ખરચી બાંધે [૧]લાર;
પરભવ નિશ્ચય જાવણો, કરીએ ધર્મ વિચાર. ૧૨
રજ વિરજ ઊંચી ગઈ, નરમાઈ કે [૨]પાન;
પત્થર ઠોકર ખાત હૈ, કરડાઈ કે [૩]તાન. ૧૩
અવગુન ઉર ધરીએ નહિ, જો હુવે વિરખ બબૂલ;
ગુન લીજે કાલુ કહે, નહિ છાયામેં સૂલ. ૧૪
જૈસી જાપે વસ્તુ હૈ, વૈસી દે દિખલાય;
વાકા બૂરા ના માનીએ, કહાં લેને વો જાય ? ૧૫
ગુરુ કારીગર સારીખા, ટાંકી વચન વિચાર;
પત્થર સે પ્રતિમા કરે, પૂજા લહે અપાર. ૧૬
સંતન કી સેવા કિયા, પ્રભુ રીજત હૈ આપ;
જાકા બાલ ખિલાઈએ, તાકા રીજત બાપ. ૧૭
ભવસાગર સંસારમેં, દિપા શ્રી જિનરાજ;
ઉદ્યમ કરી પ્હોચે તીરે, બેઠી ધર્મ જહાજ. ૧૮
નિજ આતમકું દમનકર, પર આતમકું ચીન;
પરમાતમ કો ભજન કર, સોઈ મત પરવીન. ૧૯
સમજુ શંકે પાપ સેં અણસમજુ હરખંત;
વે લૂખા વે ચીકણાં, ઈણ વિધ કર્મ બંધત. ૨૦
સમજ સાર સંસાર મેં, સમજુ ટાલે દોષ;
સમજ સમજ કરિ જીવહી, ગયા અનંતા મોક્ષ. ૨૧
ઉપશમ વિષય કષાયનો, સંવર તીનું યોગ;
કિરિયા જતન વિવેક સેં મિટે કર્મ દુઃખ રોગ. ૨૨
રોગ મિટે સમતા વધે, સમકિત વ્રત આરાધ;
નિર્વૈરી સબ જીવ સેં, પાવે મુક્તિ સમાધ. ૨૩

ઇતિ ભૂલચૂક મિચ્છા મિ દુક્કડં

૧. સાથે. ૨ નરમાશપણાથી. ૩. તન્મય.

## શ્રી પંચપરમેષ્ઠી ભગવદ્ભ્યો નમઃ

અનંત ચૌવીશી જિન નમું, સિદ્ધ અનંતા ક્રોડ;
વર્તમાન જિનવર સવે, કેવળી દો નવ ક્રોડ;
ગણધરાદિ સબ સાધુજી, સમકિત વ્રત ગુણધાર;
યથાયોગ્ય વંદન કરું, જિન આજ્ઞા અનુસાર.

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વ સાહૂણં

પ્રણમી પદપંકજ ભની, અરિગંજન અરિહંત;
કથન કરું હવે જીવનું, કિંચિત્ મુજ વિરતંત.

(અંજનાની દેશી)

હું અપરાધી અનાદિ કો, જનમ જનમ ગુના કિયા ભરપૂર કે;
લૂંટીઆ પ્રાણ છ કાયના, સેવ્યાં પાપ અઢારાં કરૂર કે.

★★★

(હવે ગદ્ય મૂળ હિંદી ભાષમાં છે, તેનું ગુર્જર ભાષાંતર મૂક્યું છે.)

આજ સુધી આ ભવમાં, પહેલાં સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા ભવમાં કુગુરુ, કુદેવ અને કુધર્મની સદ્દહણા, પ્રરૂપણા, ફરસના સેવનાદિક સંબંધી પાપદોષ લાગ્યા તે સર્વે મિચ્છા મિ દુક્કડં.

અજ્ઞાનપણે, મિથ્યાત્વપણે, અવ્રતપણે, કષાયપણે, અશુભયોગે કરી, પ્રમાદે કરી અપછંદ-અવિનીતપણું મેં કર્યું તે સર્વે મિચ્છા મિ દુક્કડં.

શ્રી અરિહંત ભગવંત વીતરાગ કેવળજ્ઞાની મહારાજની, શ્રી ગણધરદેવની, શ્રી આચાર્યની, શ્રી ધર્માચાર્યની, શ્રી ઉપાધ્યાયની અને શ્રી સાધુ સાધ્વીની, શ્રાવક-શ્રાવિકાની, સમદષ્ટિ-સાધર્મી ઉત્તમ પુરુષોની શાસ્ત્રસૂત્રપાઠની, અર્થ-પરમાર્થની, ધર્મ સંબંધી અને સકલ પદાર્થોની અવિનય, અભક્તિ, અશાતનાદિ કરી, કરાવી, અનુમોદી; મન, વચન અને કાયાએ કરી, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી અને ભાવથી સમ્યક્પ્રકારે વિનય, ભક્તિ, આરાધના, પાલન, સ્પર્શના, સેવનાદિક યથાયોગ્ય અનુક્રમે નહીં કરી, નહીં કરાવી, નહીં અનુમોદી, તેવા મને ધિક્કાર ધિક્કાર; વારંવાર મિચ્છા મિ દુક્કડં. મારી ભૂલચૂક, અવગુણ, અપરાધ સર્વે માફ કરો; ક્ષમા કરો; હું મન, વચન, કાયાએ કરી ખમાવું છું.

(દોહા)

અપરાધી ગુરુદેવ કો, તીન ભુવન કો ચોર;
ઠગું વિરાણા માલ મેં, હા હા કર્મ કઠોર.

કામી કપટી લાલચી, અપછંદા અવિનીત;
અવિવેકી ક્રોધી કઠિન, મહાપાપી ભયભીત.

જે મેં જીવ વિરાધિયા, સેવ્યાં પાપ અઢાર;
નાથ તુમારી સાખસેં, વારંવાર ધિક્કાર.

## પહેલું પ્રાણાતિપાત પાપસ્થાનક :-

છકાયપણે મેં છકાય જીવની વિરાધના કરી; પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇદ્રિય, તેઇદ્રિય, ચૌઇદ્રિય, પંચેદ્રિય, સંજ્ઞી, અસંજ્ઞી, ગર્ભજ, ચૌદે પ્રકારે સંમૂર્છિમ આદિ ત્રસ સ્થાવર જીવોની વિરાધના કરી, કરાવી, અનુમોદી; મન, વચન કાયાએ કરી, ઊઠતાં, બેસતાં, સૂતાં, હાલતાંચાલતાં, શસ્ત્ર, વસ્ત્ર, મકાનાદિક ઉપકરણો ઉઠાવતાં, મૂકતાં, લેતાંદેતાં, વર્તતાં, વર્તાવતાં, અપડિલેહણા, દુપડિલેહણા સંબંધી, અપ્રમાર્જના, દુઃપ્રમાર્જના સંબંધી, અધિકી ઓછી, વિપરીત પૂજના પડિલેહણા સંબંધી આહાર વિહારાદિક નાના પ્રકારનાં ઘણાં ઘણાં કર્તવ્યોમાં સંખ્યાતા, અસંખ્યાતા અને નિગોદ આશ્રયી અનંતા જીવના જેટલા પ્રાણ લૂંટ્યા, તે સર્વ જીવોનો હું પાપી અપરાધી છું. નિશ્ચય કરીબદલાનો દેણદાર છું. સર્વ જીવો મને માફ કરો. મારી ભૂલચૂક, અવગુણ, અપરાધ, સર્વે માફ કરો. દેવસીય, રાઈય, પાક્ષિક, ચૌમાસી અને સાંવત્સરિક સંબંધી વારંવાર મિચ્છા મિ દુક્કડં, વારંવાર ક્ષમાવું છું, તમે સર્વે ક્ષમજો.

खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे ।
मित्ती में सव्व भूएसु, वेरं मजझं न केणई ॥

તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું છએ કાયના જીવોના વૈરબદલાથી નિવૃત્તિ પામીશ, સર્વ ચોરાશી લાખ જીવયોનિને અભયદાન દઈશ, તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

## બીજું મૃષાવાદ પાપસ્થાનક :-

ક્રોધવશે, માનવશે, માયાવશે, લોભવશે, હાસ્યે કરી, ભયવશે ઇત્યાદિક કરી મૃષા વચન બોલ્યો, નિંદા-વિકથા કરી, કર્કશ,

કઠોર, માર્મિક ભાષા બોલી ઈત્યાદિક અનેક પ્રકારે મૃષા-જૂઠું બોલ્યો-બોલાવ્યું, બોલતા પ્રત્યે અનુમોદ્યું તે સર્વ મન-વચન-કાયાએ કરી. મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું સર્વથા પ્રકારે મૃષાવાદનો ત્યાગ કરીશ. તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

## ત્રીજું અદત્તાદાન પાપસ્થાનક :-

અણદીધી વસ્તુ ચોરી કરીને લીધી, વિશ્વાસઘાત કરી થાપણ ઓળવી, પરસ્ત્રી, પરધન હરણ કર્યાં તે મોટી ચોરી લૌકિક વિરુદ્ધની, તથા અલ્પ ચોરી તે ઘર સંબંધી નાના પ્રકારનાં કર્તવ્યોમાં ઉપયોગ સહિતે ને ઉપયોગ રહિતે ચોરી કરી, કરાવી, કરતા પ્રત્યે અનુમોદી, મન-વચન-કાયાએ કરી; તથા ધર્મ સંબંધી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ શ્રી ભગવંત ગુરુદેવોની આજ્ઞા વગર કર્યાં તે મને ધિક્કાર, ધિક્કાર વારંવાર મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું સર્વથા પ્રકારે અદત્તાદાનનો ત્યાગ કરીશ. તે મારો પરમ કલ્યાણમય દિન થશે.

## ચોથું અબ્રહ્મ પાપસ્થાનક :-

મૈથુન સેવવામાં મન, વચન અને કાયાના યોગ પ્રવર્તાવ્યા;નવ વાડ સહિત બ્રહ્મચર્ય પાળ્યું નહિ, નવ વાડમાં અશુદ્ધપણે પ્રવૃત્તિ કરી;પોતે સેવ્યું, બીજા પાસે સેવરાવ્યું, સેવનાર પ્રત્યે ભલું જાણ્યું, તે મન, વચન, કાયાએ કરી મને ધિક્કાર ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું નવ વાડ સહિત બ્રહ્મચર્ય-શીલરત્ન આરાધીશ, સર્વથા પ્રકારે કામવિકારોથી નિર્વતીશ. તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

## પાંચમું પરિગ્રહ પાપસ્થાનક :-

સચિત પરિગ્રહ તે દાસ, દાસી, દ્વિપદ, ચૌપદ આદિ, મણિ, પત્થર આદિ અનેક પ્રકારે છે અને અચિત પરિગ્રહ, સોનુ, રૂપું, વસ્ત્ર, આભરણ આદિ અનેક વસ્તુ છે. તેની મમતા, મૂર્છા, પોતાપણું કર્યું, ક્ષેત્ર ઘર આદિ નવ પ્રકારના બાહ્ય પરિગ્રહ ને ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહને ધાર્યો, ધરાવ્યો, ધરતા પ્રત્યે અનુમોદ્યો; તથા રાત્રિભોજન, અભક્ષ્ય આહારાદિ સંબંધી પાપ દોષ સેવ્યા તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું સર્વથા પ્રકારે પરિગ્રહનો ત્યાગ કરી સંસારના પ્રપંચોથી નિવર્તીશ તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

## છઠ્ઠું ક્રોધ પાપસ્થાનક :-

ક્રોધ કરીને પોતાના આત્માને અને પરના આત્માને તપ્તાયમાન કર્યા, દુઃખિત કર્યા, કષાયી કર્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

## સાતમું માન પાપસ્થાનક :-

માન એટલે અહંભાવ સહિત ત્રણ ગારવ ને આઠ મદ આદિ કર્યા; તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

## આઠમું માયા પાપસ્થાનક :-

સંસાર સંબંધી તથા ધર્મ સંબંધી અનેક કર્તવ્યોમાં કપટ કર્યું, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

## નવમું લોભ પાપસ્થાનક :-

મૂર્છાભાવ કર્યો, આશા, તૃષ્ણા, વાંચ્છાદિ કર્યા તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

## દશમું રાગ પાપસ્થાનક :-

મનગમતી વસ્તુઓમાં સ્નેહ કીધો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

## અગિયારમું દ્વેષ પાપસ્થાનક :-

અણગમતી વસ્તુ જોઈ દ્વેષ કર્યો તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

## બારમું કલહ પાપસ્થાનક :-

અપ્રશસ્ત વચન બોલી કલેશ ઉપજાવ્યો તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

## તેરમું અભ્યાખ્યાન પાપસ્થાનક :-

અછતાં આળ દીધાં તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

## ચૌદમું પૈશન્ય પાપસ્થાનક :-

પરની ચુગલી, ચાડી કરી તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

## પંદરમું પરપરિવાદ પાપસ્થાનક :-

બીજાના અવગુણ, અવર્ણવાદ બોલ્યો, બોલાવ્યા, અનુમોદ્યા તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

### સોળમું રતિઅરતિ પાપસ્થાનક :-

પાંચ ઇંદ્રિયના ૨૩ વિષયો, ૨૪૦ વિકારો છે તેમાં મનગમતામાં રાગ કર્યો, અણગમતામાં દ્વેષ કર્યો, સંયમ તપ આદિમાં અરતિ કરી, કરાવી, અનુમોદી તથા આરંભાદિ અસંયમ, પ્રમાદમાં રતિભાવ કર્યો, કરાવ્યો, અનુમોદ્યો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

### સત્તરમું માયામૃષાવાદ પાપસ્થાનક :-

કપટ સહિત જૂઠું બોલ્યો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

### અઢારમું મિથ્યાદર્શનશલ્ય પાપસ્થાનક :-

શ્રી જિનેશ્વર દેવના માર્ગમાં શંકા, કાંક્ષાદિક વિપરીત પ્રરૂપણા કરી, કરાવી, અનુમોદી તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

એવં અઢાર પાપસ્થાનક તે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, જાણતાં-અજાણતાં મન, વચન, કાયાએ કરી સેવ્યાં, સેવરાવ્યા, અનુમોદ્યા; અર્થે, અનર્થે, ધર્મ અર્થે, કામવશે, મોહવશે, સ્વવશે, પરવશે કર્યાં; દિવસે, રાત્રે, એકલા કે સમૂહમાં સૂતાં વા જાગતા, આ ભવમાં પહેલાં સંખ્યાતા, અસંખ્યાતા, અનંત ભવોમાં પરિભ્રમણ કરતાં આજ દિન અદ્યક્ષણ પર્યંત રાગ-દ્વેષ, વિષય-કષાય, આળસ પ્રમાદાદિક પૌદ્ગલિક પ્રપંચ, પરગુણપર્યાયને પોતાના આનવારૂપ વિકલ્પે કરી ભૂલ કરી, જ્ઞાનની વિરાધના કરી, દર્શનની વિરાધના કરી, ચારિત્રની વિરાધના કરી, દેશચારિત્રની વિરાધના કરી, તપની વિરાધના કરી, શુદ્ધ શ્રદ્ધાશીલ; સંતોષ, ક્ષમાદિક નિજસ્વરૂપની વિરાધના કરી; ઉપશમ, વિવેક, સંવર સામાયિક, પોસધ, પ્રતિક્રમણ,

ધ્યાન, મૌનાદિ નિયમ, વ્રત પચ્ચક્ખાણ, દાન, શીલ તપાદિની વિરાધના કરી; પરમ કલ્યાણકારી આ બોલોની આરાધના, પાલના આદિક મન, વચન અને કાયાએ કરી નહિ, કરાવી નહિ, અનુમોદી નહિ, તે મને ધિક્કાર, ધિકકર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

છએ આવશ્યક, સમ્યક્ પ્રકારે વિધિ-ઉપયોગ સહિત આરાધ્યા નહિ, પાળ્યા નહિ, સ્પર્શ્યા નહિ, વિધિ-ઉપયોગ રહિત-નિરાદરપણે કર્યા, પરંતુ આદર-સત્કાર, ભાવ-ભક્તિ સહિત નહિ કર્યા; જ્ઞાનના ચૌદ, સમકિતના પાંચ, બાર વ્રતના સાઠ, કર્માદાનના પંદર, સંલેખનાના પાંચ, એવં નવ્વાણું અતિચારમાં તથા ૧૨૪ અતિચાર મધ્યે તથા સાધુના ૧૨૫ અતિચાર મધ્યે તથા બાવન અનાચરણના શ્રદ્ધાદિકમાં વિરાધનાદિ જે કોઈ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચારાદિ સેવ્યા, સેવરાવ્યા અનુમોદ્યા, જાણતાં, અજાણતાં, મન, વચન, કાયાએ કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

મેં જીવને અજીવ સદ્દહ્યા પ્રરૂપ્યા; અજીવને જીવ સદ્દહ્યા, પ્રરૂપ્યા; ધર્મને અધર્મ અને અધર્મને ધર્મ સદ્દહ્યા, પ્રરૂપ્યા તથા ઉત્તમ પુરુષ, સાધુ, મુનિરાજ, સાધ્વીજીની સેવા-ભક્તિ યથાવિધિ માનતાદિ નહિ કરી, નહિ કરાવી, નહિ અનુમોદી; તથા અસાધુઓની સેવા-ભક્તિ આદિ માનતા, પક્ષ કર્યો; મુક્તિના માર્ગમાં સંસારનો માર્ગ યાવત્ પચીસ મિથ્યાત્વમાંનાં મિથ્યાત્વ સેવ્યાં, સેવરાવ્યાં, અનુમોદ્યા, મને કરી, વચને કરી કાયાએ કરી; પચીસ કષાય સંબંધી, પચીસ ક્રિયા સંબંધી, તેત્રીશ અશાતના સંબંધી, ધ્યાનના ઓગણીશ દોષ, વંદનાના બત્રીસ દોષ, સામાયિકના બત્રીસ દોષ અને પોષધના અઢાર દોષ સંબંધી મને, વચને, કાયાએ કરી જે કાંઈ પાપ દોષ લાગ્યા, લગાવ્યા, અનુમોદ્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

મહામોહનીય કર્મબંધનાં ત્રીસ સ્થાનકને મન, વચન, કાયાએ કરી સેવ્યાં, સેવરાવ્યાં, અનુમોદ્યાં, શીલની નવ વાડ, આઠ પ્રવચન માતાની વિરાધનાદિક તથા શ્રાવકના એકવીસ ગુણ અને બાર વ્રતની વિરાધનાદિ મન, વચન અને કાયાએ કરી, કરાવી, અનુમોદી તથા ત્રણ અશુભ લેશ્યાનાં લક્ષણોની અને બોલોની સેવના કરી એ ત્રણ શુભ લેશ્યાનાં લક્ષણોની અને બોલોની વિરાધના કરી, ચર્ચા, વાર્તા, વ્યાખ્યાનમાં શ્રી જિનેશ્વરદેવનો માર્ગ લોપ્યો; ગોપાવ્યો, નહિ માન્યો, અછતાની સ્થાપના કરી-પ્રવર્તાવ્યો, છતાની સ્થાપના કરી નહિ અને અછતાની નિષેધના કરી નહિ, છતાની સ્થાપના ને અછતાને નિષેધ કરવાનો નિયમ કર્યો નહિ, કલુષતા કરી તથા છ પ્રકારે જ્ઞાનાવરણીય બંધના બોલ તેમજ છ પ્રકારના દર્શનાવરણીય બંધના બોલ યાવત્ આઠ કર્મની અશુભ પ્રકૃતિ બંધના પંચાવન કારણે કરી બ્યાસી પ્રકૃતિ પાપોની બાંધી-બંધાવી-અનુમોદી, મને કરી વચને કરી, કાયાએ કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

એક-એક બોલથી માંડી કોડાકોડી યાવત્ સંખ્યાત, અસંખ્યાત, અનંતાનંત બોલ પર્યંત મેં જાણવા યોગ્ય બોલને સમ્યક્ પ્રકારે જાણ્યા નહિ, સદ્દહ્યા-પ્રરૂપ્યા નહિ તથા વિપરીતપણે શ્રદ્ધાન આદિ કરી કરાવી, અનુમોદી, મન, વચન, કાયાએ કરી તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. એક-એક બોલથી માંડી યાવત્ અનંતા બોલમાં છોડવા યોગ્ય બોલને છાંડ્યા નહિ અને તે મન, વચન, કાયાએ કરી સેવ્યા, સેવરાવ્યા, અનુમોદ્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

એક-એક બોલથી માંડી યાવત્ અનંતાનંત બોલમાં આદરવા યોગ્ય બોલ આદર્યા નહિ, આરાધ્યા-પાળ્યા-સ્પર્શ્યા નહિ, વિરાધના ખંડનાદિક કરી, કરાવી, અનુમોદી, મન, વચન, કાયાએ કરી તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

હે જિનેશ્વર વીતરાગ ! આપની આજ્ઞા આરાધવામાં જે જે પ્રમાદ કર્યો, સમ્યક્ પ્રકારે ઉદ્યમ નહિ કર્યો, નહિ કરાવ્યો, નહિ અનુમોદ્યો, મન, વચન, કાયાએ કરી અથવા અનાજ્ઞા વિષે ઉદ્યમ કર્યો કરાવ્યો, અનુમોદ્યો, એક અક્ષરના અનંતમાં ભાગ માત્ર-કોઈ સ્વપ્નમાત્રમાં પણ આપની આજ્ઞાથી ન્યૂન-અધિક, વિપરીતપણે પ્રવર્ત્યો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું આપની આજ્ઞામાં સર્વથા પ્રકારે સમ્યક્પણે પ્રવર્તીશ.

★★★

## (દોહા)

શ્રદ્ધા અશુદ્ધ પ્રરૂપણા, કરી ફરસના સોય;
અનજાને પક્ષપાત મેં, મિચ્છા દુક્કડ મોય.
સૂત્ર અર્થ જાનું નહિ, અલ્પબુદ્ધિ અનજાન;
જિનભાષિત સબ શાસ્ત્ર કા, અર્થ પાઠ પરમાન.
દેવગુરુ ધર્મ સૂત્રકું, નવ તત્ત્વાદિક જોય;
અધિકા ઓછા જે કહ્યા, મિચ્છા દુક્કડ મોય.
હું મગસેલીઓ હો રહ્યો, નહીં જ્ઞાન રસભીજે;
ગુરુસેવા ન કરી શકું, કિમ મુજ કારજ સીઝે.
જાને દેખે જે સુને, દેવે સેવે મોય;
અપરાધી ઉન સબન કો, બદલા દેશું સોય.
જૈન ધર્મ શુદ્ધ પાયકે, વરતું વિષય કષાય;
એહ અચંબા હો રહ્યા, જલ મેં લાગી લાય.
એક કનક અરુ કામિની, દો મોટી તરવાર;
ઊઠ્યૌ થો જિન ભજનકું, બિચ મેં લિયો માર.

## (સવૈયા)

સંસાર છાર તજી ફરી, છારનો વેપાર કરું;
પ્હેલાનો લાગેલો કીચ, ધોઈ કીચ બીચ કરું;
તેમ મહાપાપી હું તો, માનું સુખ વિષયથી,
કરી છે ફકીરી એવી, અમીરીના આશયથી.

## (દોહા)

ત્યાગ ન કર સંગ્રહ કરું, વિષય વચન, જિમ આહાર;
તુલસી એ મુજ પતિતકું, વારંવાર ધિક્કાર.

કામી કપટી લાલચી, કઠણ લોહકો દામ;
તુમ પારસ પરસંગથી, સુવરન થાશું સ્વામ.

જપ તપ સંવર હીન હું, વળી હું સમતા હીન;
કરુણાનિધિ કૃપાળ હે! શરણ રાખ હું દીન.

નહિ વિદ્યા નહિ વચન બળ, નહિ ધીરજ ગુણ જ્ઞાન;
તુલસીદાસ ગરીબ કી, પત રાખો ભગવાન.

આઠ કર્મ પ્રબળ કરી, ભમીઓ જીવ અનાદિ;
આઠ કર્મ છેદન કરી, પાવે મુક્તિ સમાધિ.

સુસા જૈસેં અવિવેક હું, આંખ મીંચ અંધિયાર;
મકડી જાલ બિછાયકે, ફસું આપ ધિક્કાર.

સબભક્ષી જિમ અગ્નિ હું, તપીઓ વિષય કષાય;
અવછંદા અવિનીત મેં, ધર્મી ઠગ દુ:ખદાય.

કહા ભયો ઘર છાંડકે, તજ્યો ન માયા સંગ;
નાગ ત્યજી જિમ કાંચલી, વિષ નહીં તજીયો અંગ.

પુત્ર કુપાત્ર જ મેં હુઓ, અવગુણ ભર્યો અનંત;
યાહિત વૃદ્ધ વિચારકે, માફ કરો ભગવંત.

શાસનપતિ વર્દ્ધમાનજી, તુમ લગ મેરી દોડ;
જૈસે સમુદ્ર જહાજ વિણ, સૂજત ઔર ન ઠોર.

ભવભ્રમણ સંસાર દુ:ખ, તાકા વાર ન પાર;
નિર્લોભી સદ્‌ગુરુ બિના, કવણ ઉતારે પાર.

શ્રી પંચપરમેષ્ઠી ભગવંત ગુરુદેવ મહારાજ આપની સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર, તપ, સંયમ, સંવર, નિર્જરા આદિ મુક્તિમાર્ગ યથાશક્તિએ શુદ્ધ ઉપયોગ સહિત આરાધન પાલન સ્પર્શન કરવાની આજ્ઞા છે, વારંવાર શુભ ઉપયોગ સંબંધી સજ્ઝાય, ધ્યાનાદિક અભિગ્રહ-નિયમ પચ્ચખાણાદિ કરવા, કરાવવાની સમિતિ-ગુપ્તિ આદિ સર્વ પ્રકારે આજ્ઞા છે.

નિશ્ચ ચિત્ત શુદ્ધ મુખ, પઢત, તીન યોગ થિર થાય;
દુર્લભ દિસે કાયરા, હલુ કર્મી ચિત ભાય.
અક્ષર પદ હીણો અધિક, ભૂલચૂક કહી હોય;
અરિહા સિદ્ધ નિજ સાખસેં, મિચ્છા દુક્કડ મોય.

ભૂલચૂક મિચ્છા મિ દુક્કડં

બૃહદ્ આલોચના સમાપ્ત

★★★

# પ્રાર્થના

## અશુદ્ધાત્મા શુદ્ધાત્માને અરજ કરે છે.

હે પરમેશ્વર ! શુદ્ધાત્મા ! મારા હૃદયને દયાથી ભરપૂર કર. હે સત્ય ! મારા હૃદયમાં આવ.

હે શીલના સ્વામી ! મને કુશીલથી બચાવ. મને સંતોષથી ભરપૂર કર કે હું પરવસ્તુ પર નજર ન કરું. જે જેને ભોગવવાને તેં આપ્યું તે હું ના ચાહું.

તું નિષ્પાપ, પૂર્ણ પવિત્ર છે. તારી પવિત્રતા મારામાં ભર. મને પાપરહિત કર. જ્ઞાન, ધૈર્ય, શાંતિ અને નિર્ભયતા મને આપ. તારાં પવિત્ર વચનથી મારાં પાપ ધો.

હે આનંદ ! મને આનંદથી ભરપૂર કર, મને તારી તરફ ખેંચ.

હે દેવ ! મેં તારી આજ્ઞા તોડી છે, તો મારો હવે શું હવાલ થશે ?

હું પાપમાં બૂડી રહ્યો છું. હું દર સમય પાપના કામમાં જ હર્ષ માની રહ્યો છું. તારી કૃપાદાનનું તેડું મારી તરફ આવ્યું કે તું મને પોતા તરફ બોલાવે છે. તારી પવિત્રતા દર વખતે ચેતાવે છે કે આ પાપમાં તું ના પેસ. માટે હવે હું તારી પવિત્રતાનું સન્માન કરું. મને પવિત્ર આત્માથી ભરપૂર કર.

તારી સર્વ આજ્ઞા પાળવાની બુદ્ધિ તથા શક્તિ મને આપ. મોહ શત્રુના કબજામાંથી મને છોડાવ. હું બાળક છું, માટે દર સમય મને બચાવ, પડવા ન દે. મને તારામાં રાખ; તું મારામાં રહે, જે તારી કૃપા નજર થઈ તે પૂરી કર.

તારા સિવાય કોઈ દાતા નથી. તારી આજ્ઞાના બગીચામાંથી

મને બહાર ના મૂક. તારી શાંતિના સમુદ્રમાં મને ઝીલાવ. તારો સર્વે મહિમા મને દેખાડ.

તું આનંદ છે, તું પ્રેમ છે, તું દયા છે, તું સત્ય છે. તું સ્થિર છે, તું અચળ છે, તું નિર્ભય છે, તું એક શુદ્ધ નિત્ય છે, તું અબાધિત છે, તારા અનંત અક્ષય ગુણથી મને ભરપૂર કર.

દૈહિક કામનાથી અને વિષયની ભીખથી મારા દિલને વાર. કષાયની તૃપ્તિથી બચાવ. મારા સર્વે વિઘ્ન દૂર કર, કે સ્થિરતા અને આનંદથી હું તારી સિદ્ધિને અનુભવું.

મારી સર્વે શુભેચ્છા તારા વચનપસાયથી પૂર. સાચા માર્ગ બતાવનાર ગુરુના પસાયથી પૂર. મને જૂઠા હઠવાદથી અને જૂઠા ધર્મથી છોડાવ. કુગુરુના ફંદથી બચાવ.

તારા પસાયથી મન, વચન ને શરીર આદિ જે શક્તિ હું પામ્યો છું તે સર્વે શક્તિ હું ખોટા વા પાપના કામમાં ન વાપરુ. અને ફોગટ વખત ન ગુમાવું એ બુદ્ધિ આપ.

તારા પસાયથી હું સર્વેને સુખનું કારણ થાઉં, કોઈને દુ:ખનું કારણ ન થાઉં માટે મને સત્ય અને દયાથી ભરપૂર કર. અને જે મને યોગ્ય હોય તે આપ. ખોટા મનોરથ અને વ્યર્થ વિચારથી, હંમેશા બચાવ.

ૐ શાંતિ

★★★

# પરમાર્થ પ્રતિક્રમણ

# શ્રી અમિત ગતિ આચાર્ય કૃત

## સામાયિક પાઠ

સૌ પ્રાણી આ સંસારના, સન્મિત્ર મુજ વહાલાં થજો,
સદ્‌ગુણમાં આનંદ માનું, મિત્ર કે વેરી હજો;
દુઃખિયા પ્રતિ કરુણા અને, દુશ્મન પ્રતિ મધ્યસ્થતા,
શુભ ભાવના પ્રભુ ચાર આ, પામો હૃદયમાં સ્થિરતા.

અતિ જ્ઞાનવંત અનંત શક્તિ, દોષહીન આ આત્મ છે,
એ મ્યાનથી તરવાર પેઠે, શરીરથી વિભિન્ન છે;
હું શરીરથી જુદો ગણું, એ જ્ઞાનબળ મુજને મળો,
ને ભીષણ જે અજ્ઞાન મારું, નાથ ! તે સત્વર ટળો.

સુખદુઃખમાં અરિમિત્રમાં, સંયોગ કે વિયોગમાં,
રખડું વને વા રાજભુવને, રાચતો સુખ ભોગમાં;
મમ સર્વ કાળે સર્વ જીવમાં, આત્મવત્ બુદ્ધિ બધી,
તું આપજે મુજ મોહ કાપી, આ દશા કરુણાનિધિ !

તુજ ચરણકમળનો દીવડો, રૂડો હૃદયમાં રાખજો,
અજ્ઞાનમય અંધકારના, આવાસને તમે બાળજો;
તદ્રૂપ થઈ એ દીવડો, હું સ્થિર થઈ ચિત્ત બાંધતો,
તુજ ચરણયુગ્મની રજમહીં, હું પ્રેમથી નિત્ય ડૂબતો.

પ્રમાદથી પ્રયાણ કરીને, વિચરતાં પ્રભુ ! અહીં તહીં,
એકેન્દ્રિયાદિ જીવને, હણતાં કદી ડરતો નહીં;
છેદી વિભેદી દુઃખ દઈ મેં ત્રાસ આપ્યો તેમને,
કરજો ક્ષમા મુજ કર્મ હિંસક, નાથ ! વીનવું આપને.

કષાયને પરવશ થઈબહુ, વિષય સુખ મેં ભોગવ્યા,
ચારિત્રના જે ભંગ વિભુ, મુક્તિ પ્રતિકુળ થઈ ગયા;
કુબુદ્ધિથી અનિષ્ટ કિંચિત્, આચરણ મેં આદર્યું,
જોકર ક્ષમા સૌ પાપ તે, મુજ રંકનું જે જે થયું.

હવે સકળ વ્યાવહારિક ચારિત્રથી અને તેના ફળની પ્રાપ્તિથી પ્રતિપક્ષ એવું શુદ્ધ નિશ્ચયરૂપ પરમ ચારિત્ર તેનું પ્રતિપાદિત કરનારો ''પરમાર્થ પ્રતિક્રમણ''નું સ્વરૂપ કહેવામાં આવે છે.

ૐ

## પરમાર્થ પ્રતિક્રમણ

**તજી આર્ત તેમ જ રૌદ્રને, ધ્યાવે ધરમને, શુક્લને,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે, જિનવરકથિત સૂત્રો વિષે.**

પ્રતિક્રમણ છે તે અપરાધને દૂર કરનારા હોવાથી અમૃતકુંભ છે. વ્યવહારાચારસૂત્રમાં (વ્યવહારને કહેનારા આચારસૂત્રમાં) પણ કહ્યું છે કે :-

अप्पडिकमणमप्पडिसरणं अप्पडिहारो अधारणा चेव ।
अणियत्ती य अणिंदागरहासोही य विसकुम्भो ॥ १ ॥

पडिकमणं पडिसरणं परिहारो धारणा णियंत्ती य ।
णिंदा गरहा सोही अट्ठविहो अमयकुम्भो दु ॥ २ ॥

અર્થ : અપ્રતિક્રમણ, અપ્રતિસરણ, અપરિહાર, અધારણા, અનિવૃત્તિ, અનિંદા, અગર્હા અને અશુદ્ધિ -એ (આઠ પ્રકારના) વિષકુંભ અર્થાત્ ઝેરનો ઘડો છે. ॥ ૧ ॥

પ્રતિક્રમણ, પ્રતિસરણ, પરિહાર, ધારણા, નિવૃત્તિ, નિંદા, ગર્હા અને શુદ્ધિ -એ આઠ પ્રકારનો અમૃતકુંભ છે. ॥ ૨ ॥

ૐ

રચના વચનની છોડીને, રાગાદિભાવ નિવારીને
જે જીવ ધ્યાવે આત્મને, તે જીવને પ્રતિક્રમણ છે. ૧

છોડી સમસ્ત વિરાધના, આરાધનામાં જે રહે,
તે પ્રતિક્રમણ કહેવાય છે, પ્રતિક્રમણમય કારણે. ૨

જે છોડી અણ આચારને, આચારમાં સ્થિરતા કરે,
તે પ્રતિક્રમણ કહેવાય છે, પ્રતિક્રમણમયતા કારણે. ૩

પરિત્યાગી જે ઉન્માર્ગને, જિનમાર્ગમાં સ્થિરતા કરે,
તે પ્રતિક્રમણ કહેવાય છે, પ્રતિક્રમણમયતા કારણે. ૪

પ્રતિક્રમણ નામક સૂત્રમાં, જેમ વર્ણવ્યું પ્રતિક્રમણને,
ત્યમ જાણી ભાવે ભાવના, તેને તદા પ્રતિક્રમણ છે. ૫

આમ જે પરમગુરુ ચરણોના સ્મરણમાં આસક્ત જેનું ચિત્ત છે તેને ત્યારે (- તે કાળે) પ્રતિક્રમણ છે.

ૐ

સમકિતનું સાચું સ્વરૂપ ભગવાને કેવું કહ્યું છે, તે હવે કહેવામાં આવે છે. તે સમજીને સાચી શ્રદ્ધા કરવી. પ્રથમ મુખ્ય તત્ત્વો જે જીવ અને અજીવ તેમનું સ્વરૂપ.

**જીવ ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત, સ્વસમય નિશ્ચય જાણવો;**
**સ્થિત કર્મપુદ્‌ગલના પ્રદેશે, પરસમય જીવ જાણવો. ૨**

અર્થ : હે ભવ્ય ! જે જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે તેને નિશ્ચયથી સ્વસમય જાણ; અને જે જીવ પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થયેલ છે તેને પરસમય જાણ.

**વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧**

અર્થ : વ્યવહારનય અભૂતાર્થ છે અને શુદ્ધનય ભૂતાર્થ છે-એમ ૠષીશ્વરોએ દર્શાવ્યું છે; જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ છે.

**ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ ને**
**આસ્રવ, સઁવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્‌ત્વ છે. ૧૩**

અર્થ : ભૂતાર્થનયથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ તથા આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ તત્ત્વ સમ્યક્‌ત્વ છે.

**અબદ્ધસ્પૃષ્ટ અનન્યને જે, નિયત દેખે આત્મને,**
**અવિશેષ, અણસંયુક્ત તેને, શુદ્ધનય તું જાણજે. ૧૪**

અર્થ : જે નય આત્માને બંધ રહિત ને પરના સ્પર્શ રહિત, અન્યપણા રહિત, ચળાચળતા રહિત, વિશેષ રહિત, અન્યના સંયોગ રહિત-એવા પંચ ભાવરૂપ દેખે છે તેને હે શિષ્ય તું શુદ્ધનય જાણ.

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય જે, અવિશેષ દેખે આત્મને,**
**તે દ્રવ્ય તેમ જ ભાવ જિનશાસન સકલ દેખે ખરે. ૧૫**

અર્થ : જે પુરુષ આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, અવિશેષ (તથા ઉપલક્ષણથી નિયત અને અસંયુક્ત દેખે છે કે જે જિનશાસન બાહ્ય દ્રવ્યશ્રુત, તેમ જ જ્ઞાન ભાવશ્રુતવાળું છે.

**સૌ ભાવને પર જાણીને પચ્ચખાણ ભાવોનું કરે,**
**તેથી નિયમથી જાણવું કે જ્ઞાન પ્રત્યાખ્યાન છે. ૩૪**

અર્થ : જેથી 'પોતાના સિવાય સર્વ પદાર્થો પર છે' એમ જાણીને પ્રત્યાખ્યાન કરે છે-ત્યાગે છે, તેથી પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે, એમ નિયમથી જાણવું. પોતાના જ્ઞાનમાં ત્યાગરૂપ અવસ્થા તે જ પ્રત્યાખ્યાન છે, બીજું કાંઈ નથી.

**હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાનદર્શનમય ખરે,**
**કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે ! ૩૮**

અર્થ : દર્શનજ્ઞાનચારિત્રરૂપ પરિણમેલો આત્મા એમ જાણે છે કે; નિશ્ચયથી હું એક છું, શુદ્ધ છું, દર્શનજ્ઞાનમય છું, સદા અરૂપી છું; પણ અન્ય પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારું નથી એ નિશ્ચય છે.

**વર્ણાદિ ગુણસ્થાનાંત ભાવો જીવના વ્યવહારથી,**
**પણ કોઈ એ ભાવો નથી આત્માતણા નિશ્ચય થકી. ૫૬**

અર્થ : આ વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત ભાવો કહેવામાં આવ્યા તે વ્યવહારનયથી તો જીવના છે. (માટે સૂત્રમાં કહ્યા છે). પરંતુ નિશ્ચયનયના મતમાં તેમના-માંના કોઈ પણ જીવના નથી.

જીવ પરનો કર્તા નથી પણ પોતાના ભાવનો કર્તા છે એ બતાવનારું સ્વરૂપ :-

**જીવ કર્મગુણ કરતો નથી નહિ જીવગુણ કર્મો કરે;**
**અન્યોન્યના નિમિત્તથી પરિણામ બેઉતણાં બને. ૮૧**

**એ કારણે આત્મા ઠરે, કર્તા ખરે નિજ ભાવથી;**
**પુદ્‌ગલકરમકૃત સર્વ ભાવોનો કદી કર્તા નથી. ૮૨**

અર્થ : જીવ કર્મોના ગુણોને કરતો નથી તેમ જ કર્મ જીવના ગુણોને કરતું નથી. પરંતુ પરસ્પર નિમિત્તથી બન્નેના પરિણામ જાણો. આ કારણે આત્મા પોતાના જ ભાવથી કર્તા (કહેવામાં આવે) છે પરંતુ પુદ્‌ગલકર્મથી કરવામાં આવેલ સર્વ ભાવોનો કર્તા નથી.

**આત્મા કરે નિજને જ એ મંતવ્ય નિશ્ચયનય તણું;**
**વળી ભોગવે નિજને જ આત્મા એમ નિશ્ચય જાણવું. ૮૩**

અર્થ : નિશ્ચયનયનો એમ મત છે કે આત્મા પોતાને જ કરે છે અને વળી આત્મા પોતાને જ ભોગવે છે એમ હે શિષ્ય! તું જાણ.

**છે મોહયુક્ત ઉપયોગના, પરિણામ ત્રણ અનાદિના,**
**મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ એ ત્રણ જાણવા. ૮૯**

અર્થ : અનાદિથી મોહયુક્ત હોવાથી ઉપયોગના અનાદિથી માંડીને ત્રણ પરિણામ છે. તે મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતભાવ (એ ત્રણ) જાણવા.

**એનાથી છે ઉપયોગ ત્રણવિધ, શુદ્ધ નિર્મળ ભાવ જે;**
**જે ભાવ કંઈ પણ તે કરે, તે ભાવનો કર્તા બને. ૯૦**

અર્થ : અનાદિથી ત્રણ પ્રકારના પરિણામ વિકારો હોવાથી આત્માનો ઉપયોગ જો કે (શુદ્ધનયથી) તે શુદ્ધ, નિરંજન (એક) ભાવ છે તો પણ - ત્રણ પ્રકારનો થયો થકો તે ઉપયોગ જે (વિકારી) ભાવને પોતે કરે છે તે ભાવનો કર્તા થાય છે.

જે ભાવ જીવ કરે અરે ! જીવ તેહનો કર્તા બને;
કર્તા થતાં, પુદ્ગલ સ્વયં, ત્યાં કર્મરૂપે પરિણમે. ૯૧

અર્થ : આત્મા જે ભાવને કરે છે તે ભાવનો તે કર્તા થાય છે. તે કર્તા થતાં પુદ્ગલદ્રવ્ય પોતાની મેળે કર્મપણે પરિણમે છે.

પરદ્રવ્યને જીવ જો કરે તો જરૂર તન્મય તે બને,
પણ તે નથી તન્મય અરે ! તેથી નહિ કર્તા ઠરે. ૯૯

અર્થ : જો આત્મા પરદ્રવ્યોને કરે તો તે નિયમથી તન્મય અર્થાત્ પરદ્રવ્યમય થઈ જાય, પરંતુ તન્મય નથી તેથી તે તેમનો કર્તા નથી.

જે ભાવ જીવ કરે શુભાશુભ તેહનો કર્તા ખરે,
તેનું બને તે કર્મ, આત્મા તેહનો વેદક બને. ૧૦૨

અર્થ : આત્મા જે શુભ કે અશુભ (પોતાના) ભાવને કરે છે તે ભાવનો તે ખરેખર કર્તા થાય છે, તે, (ભાવ) તેનું કર્મ થાય છે અને તે આત્મા તેનો(તે ભાવરૂપ કર્મનો) ભોક્તા થાય છે.

જે દ્રવ્ય જે ગુણ-દ્રવ્યમાં, નહિ અન્ય દ્રવ્યે સંક્રમે;
અણસંક્રમ્યું તે કેમ અન્ય પરિણમાવે દ્રવ્યને ? ૧૦૩

અર્થ : જે વસ્તુ (અર્થાત્ દ્રવ્ય) જે દ્રવ્યમાં અને ગુણમાં વર્તે છે તે અન્ય દ્રવ્યમાં તથા ગુણમાં સંક્રમણ પામતી નથી. અન્યરૂપે સંક્રમણ નહિ પામી થકી તે (વસ્તુ), અન્ય વસ્તુને કેમ પરિણમાવી શકે ?

જે ભાવને આત્મા કરે, કર્તા બને તે કર્મનો;
તે જ્ઞાનમય છે જ્ઞાનીનો, અજ્ઞાનમય અજ્ઞાનીનો. ૧૨૬

અર્થ : આત્મા જે ભાવને કરે છે તે ભાવરૂપ કર્મનો તે કર્તા

થાય છે; જ્ઞાનીને તો તે ભાવ જ્ઞાનમય છે અને અજ્ઞાનીને અજ્ઞાનમય છે.

**વળી જ્ઞાનમય કો ભાવમાંથી, જ્ઞાનભાવ જ ઉપજે,**
**તે કારણે જ્ઞાનીતણા સૌ ભાવ જ્ઞાનમયી ખરે. ૧૨૮**

**અજ્ઞાનમય કો ભાવથી, અજ્ઞાન ભાવ જ ઉપજે,**
**તે કારણે અજ્ઞાનીના, અજ્ઞાનમય ભાવો બને. ૧૨૯**

અર્થ : કારણ કે જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય ભાવ જ ઉત્પન્ન થાય છે તેથી જ્ઞાનીના સર્વ ભાવો ખરેખર જ્ઞાનમય જ હોય છે, કારણ કે અજ્ઞાનમય ભાવમાંથી અજ્ઞાનમય જ ભાવ ઉત્પન્ન થાય છે તેથી અજ્ઞાનીના ભાવો અજ્ઞાનમય જ હોય છે.

**જ્યમ કનકમય કો ભાવમાંથી કુંડલાદિક ઉપજે,**
**પણ લોહમય કો ભાવથી કટકાદિ ભાવો નીપજે. ૧૩૦**

**ત્યમ ભાવ બહુવિધ ઉપજે, અજ્ઞાનમય અજ્ઞાનીને,**
**પણ જ્ઞાનીને તો સર્વ ભાવો જ્ઞાનમય એમ જ બને. ૧૩૧**

અર્થ : જેમ સુવર્ણમય ભાવમાંથી સુવર્ણમય કુંડળ વગેરે ભાવો થાય છે અને લોહમય ભાવમાંથી લોહમય કડાં વગેરે ભાવો થાય છે, તેમ અજ્ઞાનીને (અજ્ઞાનમય ભાવમાંથી) અનેક પ્રકારનાં અજ્ઞાનમય ભાવો થાય છે એમ જ્ઞાનીને (જ્ઞાનમય ભાવમાંથી) સર્વ જ્ઞાનમય ભાવો થાય છે.

★★★

## પુણ્ય અને પાપનું સ્વરૂપ

**છે કર્મ અશુભ કુશીલ ને, જાણો સુશીલ શુભકર્મને !**
**તે કેમ હોય સુશીલ જે, સંસારમાં દાખલ કરે ? ૧૪૫**

અર્થ : અશુભ કર્મ કુશીલ છે (ખરાબ છે) અને શુભ કર્મ સુશીલ છે (સારું છે) એમ તમે જાણો છો ! તે સુશીલ કેમ હોય કે જે (જીવને) સંસારમાં પ્રવેશ કરાવે છે ?

**જ્યમ લોહનું ત્યમ કનકનું, જંજીર જકડે પુરુષને,**
**એવી રીતે શુભ કે અશુભ કૃત, કર્મ બાંધે જીવને. ૧૪૬**

અર્થ : જેમ સુવર્ણની બેડી પણ પુરુષને બાંધે છે અને લોખંડની પણ બાંધે છે, તેવી રીતે શુભ તેમ જ અશુભ કરેલું કર્મ જીવને (અવિશેષપણે) બાંધે છે.

**પરમાર્થમાં અણસ્થિત જે તપને કરે, વ્રતને ધરે,**
**સઘળુંય તે તપ બાળ ને વ્રત બાળ સર્વજ્ઞો કહે. ૧૫૨**

અર્થ : પરમાર્થમાં અસ્થિત એવો જે જીવ તપ કરે છે તથા વ્રત ધારણ કરે છે, તેના તે સર્વ તપ અને વ્રતને સર્વજ્ઞો બાળતપ અને બાળવ્રત કહે છે.

**વ્રતનિયમને ધારે ભલે, તપશીલને પણ આચરે,**
**પરમાર્થથી જે બાહ્ય તે નિર્વાણપ્રાપ્તિ નહિ કરે. ૧૫૩**

અર્થ : વ્રત અને નિયમો ધારણ કરતા હોવા છતાં તેમજ શીલ અને તપ કરતા હોવા છતાં જેઓ પરમાર્થથી બાહ્ય છે (અર્થાત્ પરમ પદાર્થરૂપ જ્ઞાનનું એટલે કે જ્ઞાનસ્વરૂપ આત્માનું જેમને શ્રદ્ધાન નથી) તેઓ નિર્વાણને પામતા નથી.

**પરમાર્થબાહ્ય જીવો અરે ! જાણે ન હેતુ મોક્ષનો,**
**અજ્ઞાનથી તે પુણ્ય ઈચ્છે હેતુ જે સંસારનો. ૧૫૪**

અર્થ : જેઓ પરમાર્થથી બાહ્ય છે તેઓ મોક્ષના હેતુને નહિ જાણતા થકા-જો કે પુણ્ય સંસારગમનનો હેતુ છે તો પણ અજ્ઞાનથી પુણ્યને (મોક્ષનો હેતુ જાણીને) ઈચ્છે છે.

તે સર્વજ્ઞાની-દર્શી પર નિજ કર્મરજ-આચ્છાદને,
સંસારપ્રાપ્ત ન જાણતો તે સર્વ રીતે સર્વને. ૧૬૦

અર્થ : તે આત્મા (સ્વભાવથી) સર્વને જાણનારો તથા દેખનારો છે તો પણ પોતાના કર્મ મળથી ખરડાયો-વ્યાપ્ત થયો-થકો સંસારને પ્રાપ્ત થયેલો તે સર્વ પ્રકારે સર્વને જાણતો નથી.

★★★

## આસ્રવનું સ્વરૂપ

(જીવમાં થતાં વિકારીભાવ (આસ્રવ) છોડવા લાયક છે એમ બતાવનારું સ્વરૂપ)

**મિથ્યાત્વ ને અવિરત, કષાયો, યોગ સંજ્ઞ અસંજ્ઞ છે,**
**એ વિવિધ ભેદે જીવમાં, જીવનાં અનન્ય પરિણામ છે. ૧૬૪**

**વળી તેહ જ્ઞાનાવરણાદિક કર્મનાં કારણ બને,**
**ને તેમનું પણ જીવ બને જે રાગદ્વેષાદિક કરે. ૧૬૫**

અર્થ : મિથ્યાત્વ, અવિરમણ, કષાય અને યોગ - એ આસ્રવો સંજ્ઞ (અર્થાત્ ચેતનના વિકાર) પણ છે. અને અસંજ્ઞ (અર્થાત્ પુદ્‌ગલના વિકાર) પણ છે. વિવિધ ભેદવાળા સંજ્ઞ આસ્રવો કે જેઓ જીવમાં ઉત્પન્ન થાય છે તેઓ-જીવનાં જ અનન્ય પરિણામ છે. વળી અસંજ્ઞ આસ્રવો જ્ઞાનાવરણ આદિ કર્મનું કારણ (નિમિત્ત) થાય છે અને તેમને પણ (અર્થાત્ અસંજ્ઞ આસ્રવોને પણ કર્મબંધનું નિમિત્ત થવામાં) રાગદ્વેષ આદિ ભાવ કરનારો જીવ કારણ (નિમિત્ત) થાય છે.

**આત્મા અને આસ્રવતણો, જ્યાં ભેદ જીવ જાણે નહિ,**
**ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી, અજ્ઞાની એવા જીવની. ૬૯**

**જીવ વર્તતાં ક્રોધાદિમાં, સંચય કરમનો થાય છે,**
**સહુ સર્વદર્શી એ રીતે, બંધન કરે છે જીવને. ૭૦**

અર્થ : જીવ જ્યાં સુધી આત્મા અને આસ્રવ - એ બન્નેના તફાવત અને ભેદને જાણતો નથી ત્યાં સુધી તે અજ્ઞાની રહ્યો થકો ક્રોધાદિક આસ્રવોમાં પ્રવર્તે છે, ક્રોધાદિકમાં વર્તતા તેને કર્મનો સંચય થાય છે. ખરેખર આ રીતે જીવને કર્મોનો બંધ સર્વજ્ઞદેવોએ કહ્યો છે.

**આ જીવ જ્યારે આસ્રવોનું, તેમ નિજ આત્માતણું,**
**જાણે વિશેષાંતર, તદા બંધન નહિ તેને થતું. ૭૧**

અર્થ : જ્યારે આ જીવ આત્મા અને આસ્રવોના તફાવત અને ભેદને જાણે ત્યારે તેને બંધ થતો નથી.

**અશુચિપણું વિપરીતતા એ, આસ્રવોનાં જાણીને,**
**વળી જાણીને, દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨**

અર્થ : આસ્રવોનું અશુચિપણું અને વિપરીતપણું તથા તેઓ દુઃખના કારણ છે એમ જાણીને જીવ તેમનાથી નિવૃત્ત કરે છે.

**આસ્રવ જીવનિબદ્ધ, અધ્રુવ, શરણહીન, અનિત્ય છે,**
**એ દુઃખ, દુઃખફળ જાણીને, એનાથી જીવ પાછો વળે. ૭૪**

અર્થ : આ આસ્રવો જીવની સાથે નિબદ્ધ છે, અધ્રુવ છે. અનિત્ય છે તેમ જ અશરણ છે, વળી તેઓ દુઃખરૂપ છે, દુઃખ જ જેમનું ફળ છે એવા છે - એવું જાણીને જ્ઞાની તેમનાથી નિવૃત્ત કરે છે.

★★★

## સંવરનું સ્વરૂપ

(જીવના શુભાશુભ ભાવો કેમ અટકાવવા તે બતાવનારું સ્વરૂપ)

**ઉપયોગમાં ઉપયોગ, કો ઉપયોગ નહિ ક્રોધાદિમાં,**
**છે ક્રોધ ક્રોધ મહીં જ, નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં. ૧૮૧**

અર્થ : ઉપયોગ ઉપયોગમાં છે, ક્રોધાદિકમાં કોઈ ઉપયોગ નથી, વળી ક્રોધ ક્રોધમાં જ છે. ઉપયોગમાં નિશ્ચયથી ક્રોધ નથી.

**જ્યમ અગ્નિતપ્ત સુવર્ણ પણ નિજસ્વર્ણભાવ નહિ તજે,**
**ત્યમ કર્મઉદયે તપ્ત પણ જ્ઞાની ન જ્ઞાનીપણું તજે. ૧૮૪**

અર્થ : જેમ સુવર્ણ અગ્નિથી તપ્ત થયું થકું પણ તેના સુવર્ણપણાને છોડતું નથી તેમ જ્ઞાની કર્મના ઉદયથી તપ્ત થયો થકો પણ જ્ઞાનીપણાને છોડતો નથી.

**જે શુદ્ધ જાણે આત્માને તે શુદ્ધ આત્મ જ મેળવે,**
**અણશુદ્ધ જાણે આત્મને અણશુદ્ધ આત્મ જ તે લહે. ૧૮૬**

અર્થ : શુદ્ધ આત્માને જાણતો-અનુભવતો જીવ શુદ્ધ આત્માને જ પામે છે અને અશુદ્ધ આત્માને જાણતો-અનુભવતો જીવ અશુદ્ધ આત્મા જ પામે છે.

**પુણ્યપાપયોગથી રોકી ને નિજાત્મને આત્મા થકી,**
**દર્શન અને જ્ઞાને ઠરી પરદ્રવ્યઈચ્છા પરિહરી. ૧૮૭**

**જે સર્વસંગવિમુક્ત ધ્યાવે આત્મને આત્મા વડે,**
**નહિ કર્મ કે નોકર્મ, ચેતક ચેતતો એકત્વને. ૧૮૮**

**તે આત્મ ધ્યાતો, જ્ઞાનદર્શનમય, અનન્યમયી ખરે,**
**બસ અલ્પકાળે કર્મથી પ્રવિમુક્ત આત્માને વરે. ૧૮૯**

અર્થ : આત્માને આત્મા વડે બે પુણ્ય-પાપરૂપ શુભાશુભ યોગોથી રોકીને દર્શનજ્ઞાનમાં સ્થિત થયો થકો અને અન્ય (વસ્તુ)ની ઇચ્છાથી વિરમ્યો થકો, જે આત્મા (ઈચ્છારહિત થવાથી) સર્વ સંગથી રહિત થયો થકો, (પોતાના આત્માને આત્મા વડે ધ્યાવે છે- કર્મ ને નોકર્મને ધ્યાતો નથી, (પોતે) ચેતયિતા હોવાથી એકત્વને જ ચિંતવે છે-ચેતે છે-અનુભવે છે, તે (આત્મા), આત્માને ધ્યાતો, દર્શનજ્ઞાનમય અને અનન્યમય થયો થકો, અલ્પકાળમાં જ કર્મથી રહિત આત્માને પામે છે.

★★★

## નિર્જરાનું સ્વરૂપ

સંવરપૂર્વક જે પૂર્વના વિકારી ભાવોને તથા પૂર્વે બાંધેલા કર્મોને ટાળે છે તેને નિર્જરા કહે છે તે બતાવનારું સ્વરૂપ.

**કર્મોતણો જે વિવિધ ઉદય-વિપાક જિનવર વર્ણવ્યો,**
**તે મુજ સ્વભાવો છે નહિ, હું એક જ્ઞાયકભાવ છું. ૧૯૮**

અર્થ : કર્મોના ઉદયનો વિપાક (ફળ) જિનવરોએ અનેક પ્રકારનો વર્ણવ્યો છે. તે મારા સ્વભાવો નથી; હું તો એક જ્ઞાયકભાવ છું.

**પુદ્‌ગલકરમરૂપ રાગનો જ વિપાકરૂપ છે ઉદય આ**
**આ છે નહિ મુજ ભાવ, નિશ્ચય એક જ્ઞાયકભાવ છું. ૧૯૯**

અર્થ : રાગ પુદ્‌ગલકર્મ છે, તેનો વિપાકરૂપ ઉદય આ છે, આ મારો ભાવ નથી; હું તો નિશ્ચયથી એક જ્ઞાયકભાવ છું.

**સુદૃષ્ટિ એ રીત આત્મને, જ્ઞાયકસ્વભાવ જ જાણતો,**
**ને ઉદય કર્મવિપાકરૂપ તે, તત્ત્વજ્ઞાયક છોડતો. ૨૦૦**

અર્થ : આ રીતે સમ્યગ્દષ્ટિ આત્માને (પોતાને) જ્ઞાયકસ્વભાવ

જાણે છે અને તત્ત્વને અર્થાત્ યથાર્થ સ્વરૂપને જાણતો થકો કર્મના વિપાકરૂપ ઉદયને છોડે છે.

**અણુમાત્ર પણ રાગાદિનો સદ્‌ભાવ વર્તે જેહને,**
**તે સર્વ આગમધર ભલે પણજાણતો નહિ આત્મને. ૨૦૧**

અર્થ : ખરેખર જે જીવને પરમાણુમાત્ર-લેશમાત્ર પણ રાગાદિક વર્તે છે તે જીવ ભલે સર્વ આગમ ભણેલો હોય તો પણ આત્માને નથી જાણતો.

**પરિગ્રહ કદી મારો બને તો, હું અજીવ બનું ખરે,**
**હું તો ખરે જ્ઞાતા જ તેથી, નહિ પરિગ્રહ મુજ બને. ૨૦૮**

અર્થ : જો પરદ્રવ્ય-પરિગ્રહ મારા હોય તો હું અજીવપણાને પામું, કારણ કે હું તો જ્ઞાતા જ છું તેથી (પરદ્રવ્યરૂપ) પરિગ્રહ મારો નથી.

**છેદાવ, વા ભેદાવ, કો લઈ જીવ, નષ્ટ બનો ભલે,**
**વા અન્ય કો રીત જાવ, પણ પરિગ્રહ નથી મારા ખરે. ૨૦૯**

અર્થ : છેદાઈ જાઓ અથવા ભેદાઈ જાઓ અથવા કોઈ લઈ જાઓ અથવા નષ્ટ થઈ જાઓ અથવા ગમે તે રીતે જાઓ તો પણ ખરેખર પરિગ્રહ મારા નથી.

**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પુણ્યને,**
**તેથી ન પરિગ્રહી પુણ્યના તે, પુણ્યનો જ્ઞાયક રહે. ૨૧૦**

અર્થ : અનિચ્છકને અપરિગ્રહી કહ્યો છે અને જ્ઞાની ધર્મને (પુણ્યને) ઇચ્છતો નથી; તેથી તે અધર્મનો પરિગ્રહી નથી, (ધર્મનો) જ્ઞાયક જ છે.

**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પાપને,**
**તેથી ન પરિગ્રહી પાપનો તે, પાપનો જ્ઞાયક રહે. ૨૧૧**

અર્થ : અનિચ્છકને અપરિગ્રહી કહ્યો છે. અને જ્ઞાની અધર્મને (પાપને) ઈચ્છતો નથી તેથી તે અધર્મનો પરિગ્રહી નથી, (અધર્મનો) જ્ઞાયક જ છે.

**સમ્યક્ત્વવંત જીવો નિઃશંકિત, તેથી છે નિર્ભય અને,**
**છે સપ્તભયપ્રવિમુક્ત જેથી, તેથી તે નિઃશંક છે. ૨૨૮**

અર્થ : સમ્યક્દષ્ટિ જીવો નિઃશંક હોય છે તેથી નિર્ભય હોય છે; અને કારણ કે તે સપ્ત ભયથી રહિત હોય છે તેથી નિઃશંક હોય છે (અડોલ હોય છે.)

**જે કર્મ બંધન મોહકર્તા પાદ ચારે છેદતો,**
**ચિનમૂર્તિ તે શંકારહિત સમકિતદષ્ટિ જાણવો. ૨૨૯**

અર્થ : જે ચેતયિતા, કર્મબંધ સંબંધી મોહ કરનારા (અર્થાત્ જીવ નિશ્ચયથી કર્મ વડે બંધાયો છે એવો ભ્રમ કરનારા) મિથ્યાત્વાદિ ભાવોરૂપ ચારે પાયાને છેદે છે, તે નિઃશંક સમ્યગ્દષ્ટિ જાણવો.

**જે કર્મફળ ને સર્વ ધર્મ તણી ન કાંક્ષા રાખતો,**
**ચિન્મૂર્તિ તે કાંક્ષારહિત સમકિતદષ્ટિ જાણવો. ૨૩૦**

અર્થ : જે ચેતયિતા કર્મોના ફળો પ્રત્યે તથા સર્વ ધર્મો પ્રત્યે કાંક્ષા કરતો નથી તે નિષ્કાંક્ષ સમ્યગ્દષ્ટિ જાણવો.

**સૌ કોઈ ધર્મ વિષે જુગુપ્સાભાવ જે નહિ ધારતો,**
**ચિન્મૂર્તિ નિર્વિચિકિત્સ સમકિતદષ્ટિ નિશ્ચયજાણવો. ૨૩૧**

અર્થ : જે ચેતયિતા બધાય ધર્મો (વસ્તુના સ્વભાવો) પ્રત્યે જુગુપ્સા (ગ્લાનિ) કરતો નથી તે નિશ્ચયથી નિર્વિચિકિત્સા (-વિચિકિત્સાદોષ રહિત) સમ્યગ્દષ્ટિ જાણવો.

**સંમૂઢ નહિ જે સર્વ ભાવે, સત્ય દષ્ટિ ધારતો,**
**તે મૂઢદષ્ટિરહિત સમકિતદષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૨**

અર્થ : જે ચેતયિતા સર્વ ભાવોમાં અમૂઢ છે-યથાર્થ દષ્ટિવાળો છે, તે ખરેખર અમૂઢદષ્ટિ સમ્યગ્દષ્ટિ જાણવો.

**જે સિદ્ધભક્તિ સહિત છે ઉપગૂહક છે સૌ ધર્મનો,**
**ચિન્મૂર્તિ તે ઉપગૂહનકર સમકિતદષ્ટિ જાણવો. ૨૩૩**

અર્થ : જે (ચેતયિતા) સિદ્ધની (શુદ્ધાત્માની) ભક્તિ સહિત છે અને પરવસ્તુના સર્વ ધર્મોને ગોપવનાર છે (અર્થાત્ રાગાદિ પરભાવોમાં જોડાતો નથી) તે ઉપગુહનકારી સમ્યગ્દષ્ટિ જાણવો.

**ઉન્માર્ગ ગમને સ્વાત્મને પણ માર્ગમાં જે સ્થાપતો,**
**ચિન્મૂર્તિ તે સ્થિતિકરણ યુત, સમકિતદષ્ટિ જાણવો. ૨૩૪**

અર્થ : જે ચેતયિતા ઉન્માર્ગે જતાં પોતાના આત્માને પણ માર્ગમાં સ્થાપે છે, તે સ્થિતિકરણયુક્ત (સ્થિતિકરણ ગુણ સહિત) સમ્યગ્દષ્ટિ જાણવો.

**જે મોક્ષમાર્ગે 'સાધુ'ત્રયનું, વત્સલત્વ કરે અહો !**
**ચિન્મૂર્તિ તે વાત્સલ્યયૂત સમકિતદષ્ટિ જાણવો. ૨૩૫**

અર્થ : જે (ચેતયિતા) મોક્ષમાર્ગમાં રહેલા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી ત્રણ સાધકો-સાધનો પ્રત્યે (અથવા વ્યવહારે આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ - એ ત્રણ સાધુઓ પ્રત્યે) વાત્સલ્ય કરે છે, તે (વાત્સલભાવયુક્ત સહિત) સમ્યગ્દષ્ટિ જાણવો.

**ચિન્મૂર્તિ મન-રથ પંથમાં, વિદ્યારથઆરૂઢ ઘૂમતો,**
**તે જિનજ્ઞાનપ્રભાવકર, સમકિતદષ્ટિ જાણવો. ૨૩૬**

અર્થ : જે ચેતયિતા વિદ્યારૂપી રથમાં આરૂઢ થયો થકો (ચડ્યો થકો) મનરૂપી રથ-પંથમાં (અર્થાત્ જ્ઞાનરૂપી જે રથને ચાલવાનો માર્ગ તેમાં ભ્રમણ કરે છે, તે જિનેશ્વરના જ્ઞાનની પ્રભાવના કરનારો સમ્યગ્દષ્ટિ જાણવો.

## બંધનું સ્વરૂપ

(જીવને રાગ-દ્વેષથી બંધ થાય છે, માટે બંધ છોડવાલાયક છે, તે બતાવનારું સ્વરૂપ)

**જે માનતો-હું મારું ને પર જીવ મારે મુજને,**
**તે મૂઢ છે અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૪૭**

અર્થ : જે એમ માને છે કે 'હું' પર જીવોને મારું છું (હણું છું) અને પર જીવો મને મારે છે, તે મૂઢ (મોહી) છે, અજ્ઞાની છે, અને આનાથી વિપરીત (અર્થાત્ આવું નથી માનતો) તે જ્ઞાની છે.

**વળી નવ મરે, નવ દુઃખી બને, તે કર્મના ઉદયે ખરે,**
**મેં નવ હણ્યો, નવ દુઃખી કર્યો-તુજ મત શું નહિ મિથ્યાખરે? ૨૫૮**

અર્થ : વળી જે નથી મરતો અને નથી દુઃખી થતો તે પણ ખરેખર કર્મના ઉદયથીજ થાય છે; તેથી 'મેં' ન માર્યો, મેં ન દુઃખી કર્યો એવો તારો અભિપ્રાય શું ખરેખર મિથ્યા નથી ?

**આ બુદ્ધિ જે તજ 'દુઃખિત તેમ સુખી કરું છું જીવને',**
**તે મૂઢ મતિ તારી અરે ! શુભ અશુભ બાંધે કર્મને. ૨૫૯**

અર્થ : તારી જે આ બુદ્ધિ છે કે હું જીવોને દુઃખી-સુખી કરું છું, ને આ તારી મૂઢબુદ્ધિ જ (મોહસ્વરૂપ બુદ્ધિ જ) શુભાશુભ કર્મને બાંધે છે.

**મારો-ન મારો જીવને, છે બંધ અધ્યવસાનથી,**
**આ જીવકેરા બંધનો, સંક્ષેપ નિશ્ચય નય થકી. ૨૬૨**

અર્થ : જીવોને મારો અથવા ન મારો-કર્મબંધ અધ્યાવસાનથી જ થાય છે, આ નિશ્ચયનયે, જીવોના બંધનો સંક્ષેપ છે.

**સૌ જીવ અધ્યવસાનકારણ કર્મથી બંધાય જ્યાં**
**ને મોક્ષમાર્ગે સ્થિત જીવો મુકાય, તું શું કરે ભલા ? ૨૬૭**

અર્થ : હે ભાઈ ! જો ખરેખર અધ્યવસાનના નિમિત્તે જીવો કર્મથી બંધાય છે અને મોક્ષમાર્ગમાં સ્થિત મુકાય છે, તો તું શું કરે છે ? (તારે તો બાંધવા-છોડવાનો અભિપ્રાય વિફળ ગયો.)

**તિર્યંચ, નારક, દેવ, માનવ, પુણ્ય પાપ વિવિધ જે,**
**તે સર્વરૂપ નિજને કરે છે, જીવ અધ્યવસાનથી. ૨૬૮**

**વળી એમ ધર્મ અધર્મ, જીવ અજીવ લોક અલોક જે,**
**તે સર્વરૂપ નિજને કરે છે, જીવ અધ્યવસાનથી. ૨૬૯**

અર્થ : જીવ અધ્યવસાનથી તિર્યંચ, નારક, દેવ અને મનુષ્ય એ સર્વ પર્યાયો તથા અનેક પ્રકારનાં પુણ્ય અને પાપ એ બધારૂપ પોતાને કરે છ. વળી તેવી રીતે જીવ અધ્યવસાનથી ધર્મ-અધર્મ જીવ-અજીવ અને લોક-અલોક બધારૂપ પોતાને કરે છે.

**એ આદિ અધ્યવસાન વિધવિધ વર્તતા નહિ જેમને,**
**તે મુનિવરો લેપાય નહિ શુભ કે અશુભ કર્મો વડે. ૨૭૦**

અર્થ : આ (પૂર્વે કહેલાં) તથા આવાં બીજા પણ અધ્યવસાન જેમને નથી તે મુનિઓ શુભ કે અશુભ કર્મથી લેપાતા નથી.

**વ્યવહારનય એ રીતે જાણ, નિષિદ્ધ નિશ્ચયનય થકી;**
**નિશ્ચયનયાશ્રિત મુનિવરો, પ્રાપ્તિ કરે નિર્વાણની. ૨૭૨**

અર્થ : એ રીતે (પૂર્વોક્ત રીતે) (પરાશ્રિત એવો) વ્યવહારનય નિશ્ચયનય વડે નિષિદ્ધ જાણ; નિશ્ચયનયને આશ્રિત મુનિઓ નિર્વાણ પામે છે.

જિનવર કહેલાં વ્રત, સમિતિ, ગુપ્તિ વળી તપ-શીલને;
કરતાં છતાંય અભવ્ય જીવ, અજ્ઞાની મિથ્યાદષ્ટિ છે. ૨૭૩

અર્થ : જિનવરોએ કહેલાં વ્રત, સમિતિ, ગુપ્તિ, શીલ તપ કરતાં છતાં પણ અભવ્ય જીવ અજ્ઞાની અને મિથ્યાદષ્ટિ છે.

મુજ આત્મ નિશ્ચય જ્ઞાન છે, મુજ આત્મ દર્શન ચરિત છે,
મુજ આત્મ પ્રત્યાખ્યાન ને, મુજ આત્મ સંવર યોગ છે. ૨૭૭

અર્થ : નિશ્ચયથી મારો આત્મા જ જ્ઞાન છે, મારો આત્મા જ દર્શન અને ચારિત્ર છે, મારો આત્મા જ પ્રત્યાખ્યાન છે, મારો આત્મા જ સંવર અને યોગ (સમાધિ, ધ્યાન) છે.

★★★

## મોક્ષનું સ્વરૂપ

(જીવની સંપૂર્ણ પવિત્રતા બતાવનારું સ્વરૂપ)

બંધો તણી જાણી સ્વભાવ, સ્વભાવ જાણી આત્મનો,
જે બંધ માંહી વિરક્ત થાયે, કર્મમોક્ષ કરે અહો ! ૨૯૩

અર્થ : બંધોના સ્વભાવને અને આત્માના સ્વભાવને જાણીને બંધો પ્રત્યે જે વિરક્ત થાય છે તે કર્મોથી મુકાય છે.

જીવ બંધ બન્ને, નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે,
પ્રજ્ઞાછીણી થકી છેદતાં, બન્ને જુદા પડી જાય છે. ૨૯૪

અર્થ : જીવ તથા બંધ, નિયત સ્વલક્ષણોથી (પોતપોતાનાં નિશ્ચિત લક્ષણોથી) છેદાય છે; પ્રજ્ઞારૂપી છીણી વડે છેદવામાં આવતાં તેઓ નાનાપણાને પામે છે અર્થાત્ જુદા પડી જાય છે.

જીવ બંધ જ્યાં છેદાય એ રીત નિયત નિજ નિજ લક્ષણે,
ત્યાં છોડવો એ બંધને, જીવ ગ્રહણ કરવો શુદ્ધને. ૨૯૫

અર્થ : એ રીતે જીવ અને બંધ તેમના નિશ્ચિત સ્વલક્ષણોથી છેદાય છે, ત્યાં બંધને છેદવો અર્થાત્ છોડવો અને શુદ્ધ આત્માને ગ્રહણ કરવો.

**અપરાધ જે કરતો નથી, નિઃશંક લોક વિષે ફરે,**
**'બંધાઉં હું' એવી કદી ચિંતા ન થાય તેહને, ૩૦૨**

**ત્યમ આત્મા અપરાધી 'હું બંધાઉં' એમ સશંક છે,**
**ને નિરપરાધી જીવ 'નહિ બંધાઉં' એમ નિઃશંક છે. ૩૦૩**

અર્થ : જે પુરુષ અપરાધ કરતા ડરતો નથી, તે લોકમાં નિઃશંક ફરે છે, કારણ કે તેને બંધાવાની ચિંતા કદી ઉપજતી નથી. એવી રીતે અપરાધી આત્મા 'હું અપરાધી છું' તેથી 'હું બંધાઈશ' એમ શંકિત હોય છે, અને જો નિરપરાધી (આત્મા) હોય તો 'હું નહિ બંધાઉં' એમ નિઃશંક હોય છે.

★★★

## સર્વ વિશુદ્ધ જ્ઞાનસ્વરૂપ

**જ્યમ નેત્ર, તેમજ, જ્ઞાન નથી કારક નથી વેદક અરે !**
**જાણે જ કર્મોદય, નિર્જરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦**

અર્થ : જેમ નેત્ર (દશ્ય પદાર્થોને કરતું-ભોગવતું નથી, દેખે જ છે), તેમ જ્ઞાન અકારક તથા અવેદક છે અને બંધ, મોક્ષ, કર્મોદય તથા નિર્જરાને જાણે જ છે.

**વ્યવહારમૂઢ અતત્ત્વવિદ્, પરદ્રવ્યને 'મારું' કહે,**
**'પરમાણુમાત્ર ન મારું' જ્ઞાની જાણતાં નિશ્ચય વડે. ૩૨૫**

અર્થ : જેમણે પદાર્થનું સ્વરૂપ જાણ્યું નથી એવા પુરુષો વ્યવહારના વચનોને ગ્રહીને 'પરદ્રવ્ય મારું છે', એમ કહે છે પરંતુ જ્ઞાનીઓ નિશ્ચય વડે જાણે છે કે 'કોઈ પરમાણુમાત્ર પણ મારૂં નથી.'

શુભ ને અશુભ અનેકવિધ પૂર્વે કરેલું કર્મ જે,
તેથી નિવર્તે આત્મને, તે આતમા પ્રતિક્રમણ છે. ૩૮૩

શુભ ને અશુભ ભાવ કરમ જે ભાવમાં બંધાય છે,
તેથી નિવર્તન જે કરે તે, આત્મા પચ્ચખાણ છે. ૩૮૪

શુભ અને અશુભ અનેકવિધ છે વર્તમાન ઉદિત જે,
તે દોષને જે ચેતતો, તે જીવ આલોચન ખરે. ૩૮૫

પચ્ચખાણ નિત્ય કરે અને પ્રતિક્રમણ જે નિત્યે કરે,
નિત્યે કરે આલોચના, તે આત્મા ચારિત્ર છે. ૩૮૬

અર્થ : પૂર્વે કરેલું જે અનેક પ્રકારના વિસ્તારવાળું (જ્ઞાનાવરણીયાદિ) શુભાશુભ કર્મ તેનાથી જે આત્મા પોતાને નિવર્તાવે છે, તે આત્મા પ્રતિક્રમણ છે.

ભવિષ્યકાળનું જે શુભ-અશુભ કર્મ તે જે ભાવમાં બંધાય છે તે ભાવથી આત્મા નિવર્તે છે, તે આત્મા પ્રત્યાખ્યાન છે.

વર્તમાન કાળે ઉદયમાં આવેલું જે અનેક પ્રકારના વિસ્તારવાળું શુભ-અશુભ કર્મ તે દોષને જે આત્મા ચેતે છે-અનુભવે છે-જ્ઞાતાભાવે જાણી લે છે (અર્થાત્ તેનું સ્વામિત્વ-કર્તાપણું છોડે છે) તે આત્મા ખરેખર આલોચના છે.

જે સદા પ્રત્યાખ્યાન કરે છે, સદા પ્રતિક્રમણ કરે છે અને સદા આલોચના કરે છે, તે આત્મા ખરેખર ચારિત્ર છે.

જે દ્રવ્ય છે પર તેહને ન ગ્રહી, ન છોડી શકાય છે;
એવો જ તેનો ગુણ કો, પ્રાયોગી અને વૈસ્રસિક છે. ૪૦૬

અર્થ : જે પરદ્રવ્ય છે તે ગ્રહી શકાતું નથી તથા છોડી શકાતું નથી. એવો જ કોઈ તેનો (આત્માનો) પ્રાયોગિક તેમજ વૈસ્રસિક ગુણ છે.

**તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા, અનુભવ તેહને,**
**તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે. ૪૧૨**

અર્થ : (હે ભવ્ય !) તું મોક્ષમાર્ગમાં પોતાના આત્માને સ્થાપ, તેનું જ ધ્યાન કર, તેને જ ચેત-અનુભવ અને તેમાં જ નિરંતર વિહાર કર; અન્ય દ્રવ્યોમાં વિહાર ન કર.

હવે મોક્ષમાર્ગનું બીજું રત્ન સમ્યગ્જ્ઞાન છે તેથી તેમાં લાગેલા દોષનું પ્રતિક્રમણ કહેવામાં આવે છે.

**मईसुइओही मणपज्जयं तहा केवलं च पंचमयं ।**
**जे जे विराहिया खलु मिच्छा मि दुक्कडं हुज्ज ॥ २७ ॥**

અર્થ : હે ભગવાન ! મેં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન એ પાંચ પ્રકારનાં જ્ઞાનોમાંથી જે કોઈ જ્ઞાનની વિરાધના કરી હોય-અશાતના કરી હોય તે સંબંધી મારા સર્વ પાપ મિથ્યા થાઓ.

★★★

## શ્રી પદ્મનંદિ આચાર્ય વિરચિત પદ્મનંદિપંચવિંશતિકામાંથી

# આલોચના

શ્રી પદ્મનંદિ આચાર્યદેવ આદિમંગળથી આલોચનાની શરૂઆત કરે છે :-

૧. અર્થ :- હે જિનેશ ! હે પ્રભો ! જો સજ્જનોનું મન, અંતર તથા બાહ્ય મળરહિત થઈને તત્ત્વસ્વરૂપ તથા વાસ્તવિક આનંદના નિધાન એવા આપનો આશ્રય કરે, જો તેમના ચિત્તમાં આપના  નામના સ્મરણરૂપ અનંત પ્રભાવશાળી મહામંત્ર મોજૂદ હોય અને આપ દ્વારા પ્રગટ થયેલ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં જો તેમનું આચરણ હોય તો તે સજ્જનોને ઇચ્છિત વિષયની પ્રાપ્તિમાં વિઘ્ન શેનું હોય ? અર્થાત્ ન હોય.

ભાવાર્થ :- જો સજ્જનોના મનમાં આપનું ધ્યાન હોય તથા આપના નામ-સ્મરણરૂપ મહામંત્ર મોજૂદ હોય અને તેઓ મોક્ષમાર્ગમાં ગમન કરવાવાળા હોય તો તેમને અભીષ્ટની પ્રાપ્તિમાં કોઈ પ્રકારનું વિઘ્ન આવી શકતું નથી.

<u>હવે આચાર્યદેવ સ્તુતિ દ્વારા 'દેવ કોણ હોઈ શકે તથા કેવળજ્ઞાન પ્રાપ્તિનો ક્રમ કેવો હોય' તે વર્ણવે છે</u> :-

૨. અર્થ :- હે જિનેન્દ્રદેવ ! સંસારના ત્યાગ અર્થે પરિગ્રહરહિતપણું, સમતા, સર્વથા કર્મોનો નાશ અને અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય સહિત સમસ્ત લોકાલોકને પ્રકાશનારું કેવળજ્ઞાન એવો ક્રમ આપને જ પ્રાપ્ત થયો હતો, પરંતુ આપથી અન્ય કોઈ દેવને એ ક્રમ પ્રાપ્ત થયો નથી. તેથી આપ જ શુદ્ધ છો અને આપના ચરણોની સેવા સજ્જન પુરુષોએ કરવી યોગ્ય છે.

ભાવાર્થ :- હે ભગવન્ ! આપે જ સંસારથી મુક્ત થવા અર્થે પરિગ્રહનો ત્યાગ કર્યો છે તથા રાગભાવને છોડ્યો છે અને સમતાને ધારણ કરી છે તથા અનંત વિજ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્ય આપને જ પ્રગટ થયાં છે તેથી આપ જ શુદ્ધ અને સજ્જનોની સેવાને પાત્ર છો.

સેવાનો દૃઢ નિશ્ચય અને પ્રભુ સેવાનું માહાત્મ્ય :-

૩. અર્થ :- હે ત્રૈલોક્યપતે ! આપની સેવામાં જો મારો દૃઢ નિશ્ચય છે તો મને અત્યંત બળવાન સંસારરૂપ વૈરીને જીતવો કાંઈ મુશ્કેલ નથી. કેમ કે જે મનુષ્યને જળવૃષ્ટિથી હર્ષજનક ઉત્તમ ફુવારાસહિત ઘર પ્રાપ્ત થાય તો તે પુરુષને જેઠ માસનો પ્રખર મધ્યાન્હ-તાપ શું કરી શકે તેમ છે ? અર્થાત્ કાંઈ કરી શકે નહિ.

ભેદજ્ઞાન દ્વારા સાધકદશા :-

૪. અર્થ :- આ પદાર્થ સારરૂપ છે અને આ પદાર્થ અસારરૂપ છે એ પ્રકારે સારાસારની પરીક્ષામાં એકચિત્ત થઈ, જે કોઈ બુદ્ધિમાન મનુષ્ય ત્રણે લોકના સમસ્ત પદાર્થોનો, અબાધિત ગંભીર દૃષ્ટિથી વિચાર કરે છે તો તે પુરુષની દૃષ્ટિમાં હે ભગવાન ! આપ જ એક સારભૂત પદાર્થ છો અને આપથી ભિન્ન સમસ્ત પદાર્થો અસારભૂત જ છે. અતઃ આપના આશ્રયથી જ મને પરમ સંતોષ થયો છે.

હવે આચાર્યદેવ 'પૂર્ણ સાધ્ય' વર્ણવે છે :-

૫. અર્થ :- હે જિનેશ્વર ! સમસ્ત લોકાલોકને એક સાથે જાણનારું આપનું જ્ઞાન છે, સમસ્ત લોકાલોકને એક સાથે દેખનારું આપનું દર્શન છે, આપને અનંત સુખ અને અનંત બળ છે તથા આપની પ્રભુતા પણ નિર્મલતર છે, વળી આપનું શરીર

દેદીપ્યમાન છે; તેથી જો યોગીશ્વરોએ સમ્યગ્ યોગરૂપ નેત્રદ્વારા આપને પ્રાપ્ત કરી લીધા તો તેઓએ શું ન જાણી લીધું ? શું ન દેખી લીધું ? તથા તેઓએ શું ન પ્રાપ્ત કરી લીધું ? અર્થાત્ સર્વ કરી લીધું.

ભાવાર્થ :- જો યોગીશ્વરોએ પોતાની ઉત્કૃષ્ટ યોગદષ્ટિથી અનંત ગુણસંપન્ન આપને જોઈ લીધા તો તેઓએ સર્વ દેખી લીધું, સર્વ જાણી લીધું, અને સર્વ પ્રાપ્ત કરી લીધું.

પૂર્ણ પ્રાપ્તિનું પ્રયોજન :-

૬. અર્થ :- હે જિનેન્દ્ર ! આપને જ હું ત્રણ લોકના સ્વામી માનું છું, આપને જ જિન અર્થાત્ અષ્ટ કર્મોના વિજેતા તથા મારાસ્વામી માનું છું, માત્ર આપને જ ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું, સદા આપનું જ ધ્યાન કરું છું, આપની જ સેવા અને સ્તુતિ કરું છું અને કેવળ આપને જ મારું શરણ માનું છું. અધિક શું કહેવું ? જો કંઈ સંસારમાં પ્રાપ્ત થાઓ તો એ થાઓ કે આપના સિવાય અન્ય કોઈ પણ સાથે મારે પ્રયોજન ન રહે.

ભાવાર્થ :- હે ભગવન્ ! આપ સાથે જ મારે પ્રયોજન રહે. અને આપથી ભિન્ન અન્યથી મારે કોઈ પ્રકારનું પ્રયોજન ન રહે એટલી વિનયપૂર્વક પ્રાર્થના છે.

હવે આચાર્યદેવ 'આલોચના'નો આરંભ કરે છે. :-

૭. અર્થ :- હે જિનેશ્વર ! મેં ભ્રાંતિથી મન, વચન અને કાયા દ્વારા ભૂતકાળમાં અન્ય પાસે પાપ કરાવ્યાં છે, સ્વયં કર્યા છે અને પાપ કરનારા અન્યોને અનુમોદ્યાં છે તથા તેમાં મારી સંમતિ આપી છે. વળી વર્તમાનમાં હું મન, વચન અને કાયા દ્વારા અન્ય પાસે પાપ કરાવું છું, સ્વયં પાપ કરું છું અને પાપ કરનારા અન્યોને અનુમોદું છું તેમ જ ભવિષ્યકાળમાં હું મન,

વચન અને કાયા દ્વારા અન્ય પાસે પાપ કરાવીશ. સ્વયં પાપ કરીશ અને પાપ કરનાર અન્યોને અનુમોદિશ, તે સમસ્ત પાપની આપની પાસે બેસી જાતે નિંદા-ગર્હા કરનાર એવો હું તેના સર્વ પાપ સર્વથા મિથ્યા થાઓ.

ભાવાર્થ :- હે જિનેશ્વર ! ભૂત, વર્તમાન, ભવિષ્યત્ - ત્રણે કાળમાં જે પાપો મેં મન-વચન-કાયા દ્વારા કારિત, કૃત અને અનુમદોનથી ઉપાર્જન કર્યા છે, હું કરું છું અને કરીશ - એ સમસ્ત પાપોનો અનુભવ કરી હું આપની સમક્ષ સ્વનિંદા કરું છું; માટે મારા તે સમસ્ત પાપો સર્વથા મિથ્યા થાઓ.

<u>આચાર્યદેવ 'પ્રભુની અનંત જ્ઞાન-દર્શન શક્તિ વર્ણવતાં આત્મ-શુદ્ધિ અર્થે આત્મનિંદા' કરે છે</u> :-

૮. અર્થ :- હે જિનેન્દ્ર ! જો આપ ભૂત, ભ્રવિષ્ય, વર્તમાન ત્રિકાળગોચર અનંત પર્યાયોયુક્ત લોકાલોકને સર્વત્ર એક સાથે જાણો છો તથા દેખો છો, તો હે સ્વામીન્ ! મારા એક જન્મના પાપોને શું આપ નથી જાણતા ? અર્થાત્ અવશ્યમેવ આપ જાણો છો; તેથી હું આત્મનિંદા કરતો આપની પાસે સ્વદોષોનું કથન (આલોચન) કરું છું; અને તે કેવળ શુદ્ધિ અર્થે જ કરું છું.

ભાવાર્થ :- હે ભગવન્ ! જો આપ અનંત ભેદસહિત લોક તથા અલોકને એક સાથે જાણો છો અને દેખો છો તો આપ મારા સમસ્ત દોષોને પણ સારી રીતે જાણતા જ હો. વળી હું આપની સામે નિજ દોષોનું કથન આલોચન કરું છું તે કેવળ આપને સંભળાવવા માટે નહિ, કિન્તુ શુદ્ધિ અર્થે જ કરું છું.

<u>હવે આચાર્યદેવ ભવ્ય જીવોને તેમના આત્માને ત્રણ શલ્ય રહિત રાખવાનો બોધ આપે છે.</u> :-

૯. અર્થ :- હે પ્રભો ! વ્યવહારનયનો આશ્રય કરનાર

અથવા મૂલગુણ તથા ઉત્તરગુણોને ધારણ કરનાર મારા જેવા મુનિને જે દૂષણોનું સંપૂર્ણ રીતે સ્મરણ છે તે દૂષણની શુદ્ધિ અર્થે આલોચના કરવાને આપની સામે સાવધાનીપૂર્વક બેઠો છું. કેમ કે જ્ઞાનવાન ભવ્ય જીવોએ સદા પોતાના હૃદય માયાશલ્ય, નિદાનશલ્ય અને મિથ્યાત્વશલ્ય એ ત્રણ શલ્ય રહિત જ રાખવા જોઈએ.

સ્વભાવની સાવધાની :-

૧૦. અર્થ :- હે ભગવન્ ! આ સંસારમાં સર્વ જીવ વારંવાર અસંખ્યાત લોકપ્રમાણ પ્રગટ તથા અપ્રગટ નાના પ્રકારના વિકલ્પો સહિત હોય છે. વળી એ જીવ જેટલા પ્રકારના વિકલ્પો સહિત છે તેટલા જ વિવિધ પ્રકારના દુઃખો સહિત પણ છે. પરંતુ જેટલા વિકલ્પો છે તેટલા પ્રાયશ્ચિતો શાસ્ત્રમાં નથી; તેથી તે સમસ્ત અસંખ્યાત લોકપ્રમાણ વિકલ્પોની શુદ્ધિ આપની સમીપે જ થાય છે.

ભાવાર્થ :- યદ્યપિ દૂષણોની શુદ્ધિ પ્રાયશ્ચિત કરવાથી થાય છે, કિન્તુ હે જિનપતે ! જેટલાં દૂષણો છે તેટલાં પ્રાયશ્ચિતો શાસ્ત્રમાં કહ્યાં નથી; તેથી સમસ્ત દૂષણોની શુદ્ધિ આપની સમીપે જ થાય છે.

પરથી પરાઙમુખ થઈ સ્વની પ્રાપ્તિ :-

૧૧. અર્થ :- હે દેવ ! સર્વ પ્રકારના પરિગ્રહરહિત સમસ્ત શાસ્ત્રોના જ્ઞાતા, ક્રોધાદિ કષાયરહિત, શાંત, એકાંતવાસી ભવ્ય જીવ, બધા બાહ્ય પદાર્થોથી મન તથા ઇન્દ્રિયોને પાછા હઠાવી અને અખંડ નિર્મળ સમ્યગ્જ્ઞાનની મૂર્તિરૂપ આપમાં સ્થિર થઈ, આપને જ દેખે છે તે મનુષ્ય આપના સાન્નિધ્ય (સમીપતા)ને પ્રાપ્ત કરે છે.

ભાવાર્થ :- જ્યાં સુધી મન તથા ઇન્દ્રિયના વ્યાપાર બાહ્ય

પદાર્થોમાં જોડાયેલા રહે છે ત્યાં સુધી કોઈ પણ મનુષ્ય આપના સ્વરૂપને પ્રાપ્ત કરી શકતો નથી; પરંતુ જે મનુષ્ય મન તથા ઇન્દ્રિયોને બાહ્ય પદાર્થોથી પાછા હઠાવી લે છે તે વાસ્તવિકપણે આપના સ્વરૂપને દેખી અને જાણી શકે છે. માટે જે મનુષ્યે સમસ્ત પ્રકારના પરિગ્રહોથી રહિત થઈ, શાસ્ત્રોના સારી રીતે જ્ઞાતા થઈ, શાંત અને એકાંતવાસી થઈ, મન તથા ઇન્દ્રિયોને બાહ્ય પદાર્થોથી પાછા હઠાવી લઈ અને તેમને આપના સ્વરૂપમાં જોડી દઈ આપને જોઈ લીધા છે, તે મનુષ્યે આપના સમીપપણાને પ્રાપ્ત કર્યું છે એમ સારી રીતે નિશ્ચિત છે.

<u>સ્વભાવની એકાગ્રતાથી ઉત્તમપદ - મોક્ષની પ્રાપ્તિ</u> :-

૧૨. અર્થ :- હે અર્હત્ પ્રભુ ! પૂર્વ ભવમાં કષ્ટથી સંચય કરેલ મહા પુણ્યથી જે મનુષ્ય, ત્રણ લોકના પૂજાર્હ (પૂજાને યોગ્ય) આપને પામ્યો છે તે મનુષ્યને બ્રહ્મા, વિષ્ણુ આદિને પણ નિશ્ચયપૂર્વક અલભ્ય એવું ઉત્તમ પ્રાપ્ત થાય છે. હે નાથ ! હું શું કરું ? આપનામાં એકચિત્ત કર્યા છતાં મારું મન પ્રબળપણે બાહ્ય પદાર્થો પ્રત્યે દોડે છે એ મોટો ખેદ છે.

ભાવાર્થ :- હે ભગવન્ ! જે મનુષ્યે આપને પ્રાપ્ત કર્યા છે તે મનુષ્યને ઉત્તમ પદની પ્રાપ્તિ થાય છે. સ્વયં બ્રહ્મા-વિષ્ણુ પણ તે પ્રાપ્ત કરી શકતા નથી. પરંતુ હે જિનેન્દ્ર ! આ સર્વ વાત જાણતાં છતાં અને મારું ચિત્ત આપનામાં લગાડતા છતાં પણ બાહ્ય પદાર્થોમાં દોડી-દોડી જાય છે એ જ મોટો ખેદ છે.

<u>મોક્ષાર્થે વીર્યનો વેગ</u> :-

૧૩. અર્થ :- હે જિનેશ ! આ સંસાર નાના પ્રકારના દુઃખો દેનાર છે. જ્યારે વાસ્તવિક સુખનો આપનાર તો મોક્ષ છે, તેથી તે મોક્ષની પ્રાપ્તિ અર્થે અમે સમસ્ત ધન, ધાન્ય આદિ

પરિગ્રહોનો ત્યાગ કર્યો, તપોવન (તપથી પવિત્ર થયેલી ભૂમિ)માં વાસ કર્યો, સર્વ પ્રકારના સંશય પણ છોડ્યા અને અત્યંત કઠિન વ્રત પણ ધારણ કર્યાં, હજી સુધી તેવા દુષ્કર વ્રતો ધારણ કર્યાં છતાં પણ સિદ્ધિ (મોક્ષ)ની પ્રાપ્તિ ન થઈ. કેમ કે પ્રબળ પવનથી કંપાયેલા પાંદડાની માફક અમારું મન રાત્રિ-દિવસ બાહ્ય પદાર્થોમાં ભ્રમણ કરતું રહે છે.

<u>મનને સંસારનું કારણ જાણી પશ્ચાતાપ</u> :-

૧૪. અર્થ :- હે ભગવન્ ! જે મન બાહ્ય પદાર્થોને મનોહર માની તેમની પ્રાપ્તિ માટે જ્યાં ત્યાં ભટક્યા કરે છે, જે જ્ઞાનસ્વરૂપી આત્માને વિના પ્રયોજને સદા અત્યંત વ્યાકુળ કર્યા કરે છે, જે ઇન્દ્રિયરૂપી ગામને વસાવે છે (અર્થાત્ આ મનની કૃપાથી જ ઇન્દ્રિયોની વિષયોમાં સ્થિતિ થાય છે), અને જે સંસાર ઉત્પાદક કર્મોનો પરમ મિત્ર છે, (અર્થાત્ મન આત્મારૂપ ગૃહમાં કર્મોને સદા લાવે છે), તે મન જ્યાં સુધી જીવિત રહે છે, ત્યાં સુધી મુનિઓને ક્યાંથી કલ્યાણની પ્રાપ્તિ હોઈ શકે ! અર્થાત્ કલ્યાણની પ્રાપ્તિ હોઈ શકે નહિ.

ભાવાર્થ :- જ્યાં સુધી આત્મામાં કર્મોનું આવાગમન રહ્યા જ કરે છે ત્યાં સુધી આત્મા સદા વ્યાકુળ જ થતો રહે છે. તે કર્મ આત્મામાં મન દ્વારા આવે છે; કેમ કે મનના આશ્રયથી ઈન્દ્રિયો, રૂપ આદિ દેખવામાં પ્રવૃત થાય છે અને રૂપ આદિને દેખીને જીવ રાગ-દ્વેષ આદિ ઉત્પન્ન કરે છે, ત્યારે તેને જ્ઞાનાવરણ આદિ દ્રવ્યકર્મોની ઉત્પત્તિ થાય છે; તેથી તે કર્મોના સંબંધથી આત્મા સદા વ્યાકુળ જ રહે છે અને જ્યારે આત્મા જ વ્યાકુળ રહે ત્યારે મુનિઓના કલ્યાણની પ્રાપ્તિ પણ ક્યાંથી હોઈ શકે? માટે મન જ કલ્યાણને રોકનારું છે.

**મોહના નાશ માટે પ્રાર્થના :-**

૧૫. અર્થ :- મારું મન નિર્મળ તથા શુદ્ધ અખંડ જ્ઞાનસ્વરૂપ આપમાં લગાવ્યા છતાં પણ મૃત્યુ તો આવવાનું જ છે એવા વિકલ્પ વડે આપથી અન્ય બાહ્ય સમસ્ત પદાર્થો તરફ નિરંતર ઘૂમ્યા કરે છે. હે સ્વામિન્ ! તો શું કરવું ? કેમ કે આ જગતમાં મોહવશાત્ કોને મૃત્યુનો ભય નથી ? સર્વને છે. માટે સવિનય પ્રાર્થના છે કે સમસ્ત પ્રકારના અનર્થો કરનાર તથા અહિત કરનાર મારા મોહને નષ્ટ કરો.

ભાવાર્થ :- જ્યાં સુધી મોહનો સંબંધ આત્માની સાથે રહેશે ત્યાં સુધી મારું ચિત્ત, બાહ્ય પદાર્થોમાં ઘૂમ્યા કરશે અને જ્યાં સુધી ચિત્ત ઘૂમતું રહેશે ત્યાં સુધી આત્મામાં સદા કર્મોનું આવાગમન પણ રહ્યા કરશે. આ પ્રકારે તો આત્મા સદા વ્યાકુળ જ રહ્યા કરશે. માટે હે ભગવાન ! આ નાના પ્રકારના અનર્થો કરનાર મારા મોહને સર્વથા નષ્ટ કરો કે જેથી મારા આત્માને શાંતિ થાય.

**સર્વ કર્મોમાં મોહ જ બળવાન છે એમ આચાર્ય દર્શાવે છે :-**

૧૬. અર્થ :- જ્ઞાનાવરણ આદિ સમસ્ત કર્મોમાં મોહ કર્મ જ અત્યંત બળવાન કર્મ છે. એ મોહના પ્રભાવથી આ મન જ્યાં ત્યાં ચંચળ બની ભ્રમણ કરે છે અને મરણથી ડરે છે. જો આ મોહ ન હોય તો નિશ્ચયનય પ્રમાણે ન તો કોઈ જીવે ન તો કોઈ મરે. કેમ કે આપે આ જગતને જે અનેક પ્રકારે દેખ્યું છે તે પર્યાયાર્થિકનયની અપેક્ષાએ જ દેખ્યું છે. દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નહિ. તેથી હે જિનેન્દ્ર ! આ મારા મોહને જ સર્વથા નષ્ટ કરો.

<u>પર સંયોગ અધ્રુવ જાણી તેનાથી ખસી, એક ધ્રુવ આત્મસ્વભાવમાં સ્થિત થવાની ભાવના</u> :-

૧૭. અર્થ :- વાયુથી વ્યાપ્ત સમુદ્રની ક્ષણિક જળલહરીઓના સમૂહ સમાન, સર્વ કાળે તથા સર્વ ક્ષેત્રે આ જગત ક્ષણમાત્રમાં વિનાશી છે. એવો સમ્યક્ પ્રકારે વિચાર કરી આ મારું મન સમસ્ત સંસારને ઉત્પન્ન કરનાર વ્યાપાર(પ્રવૃત્તિ)થી રહિત થઈ, હે જિનેન્દ્ર! આપના નિર્વિકાર પરમાનંદમય પરબ્રહ્મસ્વરૂપમાં સ્થિત થવાને ઈચ્છા કરે છે.

<u>શુભ, અશુભ ઉપયોગથી ખસી શુદ્ધ ઉપયોગમાં નિવાસની ભાવના</u> :-

૧૮. અર્થ :- જે સમયે અશુભ ઉપયોગ વર્તે છે તે સમયે તો પાપની ઉત્પત્તિ થાય છે અને તે પાપથી જીવ નાના પ્રકારના દુઃખોને અનુભવે છે, જે સમયે શુભ ઉપયોગ વર્તે છે તે સમયે પુણ્યની ઉત્પત્તિ થાય છે. એ બન્ને પાપ-પુણ્યરૂપ દ્વંદ્વ સંસારનું જ કારણ છે. અર્થાત્ એ બન્નેથી સદા સંસાર જ ઉત્પન્ન થાય છે, કિન્તુ શુદ્ધોપયોગથી અવિનાશી અને આનંદસ્વરૂપ પદની પ્રાપ્તિ થાય છે, હે અર્હંત પ્રભો! આપ તો તે પદમાં નિવાસ કરી રહ્યા છો, પણ હું એ શુદ્ધોપયોગરૂપ પદમાં નિવાસ કરવાને ઇચ્છું છું.

ભાવાર્થ :- ઉપયોગના ત્રણ ભેદ છે. પહેલો અશુભોપયોગ, બીજો શુભોપયોગ અને ત્રીજો શુદ્ધોપયોગ. તેમાં પહેલાં બે ઉપયોગથી તો સંસારમાં ભટકવું જ પડે છે; કેમ કે જે સમયે જીવનો ઉપયોગ અશુભ હશે તે સમયે તેને પાપનો બંધ થશે અને પાપનો બંધ થવાથી તેને નાના પ્રકારની માઠી ગતિઓમાં ભ્રમણ કરવું પડશે અને જે સમયે ઉપયોગ શુભ હશે તે સમયે તે શુભ યોગની કૃપાથી તેને રાજા, મહારાજા આદિ પદોની પ્રાપ્તિ થશે; તેથી તે પણ સંસારને વધારનાર છે. કિન્તુ જે સમયે તેને શુદ્ધોપયોગની

પ્રાપ્તિ થશે તે સમયે સંસારની પ્રાપ્તિ જ થશે નહિ, પણ નિર્વાણની પ્રાપ્તિ જ થશે; માટે હે ભગવાન! હું શુદ્ધોપયોગમાં જ સ્થિત રહેવાને ઇચ્છું છું.

આત્મસ્વરૂપનું નાસ્તિથી અને અસ્તિથી વર્ણન :-

૧૯. અર્થ :- જે આત્મસ્વરૂપ જ્યોતિ, નથી તો સ્થિત અંદર કે નથી સ્થિત બાહ્ય, તથા નથી તો સ્થિત દિશામાં કે નથી સ્થિત વિદિશામાં; તેમજ નથી સ્થૂલ કે નથી સૂક્ષ્મ; તે આત્મજ્યોતિ નથી પુલ્લિંગ, નથી સ્ત્રીલિંગ કે નથી નપુંસકલિંગ પણ ; વળી તે નથી ભારી કે હલકી; તે જ્યોતિ કર્મ, સ્પર્શ, શરીર, ગંધ, સંખ્યા વચન, વર્ણથી રહિત છે, નિર્મળ છે અને સમ્યગ્જ્ઞાન દર્શનસ્વરૂપ મૂર્તિ છે; તે ઉત્કૃષ્ટ જ્યોતિસ્વરૂપ હું છું. કિંતુ તે ઉત્કૃષ્ટ આત્મસ્વરૂપજ્યોતિથી હું ભિન્ન નથી.

ત્રિકાળી આત્માની શક્તિ :-

૨૦. અર્થ :- હે ભગવન્ ! ચૈતન્યની ઉન્નતિનો નાશ કરનાર અને વિના કારણે સદા વૈરી એવા આ દુષ્ટ કર્મે આપમાં અને મારામાં ભેદ પાડ્યો છે. પરંતુ કર્મશૂન્ય અવસ્થામાં જેવો આપનો આત્મા છે તેવો જ મારો આત્મા છે. આ સમયે તે કર્મ અને હું આપની સામે ખડા છીએ તેથી તે દુષ્ટને હઠાવી દૂર કરો; કેમ કે નીતિમાન પ્રભુઓનો તો એ ધર્મ છે કે તે સજ્જનોની રક્ષા કરે અને દુષ્ટોનો નાશ કરે.

ભાવાર્થ :- હે ભગવન્ ! જેવો અનંતજ્ઞાન-દર્શન-સુખ-વીર્ય આદિ ગુણસ્વરૂપ આપનો આત્મા છે તેવો જ-તે જ ગુણો સહિત- મારો આત્મા પણ છે. પરંતુ ભેદ એટલો છે કે આપને તે ગુણો - નિર્મળ અંશો પ્રગટ થઈ ગયા છે, જ્યારે મને તે ગુણો પ્રગટ્યા નથી. આ ભેદ પાડનાર તે જ કર્મ છે.

કેમ કે તે કર્મની કૃપાથી મારા આ સ્વભાવ પર આવરણ પડ્યું છે. હવે આ સમયે અમે બન્ને આપની સમક્ષ હાજર છીએ તો તે દુષ્ટ કર્મને દૂર કરો. કેમ કે આપ ત્રણ લોકના સ્વામી છો; અને નીતિજ્ઞનો ધર્મ છે કે તે સજ્જનોની રક્ષા કરે તથા દુષ્ટોનો નાશ કરે.

આત્માનું અવિકારી સ્વરૂપ :-

૨૧. અર્થ :- હે ભગવન્ ! વિવિધ પ્રકારના આકાર અને વિકાર કરનાર વાદળા આકાશમાં હોવા છતાં પણ જેમ આકાશના સ્વરૂપનો કાંઈ પણ ફેરફાર કરી શકતાં નથી, તેમ આધિ, વ્યાધિ, જરા, મરણ આદિ પણ મારા સ્વરૂપનો કાંઈ પણ ફેરફાર કરી શકે તેમ નથી. કેમ કે એ સર્વ શરીરના વિકાર છે, જડ છે; જ્યારે મારો આત્મા જ્ઞાનવાન અને શરીરથી ભિન્ન છે.

ભાવાર્થ :- જેમ આકાશ અમૂર્ત છે તેથી રંગ બેરંગી વાદળાં તેના પર પોતાનો કાંઈ પણ પ્રભાવ પાડી શકતાં નથી, તથા તેના સ્વરૂપનું પરિવર્તન પણ કરી શકતા નથી. તેમ આત્મા જ્ઞાન-દર્શનમય અમૂર્ત પદાર્થ છે તેથી તેના પર આધિ, વ્યાધિ, જરા, મરણ આદિ પોતાનાં કાંઈ પણ પ્રભાવ પાડી શકતાં નથી (તથા તેના સ્વરૂપનું પરિવર્તન પણ કરી શકતા નથી). કેમ કે તે મૂર્ત શરીરનો ધર્મ છે, જ્યારે આત્મા શરીરથી સર્વથા ભિન્ન છે.

સ્વમાં સુખ : પરમાં દુઃખ :-

૨૨. અર્થ :- જેમ માછલી પાણી વિનાની ભૂમિ પર પડતાં તરફડી દુઃખી થાય છે, તેમ હું પણ (આપની શીતલ છાયા વિના), નાના પ્રકારના દુઃખોથી ભરપૂર સંસારમાં સદા બળીઝળી રહું છું. જેમ તે માછલીજ્યારે જળમાં રહે છે ત્યારે સુખી રહે છે, તેમ જ્યાં સુધી મારું મન આપના કરુણારસપૂર્ણ અત્યંત

શીતલ ચરણોમાં પ્રવિષ્ટ (પ્રવેશેલું) રહે છે ત્યાં સુધી હું પણ સુખી રહું છું. તેથી હે નાથ! મારું મન આપના ચરણ કમળો છોડી અન્ય સ્થળ કે જ્યાં હું દુઃખી થાઉં ત્યાં પ્રવેશ ન કરે એ પ્રાર્થના છે.

આત્માને કર્મની ભિન્નતા :-

૨૩. અર્થ :- હે ભગવન્ ! મારું મન ઇન્દ્રિયોના સમૂહ દ્વારા બાહ્ય પદાર્થો સાથે સંબંધ કરે છે તેથી નાના પ્રકારના કર્મો આવી મારા આત્મા સાથે બંધાય છે; પરંતુ વાસ્તવિકપણે હું તે કર્મોથી સદા કાળ, સર્વ ક્ષેત્રે જુદો જ છું તથા તે કર્મો આપના ચૈતન્યથી પણ જુદા જ છે અથવા તો ચૈતન્યથી આ કર્મોને ભિન્ન પાડવામાં આપ જ કારણ છો; તેથી હે શુદ્ધાત્મન્! હે જિનેન્દ્ર ! મારી સ્થિતિ નિશ્ચયપૂર્વક આપમાં જ છે.

ભાવાર્થ :- યદી નિશ્ચયથી જોવામાં આવે તો હે જિનેન્દ્ર! આપ તથા હું સમાન જ છીએ. કેમ કે નિશ્ચયનયથી આપનો આત્મા કર્મબંધ રહિત છે તેમ મારા આત્મા સાથે પણ કોઈ પ્રકારના કર્મોનું બંધન રહેતું નથી; તેથી હે ભગવન્ ! મારી સ્થિતિ નિશ્ચયપૂર્વક આપના સ્વરૂપમાં જ છે.

ધર્મીની અંતરભાવના :-

૨૪. અર્થ :- હે આત્મન્ ! તારે નથી તો લોકથી કામ, નથી તો અન્યના આશ્રયથી કામ; તારે નથી તો દ્રવ્ય(લક્ષ્મી)થી પ્રયોજન, નથી તો શરીરથી પ્રયોજન, તારે વચન તથા ઇન્દ્રિયોથી પણ કાંઈ કામ નથી, તેમ જ (દશ) પ્રાણોથી પણ પ્રયોજન નથી; અને નાના પ્રકારના વિકલ્પોથી પણ કાંઈ કામ નથી, કેમ કે તે સર્વ પુદ્‌ગલ દ્રવ્યોના જ પર્યાયો છે. વળી તારાથી ભિન્ન છે તો પણ, બહુ ખેદની વાત એ છે કે તું તેમને પોતાના

માની તેમનો આશ્રય કરે છે તેથી શું તું દઢ બંધનથી બંધાઈશ નહિ ? અવશ્ય બંધાઈશ.

ભાવાર્થ :- હે આત્મન્ ! તું તો નિર્વિકાર ચૈતન્યસ્વરૂપી છો, સમસ્ત લોક તથા શરીર, ઇન્દ્રિય, દ્રવ્ય, વચન આદિ સર્વ પદાર્થો પુદ્‌ગલદ્રવ્યના પર્યાય છે અને તારાથી ભિન્ન છે, એમ હોવા છતાં પણ જો તું તેમને પોતાના સમજી તેમનો આશ્રય કરીશ તો તું અવશ્યમેવ બંધાઈશ; તેથી તે સર્વ પરપદાર્થો પરની મમતા છોડી શુદ્ધાનંદ ચૈતન્યસ્વરૂપ આત્માનું ધ્યાન કર કે જેથી તું કર્મોથી ન બંધાય

<u>ભેદ વિજ્ઞાન દ્વારા આત્મામાંથી વિકારનો નાશ</u> :-

૨૫. અર્થ :- ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, આકાશદ્રવ્ય અને કાળદ્રવ્ય - એ ચારે દ્રવ્યો કોઈ પણ પ્રકારે મારું અહિત કરતાં નથી; કિન્તુ એ ચારે દ્રવ્યો ગતિ, સ્થિતિ આદિ કાર્યોમાં મને સહકારી છે, તેથી મારા સહાયક થઈને જ રહે છે; પરંતુ નોકર્મ (ત્રણ શરીર, છ પર્યાપ્તિ) અને કર્મ જેનું સ્વરૂપ છે એવું તથા સમીપે રહેનાર અને બંધને કરનાર એક પુદ્‌ગલદ્રવ્ય જ મારું વૈરી છે, તેથી આ સમયે મેં તેના ભેદવિજ્ઞાનરૂપ તલવારથી ખંડખંડ ઊડાવી દીધા છે. (ખરો વૈરી તો પોતાનો અશુદ્ધભાવ છે.)

ભાવાર્થ :- ધર્મ, અધર્મ, આકાશ, કાળ અને પુદ્‌ગલ - એ પાંચ દ્રવ્ય મારાથી ભિન્ન છે, તેમાંથી ધર્મ, અધર્મ, આકાશ અને કાળ - એ ચાર દ્રવ્ય તો મારું કોઈ પ્રકારે અહિત કરતાં નથી, પરંતુ મને સહાય કરે છે. અર્થાત્ ધર્મદ્રવ્ય તો મારા ગમનમાં સહકારી છે, અધર્મદ્રવ્ય સ્થિતિ કરવામાં સહકારી છે, આકાશદ્રવ્ય અવકાશદાન દેવામાં પણ મને સહકારી છે અને કાળદ્રવ્યથી પરિવર્તન થાય છે તેથી તે પરિવર્તન કરવામાં પણ સહકારી છે. પરંતુ એક પુદ્‌ગલદ્રવ્ય જ મારું બહુ અહિત કરનાર છે. કેમ કે પુદ્‌ગલદ્રવ્ય

નોકર્મ તથા કર્મસ્વરૂપમાં પરિણમિત થઈ મારા આત્મા સાથે સંબંધ કરે છે. અને તેની કૃપાથી મારે નાના પ્રકારની ગતિઓમાં ભ્રમણ કરવું પડે છે તેમ જ મને સત્ય માર્ગ પણ સૂઝતો નથી. તેથી ભેદવિજ્ઞાનરૂપ તલવારથી મેં તેના ખંડખંડ ઊડાવી દીધા છે.

<u>રાગ-દ્વેષનો ત્યાગ</u> :-

૨૬. અર્થ :- જીવોના નાના પ્રકારના રાગદ્વેષ કરનારા પરિણામોથી જે પ્રમાણે પુદ્ગલદ્રવ્ય પરિણમે છે તે પ્રમાણે ધર્મ, અધર્મ, આકાશ અને કાળ - એ ચાર અમૂર્ત દ્રવ્યો રાગદ્વેષ કરનારા પરિણામોથી પરિણમતા નથી. તે રાગ-દ્વેષ દ્વારા પ્રબળ કર્મોની ઉત્પત્તિ થાય છે અને તે કર્મોથી સંસાર ઊભો થાય છે. તેથી સંસારમાં અનેક પ્રકારના દુઃખો ભોગવવા પડે છે. માટે કલ્યાણની ઇચ્છા રાખનાર સજ્જનોએ તે રાગ અને દ્વેષ સર્વથા છોડવા જોઈએ.

ભાવાર્થ :- પુદ્ગલના અનેક પરિણામ થાય છે તેમાં જે રાગ-દ્વેષ પુદ્ગલના પરિણામ છે તેનાથી આત્મામાં કર્મ સદા આવી બંધાયા કરે છે અને તે કર્મોને લીધે આત્માને સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે તથા ત્યાં તેને વિવિધ પ્રકારના દુઃખો સહન કરવા પડે છે. માટે ભવ્ય જીવોએ એવા પરમ અહિત કરનાર રાગદ્વેષનો ત્યાગ અવશ્યમેવ કરી દેવો જોઈએ.

<u>આનંદસ્વરૂપ શુદ્ધાત્માનું ધ્યાન અને મનન</u> :-

૨૭. અર્થ :- હે મન ! બાહ્ય તથા તારાથી ભિન્ન જે સ્ત્રી, પુત્ર આદિ પદાર્થો છે તેમનામાં રાગદ્વેષસ્વરૂપ અનેક પ્રકારના વિકલ્પો કરી તું શા માટે દુઃખદ અશુભ કર્મો ફોગટ બાંધે છે? જો તું આનંદરૂપ જળના સમુદ્રમાં શુદ્ધાત્માને પામી તેમાં નિવાસ કરીશ તો તું નિવાર્ણરૂપ વિસ્તીર્ણ સુખને અવશ્ય પ્રાપ્ત કરીશ. એટલા માટે તારે આનંદસ્વરૂપ શુદ્ધ આત્મામાં જ નિવાસ કરવું

જોઈએ અને તેનું જ ધ્યાન તથા મનન કરવું જોઈએ.

આત્મા મધ્યસ્થ સાક્ષી છે :-

૨૮. અર્થ :- હે જિનેન્દ્ર ! આપના ચરણકમળની કૃપાથી પૂર્વોક્ત વાતોને સમ્યક્ પ્રકારે મનમાં વિચારી જે સમયે આ જીવ શુદ્ધિ માટે અધ્યાત્મરૂપ ત્રાજવામાં પગ મૂકે છે તે જ સમયે તેને દોષિત બનાવવાને ભયંકર વૈરી સામા પલ્લામાં હાજર છે. હે ભગવન્ ! તેવા પ્રસંગે આપ જ મધ્યસ્થ સાક્ષી છો.

ભાવાર્થ :- કાંટાને બે છાબડા હોય છે. તેમાં એક અધ્યાત્મરૂપ છાબડામાં જીવ શુદ્ધિ અર્થે ચડે છે, તે સમયે બીજા છાબડામાં કર્મરૂપ વૈરી તે પ્રાણીને દોષી બનાવવાને સામે હાજર જ છે. આવા પ્રસંગે હે ભગવન્ ! આપ આ બન્ને વચ્ચે સાક્ષી છો; તેથી આપે નીતિપૂર્વક ન્યાય કરવો પડશે.

હવે વિકલ્પસ્વરૂપ ધ્યાન તો સંસારરૂપ છે અને નિર્વિકલ્પ ધ્યાન મોક્ષસ્વરૂપ છે એમ આચાર્ય દર્શાવે છે :-

૨૯. અર્થ :- દ્વૈત (સવિકલ્પક ધ્યાન) તો વાસ્તવિક રીતે સંસારસ્વરૂપ છે અને અદ્વૈત (નિર્વિકલ્પક ધ્યાન) મોક્ષસ્વરૂપ છે . સંસાર તથા મોક્ષમાં પ્રાપ્ત થતી અંત (ઉત્કૃષ્ટ) દશાનું આ સંક્ષેપથી કથન છે. જે મનુષ્ય, પૂર્વોક્ત બેમાંથી પ્રથમ દ્વૈતપદથી ધીરે ધીરે પાછો હઠી અદ્વૈતપદનું આલંબન સ્વીકારે છે તે પુરુષ નિશ્ચયનયથી નામરહિત થઈ જાય છે, અને તે પુરુષ વ્યવહારનયથી બ્રહ્મા, વિધાતા આદિ નામોથી સંબોધાય છે.

ભાવાર્થ :- જે પુરુષ સવિકલ્પક ધ્યાન કરે છે તે તો સંસારમાં જ ભટક્યા કરે છે, કિન્તુ જે પુરુષ નિર્વિકલ્પક ધ્યાન આચરે છે. તે મોક્ષમાં જઈ સિદ્ધપદને પ્રાપ્ત કરે છે; સિદ્ધોનું નિશ્ચયનયથી કોઈ નામ નહિ હોઈને તે નામ રહિત થઈ જાય છે અને વ્યવહારનયથી તેને બ્રહ્મા આદિ નામથી સંબોધવામાં આવે છે.

<u>શુદ્ધ શ્રદ્ધાન મહિમા</u> :-

૩૦. અર્થ :- હે કેવળજ્ઞાનરૂપ નેત્રોના ધારક જિનેશ્વર ! મોક્ષ પ્રાપ્ત કરવા અર્થે આપે જે ચારિત્રનું વર્ણન કર્યું છે તે ચારિત્ર તો આ વિષમ કલિકાલમાં (દુષમ પંચમકાલમાં) મારા જેવા મનુષ્ય ઘણી કઠિનતાથી ધારણ કરી શકે તેમ છે. પરંતુ પૂર્વોપાર્જિત પુણ્યથી આપમાં મારી જે દઢ ભક્તિ છે તે ભક્તિ જ હે જિન ! મને સંસારરૂપ સમુદ્રથી પાર ઉતારવામાં નૌકા સમાન થાઓ. અર્થાત્ મને સંસાર સમુદ્રથી આ ભક્તિ જ પાર ઉતારી શકશે.

ભાવાર્થ :- કર્મોનો નાશ કર્યા વિના મોક્ષ પ્રાપ્તિ થઈ શકતી નથી અને કર્મોનો નાશ તો આપ દ્વારા વર્ણિત ચારિત્ર (તપ)થી થાય છે. હે ભગવન્ ! શક્તિના અભાવથી આ પંચમ કાલમાં મારા જેવો મનુષ્ય તે તપ કરી શક્તો નથી; તેથી હે પરમાત્મા ! મારી એ પ્રાર્થના છે કે સદ્ભાગ્યે આપમાં મારી જે દઢ ભક્તિ છે, તેનાથી મારા કર્મો નષ્ટ થઈ જાઓ અને મને મોક્ષની પ્રાપ્તિ થાઓ.

<u>મોક્ષપદની પ્રાપ્તિ અર્થે પ્રાર્થના</u> :-

૩૧. અર્થ :- આ સંસારમાં પરિભ્રમણ કરી મેં ઇન્દ્રપણું, નિગોદપણું અને બન્ને વચ્ચેની અન્ય સમસ્ત પ્રકારની યોનિઓ પણ અનંતવાર પ્રાપ્ત કરી છે. તેથી એ પદવીઓમાંથી કોઈ પણ પદવી મારા માટે અપૂર્વ નથી; કિન્તુ મોક્ષપદને આપનાર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રના ઐકયની પદવી જે અપૂર્વ છે તે હજી સુધી મળી નથી. તેથી હે દેવ ! મારી સવિનય પ્રાર્થના છે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની પદવી જ પૂર્ણ કરો.

ભાવાર્થ :- યદ્યપિ સંસારમાં ઈન્દ્ર આદિ પદવીઓ છે. તે

સમસ્ત પદવીઓ પણ મેં પ્રાપ્ત કરી લીધી છે; કિન્તુ હે ભગવન્! જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પદવી સર્વોત્કૃષ્ટ મોક્ષરૂપ સુખ આપનાર છે તે મેં હજી સુધી પ્રાપ્ત કરી નથી; તેથી વિનયપૂર્વક પ્રાર્થના છે કે કૃપા કરી મને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ પદવીનું પૂર્ણતયા પ્રદાન કરો.

<u>મુમુક્ષુની મોક્ષપ્રાપ્તિ માટે દઢતા</u> :-

૩૨. અર્થ :- બાહ્ય (અતિશય આદિ) તથા અભ્યંતર (કેવલજ્ઞાન, કેવલદર્શન આદિ) લક્ષ્મીથી શોભિત શ્રી વીરનાથ ભગવાને પોતાના પ્રસન્ન ચિત્તથી સર્વોચ્ચ પદની પ્રાપ્તિ અર્થે મારા ચિત્તમાં ઉપદેશની જે જમાવટ કરી છે અર્થાત્ ઉપદેશ દીધો છે તે ઉપદેશ પાસે ક્ષણમાત્રમાં વિનાશી એવું પૃથ્વીનું રાજ્ય મને પ્રિય નથી એ વાત તો દૂર રહી, પરંતુ હે પ્રભો ! હે જિનેશ ! તે ઉપદેશ પાસે ત્રણ લોકનું રાજ્ય પણ મને પ્રિય નથી.

ભાવાર્થ :- યદ્યપિ સંસારમાં પૃથ્વીનું રાજ્ય અને ત્રણ લોકના રાજ્યની પ્રાપ્તિ એક ઉત્તમ વાત ગણાય છે. પરંતુ હે પ્રભો ! શ્રી વીરનાથ ભગવાને પ્રસન્ન ચિત્તે મને જે ઉપદેશ આપ્યો છે, તે ઉપદેશ પ્રત્યેના પ્રેમ પાસે આ બન્ને વાતો મને ઇષ્ટ લાગતી નથી, તેથી હું આવા ઉપદેશનો જ પ્રેમી છું.

<u>સ્વભાવના ભાવ સહિત આલોચના</u> :-

૩૩. અર્થ :- શ્રદ્ધાથી જેનું શરીર નમ્રીભૂત (નમેલું) છે એવો જે મનુષ્ય શ્રી પદ્મનંદી આચાર્ય રચિત આલોચન નામની કૃતિને ત્રણે (પ્રાતઃ, મધ્યાહ્ન, સાયં) કાલ, શ્રી અર્હત્ પ્રભુ સામે ભણે તે બુદ્ધિમાન મનુષ્ય એવા ઉચ્ચ પદને પ્રાપ્ત થાય છે કે જે પદ મોટા મોટા મુનિઓ ચિર કાલ પર્યંત તપ દ્વારા ઘોર પ્રયત્ને પામી શકે છે.

ભાવાર્થ :- જે મનુષ્ય (સ્વભાવના ભાન સહિત) પ્રાતઃકાલ, મધ્યાહ્નકાલ અને સાયંકાલ - ત્રણે કાલ શ્રી અરહંતદેવ સામે આલોચનાનો પાઠ કરે છે તે શીઘ્ર મોક્ષ પ્રાપ્ત કરે છે. તેથી મોક્ષાભિલાષીઓએ શ્રી અરહંતદેવ સામે શ્રી પદ્મનંદી આચાર્ય દ્વારા રચાયેલી આલોચના નામની કૃતિનો પાઠ ત્રણે કાલ અવશ્યમેવ કરવો જોઈએ.

**ઈતિ આલોચના અધિકાર સમાપ્ત**

★★★

# શ્રી પદ્મનંદી વિરચિત

# શ્રી કરુણાષ્ટક

## करुणाष्टकम्

त्रिभुवनगुरो जिनेश्वर
परमानन्दैककारण कुरुष्व ।
मयि किंकरे ऽत्र करुणां
तथा यथा जायते मुक्तिः ।। १ ।।

અનુવાદ :- ત્રણે લોકના ગુરુ અને ઉત્કૃષ્ટ સુખના અદ્વિતીય કારણ એવા હે જિનેશ્વરા ! આ દાસ ઉપર એવી કૃપા કરો કે જેથી મને મુક્તિ પ્રાપ્ત થઈ જાય.

निर्विण्णो ऽहं नितरा-
मर्हन् बहुदुःखया भवस्थित्या ।
अपुनर्भवाय भवहर
कुरु करुणामत्र मयि दीने ।। २ ।।

અનુવાદ :- હે સંસારના નાશક અરહંત ! હું અનેક દુઃખ ઉત્પન્ન કરનાર આ સંસારવાસનાથી અત્યંત વિરક્ત થયો છું. આપ આ દીન ઉપર એવી કૃપા કરો કે જેથી મારે ફરી જન્મ ન લેવો પડે અર્થાત્ હું મુક્ત થઈ જાઉં.

उद्धर मां पतितमतो
विषमाद्भवकूपतः कृपां कृत्वा ।
अर्हन्नलमुद्धरणे
त्वमसीति पुनः पुनर्वच्मि ।। ३ ।।

અનુવાદ :- હે અરહંત ! આપ કૃપા કરીને આ ભયાનક સંસારરૂપ

કૂવામાં પડેલા મારા આત્માનો તેનાથી ઉદ્ધાર કરો. આપ તેમાંથી ઉદ્ધાર કરવા માટે સમર્થ છો, તેથી વારંવાર હું આપને નિવેદન કરું છું.

त्वं कारुणिकः स्वामी
त्वमेव शरणं जिनेश तेनाहम् ।
मोहरिपुदलितमानः
पूत्कारं तव पुरः कुर्वे ॥ ४ ॥

અનુવાદ :- હે જિનેશ ! તમે જ દયાળુ છો, તમે જ પ્રભુ છો અને તમે જ રક્ષક છો. તેથી મોહરૂપ શત્રુ દ્વારા જેનું માનમર્દન કરવામાં આવ્યું છે એવો હું આપની પાસે પોકારીને કહું છું.

ग्रामपतेरपि करुणा
परेण केनाप्युपद्रुतेपुंसि ।
जगतां प्रभोर्न किं तव
जिन मयि खलकर्मभिः प्रहते ॥ ५ ॥

અનુવાદ :- હે જિન ! જે એક ગામના સ્વામી હોય છે તે પણ કોઈ બીજા દ્વારા પીડિત મનુષ્ય ઉપર દયા કરે છે. તો પછી જો આપ ત્રણેય લોકના સ્વામી છો તો શું દુષ્ટ કર્મો દ્વારા પીડિત મારા ઉપર દયા નહિ કરો ? અર્થાત્ અવશ્ય કરશો.

अपहर मम जन्म दयां
कृत्वेत्येकत्र वचसि वक्तव्ये ।
तेनातिदग्ध इति मे
देव वभूव प्रलापित्वम् ॥ ६ ॥

અનુવાદ :- હે દેવ ! આપ કૃપા કરીને મારા જન્મ(જન્મ-મરણરૂપ સંસાર)નો નાશ કરો, એ જ એક વાત મારે આપને કહેવાની છે. પરંતુ હું તો જન્મથી અતિશય બળેલો છું અર્થાત્ પીડિત છું. તેથી હું ઘણો બકવાદી બન્યો છું.

तव जिनचरणाब्जयुगं
करुणामृतसंगशीतलं यावत् ।
संसारातपतप्तः
करोमि हृदि तावदेव सुखी ।। ७ ।।

અનુવાદ : હે જિન ! સંસારરૂપ તડકાથી સંતાપ પામેલો હું જ્યાં સુધી દયારૂપ, અમૃતની સંગતિથી શીતળતા પામેલા તમારા બન્ને ચરણકમળોને હૃદયમાં ધારણ કરું છું, ત્યાં સુધી જ સુખી રહું છું.

जगदेकशरण भगवन्न-
समश्रीपद्मनन्दितगुणौघ ।
किं बहुना कुरु करुणाम्-
अत्र जने शरणमापन्ने ।। ८ ।।

અનુવાદ :- જગતના પ્રાણીઓના અદ્વિતીય રક્ષક તથા અસાધારણ લક્ષ્મી સંપન્ન અને મુનિ પદ્મનંદિ દ્વારા સ્તુતિ કરાયેલા ગુણસમૂહ સહિત એવા હે ભગવાન ! હું વધારે શું કહું ? શરણે આવેલા આ જન (મારા) ઉપર આપ દયા કરો.

ઈતિ કરુણાષ્ટક સમાપ્ત

★★★

# પદ્મનંદિ વિરચિત

# જિનવર સ્તવન

## जिनवरस्तवनम्

दिट्ठे तुमम्मि जिणवर सहलीहूआइं मज्झ णयणाइं ।
चित्तं गत्तं च लहुं अमिएण व सिंचियं जाय ।। १ ।।

અનુવાદ :- હે જિનેન્દ્ર ! આપના દર્શન થતાં મારા નેત્ર સફળ થઈ ગયા તથા મન અને શરીર તરત જ અમૃત સિંચાઈ ગયા હોય તેમ શાંત થઈ ગયા છે.

दिट्ठे तुमम्मि जिणवर दिट्ठिहरासेसमोहतिमिरेण ।
तह णट्ठं जइ दिट्ठं जहट्ठियं तं मए तच्चं ।। २ ।।

અનુવાદ :- હે જિનેન્દ્ર ! આપના દર્શન થતાં દર્શનમાં બાધા પહોંચાડનાર સમસ્ત મોહ (દર્શનમોહ)રૂપ અંધકાર એવી રીતે નષ્ટ થઈ ગયો છે કે જેથી મેં જેવું છે તેવું તત્ત્વ જોઈ લીધું છે - સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લીધું છે.

दिट्ठे तुमम्मि जिणवर परमाणंदेण पुरियं हियय ।
मज्झ तहा जह मण्णे मोक्खं पिव पत्तमप्पाणं ।। ३ ।।

અનુવાદ :- હે જિનેન્દ્ર ! આપનું દર્શન થતાં મારું અંતઃકરણ એવા ઉત્કૃષ્ટ આનંદથી પરિપૂર્ણ થઈ ગયું છે કે જેથી હું મને મુક્ત પ્રાપ્ત થયેલ જ સમજું છું.

दिट्ठे तुमम्मि जिणवर णट्ठं चिय मण्णियं महापावं ।
रविउग्गमे णिसाए ठाइ तमो कित्तियं कालं ।। ४ ।।

અનુવાદ :- હે જિનેન્દ્ર ! આપનું દર્શન થતાં હું મહાપાપને નષ્ટ થયેલું જ માનું છું. બરાબર છે - સૂર્યનો ઉદય થતાં રાત્રિનો

અંધકાર ભલા કેટલો વખત ટકી શકે છે ? અર્થાત્ ટકતો નથી, તે સૂર્યનો ઉદય થતાં જ નષ્ટ થઈ જાય છે.

दिट्ठे तुमम्मि जिणवर सिज्झइ सो को वि पुण्णपब्भारो।
होइ जणो जेण पहू इहपरलोयत्थसिद्धीणं ॥ ५ ॥

અનુવાદ :- હે જિનેન્દ્ર ! આપનું દર્શન થતાં એવો કોઈ અપૂર્વ પુણ્યનો સમૂહ સિદ્ધ થાય છે કે જેથી પ્રાણી આલોક અને પરલોક સંબંધી ઈષ્ટ સિદ્ધિઓનો સ્વામી બની જાય છે.

दिट्ठे तुमम्मि जिणवर मण्णे तं अप्पणो सुकयलाहं।
होही सो जेणासरिसुहणिही अक्खओ मोक्खो ॥ ६ ॥

અનુવાદ :- હે જિનેન્દ્ર ! આપના દર્શન થતાં હું મને એવા પુણ્યલાભવાળો માનું છું જેથી મને અનુપમ સુખના ભંડારસ્વરૂપ તે અવિનશ્વર મોક્ષ પ્રાપ્ત થશે.

दिट्ठे तुमम्मि जिणवर संतोसो मज्झ तह परो जाओ।
इंद विहवो वि जणइ ण तण्हालेसं पि जह हियए ॥ ७ ॥

અનુવાદ : હે જિનેન્દ્ર ! આપનું દર્શન થતાં મને એવો ઉત્કૃષ્ટ સંતોષ થયો કે જેથી મારા હૃદયમાં ઈન્દ્રનો વૈભવ પણ લેશમાત્ર તૃષ્ણા ઉત્પન્ન કરતો નથી.

दिट्ठे तुमम्मि जिणवर वियारपडिवज्जिए परमसंत।
जस्स ण हिट्ठी दिट्ठी तस्स ण णवजम्मोवच्छेओ ॥ ८ ॥

અનુવાદ :- હે જિનેન્દ્ર ! રાગાદિ વિકાર રહિત અને અતિશય શાંત એવા આપના દર્શન થતાં જેની દષ્ટિ હર્ષ પામતી નથી તેને નવીન જન્મનો નાશ થઈ શકતો નથી અર્થાત્ તેની સંસાર પરંપરા ચાલતી જ રહેશે.

दिट्ठे तुमम्मि जिणवर जं महकज्जतराउलं हिययं ।
कइया वि हवइ पुव्वज्जियस्स कम्मस्स सो दोसो ।। ९ ।।

અનુવાદ :- હે જિનેન્દ્ર ! આપનું દર્શન થયા પછી ય જો મારું હૃદય કોઈ વાર બીજા કોઈ મહાન કાર્યથી વ્યાકુળ થાય છે તો તે પૂર્વોપાર્જિત કર્મના દોષથી થાય છે.

दिट्ठे तुमम्मि जिणवर अच्छइ जम्मंतरं ममेहावि ।
सहसा सुहेहिघडियं दुक्खेहि पलाइयं दूरं ।। १० ।।

અનુવાદ :- હે જિનેન્દ્ર ! આપના દર્શન થતાં અન્ય જન્મના સુખની ઈચ્છા તો દૂર રહો, પરંતુ તેનાથી આ લોકમાં પણ મને અકસ્માત સુખ પ્રાપ્ત થયું છે અને સર્વ દુઃખો દૂર ભાગી ગયા છે.

दिट्ठे तुमम्मि जिणवर वज्झइ पट्टो दिणम्मि अज्जयणे ।
सहलत्तेणेण मज्झे सव्वदिणाणं पि सेसाणं ।। ११ ।।

અનુવાદ :- હે જિનેન્દ્ર ! આપના દર્શન થતાં બાકીના બધા જ દિવસોમાં આજના દિવસે સફળતાનો પટ્ટ બાંધવામાં આવ્યો છે. અભિપ્રાય એમ છે કે આટલા દિવસોમાં આજનો આ મારો દિવસ સફળ થયો છે કારણ કે આજ મને ચિરસંચિત પાપનો નાશ કરનારું આપનું દર્શન પ્રાપ્ત થયું છે.

दिट्ठे तुमम्मि जिणवर भवणमिणं तुज्झ मह महग्घतरं ।
सव्वाणं पि सिरीणं संकेयघरं व पडिहाइ ।। १२ ।।

અનુવાદ :- હે જિનેન્દ્ર ! આપનું દર્શન થતાં આ તમારું મહામૂલ્યવાન ઘર (જિનમંદિર) મને બધી લક્ષ્મીઓના સંકેતગૃહ સમાન પ્રતિભાસે છે. અભિપ્રાય એ કે અહીં આપના દર્શન કરતાં મને સર્વ પ્રકારની લક્ષ્મી પ્રાપ્ત થશે.

दिट्ठे तुमम्मि जिणवर भत्तिजलोल्लं समासियं छेत्तं ।
जं तं पुलयमिसा पुण्णवीयमंकुरियमिव सहइ ।। १३ ।।

અનુવાદ :- હે જિનેન્દ્ર ! આપનું દર્શન થતાં ભક્તિરૂપ જળથી ભીંજાયેલા ખેતર (શરીર)ને જે પુણ્યરૂપ બીજ પ્રાપ્ત થયું હતું તે જાણે રોમાંચના બહાને અંકુરિત થઈને જ શોભી રહ્યું છે.

दिट्ठे तुमम्मि जिणवर समयोमयसायरे गहीरम्मि ।
रायाइदोसकलुसे देवे को मण्णए सयाणो ।। १४ ।।

અનુવાદ :- હે જિનેન્દ્ર ! સિદ્ધાંતરૂપ અમૃતના સમુદ્ર અને ગંભીર એવા આપના દર્શન થતાં કયો બુદ્ધિમાન મનુષ્ય રાગાદિ દોષોથી મલિનતાને પ્રાપ્ત થયેલ દેવોને માને ? અર્થાત્ કોઈ પણ બુદ્ધિમાન મનુષ્ય તેમને દેવ માનતો નથી.

दिट्ठे तुमम्मि जिणवर मोक्खो अइदुल्लहो वि संपडइ ।
मिच्छत्तमलकलंकी मणो ण जइ होइ पुरिस्स ।। १५ ।।

અનુવાદ :- હે જિનેન્દ્ર ! જો પુરુષનું મન મિથ્યાત્વરૂપી મળથી મલિન ન હોય તો આપનું દર્શન થતાં અત્યંત દુર્લભ મોક્ષ પ્રાપ્ત પણ થઈ શકે છે.

दिट्ठे तुमम्मि जिणवर चम्मचएणच्छिणा वि तं पुण्णं
जं जणइ पुरो केवलदंसणणाणाइं णयणाइं ।। १६ ।।

અનુવાદ :- હે જિનેન્દ્ર ! ચર્મમય નેત્રથી પણ આપનું દર્શન થતાં તે પુણ્ય પ્રાપ્ત થાય છે કે જે ભવિષ્યમાં કેવળદર્શન અને કેવળજ્ઞાનરૂપ નેત્રોને ઉત્પન્ન કરે છે.

दिट्ठे तुमम्मि जिणवर सुकयत्थो मण्णिओ ण जेणप्पा ।
सो बहुयबुड्डणुब्बुडणडणाइं भवसायरे काही ।। १७ ।।

અનુવાદ :- હે જિનેન્દ્ર ! આપનું દર્શન થતાં જે જીવ પોતાને અતિશય કૃતાર્થ (કૃતકૃત્ય) માનતો નથી તે સંસારરૂપ સમુદ્રમાં અનેક વાર ગોથા ખાશે.

दिट्ठे तुमम्मि जिणवर णिच्छयदिट्ठीए होइ जं किं पि।
ण गिराए गोचरं तं साणुभवत्थं पि किं भणिमो॥ १८॥

અનુવાદ :- હે જિનેન્દ્ર ! આપનું દર્શન થતાં જે કાંઈ પણ થાય છે તે નિશ્ચય દષ્ટિએ વચનનો વિષય નથી, તે તો કેવળ સ્વાનુભવનો જ વિષય છે. તેથી તે વિષયમાં ભલા અમે શું કહી શકીએ? અર્થાત્ કાંઈ કહી શકતા નથી - તે અનિર્વચનીય છે.

दिट्ठे तुमम्मि जिणवर दट्ठव्वावहिविसेसरूवम्मि।
दंसण सुद्धीए गयं दापिं मह णत्थि सव्वत्था॥ १९॥

અનુવાદ :- હે જિનેન્દ્ર ! દેખવા યોગ્ય પદાર્થોના સીમાવિશેષ સ્વરૂપ (સર્વથી અધિક દર્શનીય) આપનું દર્શન થતાં જે દર્શનવિશુદ્ધિ થઈ છે તેનાથી આ વખતે એ નિશ્ચય થયો છે કે સર્વ બાહ્ય પદાર્થો મારા નથી.

दिट्ठे तुमम्मि जिणवर अहिंय सुहिया समुज्जलो होइ।
जणदिट्ठी को पेच्छइ तद्दंसणसुहयरं सूरं॥ २०॥

અનુવાદ :- હે જિનેન્દ્ર ! આપનું દર્શન થતાં લોકોની દષ્ટિ અતિશય સુખયુક્ત અને ઉજ્જવળ થઈ જાય છે. પછી ભલા ક્યો બુદ્ધિમાન મનુષ્ય તે દષ્ટિને સુખકારક એવા સૂર્યનું દર્શન કરે ? અર્થાત્ કોઈ કરે નહિ.

दिट्ठे तुमम्मि जिणवर बुहम्मि दोसोज्झियम्मि वीरम्मि।
कस्स किर रमइ दिट्ठी जडम्मि दोसायरे खत्थे॥ २१॥

અનુવાદ :- હે જિનેન્દ્ર ! જ્ઞાની, દોષરહિત અને વીર એવા આપને જોઈ લીધા પછી કોની દૃષ્ટિ ચન્દ્રમા તરફ રમે ? અર્થાત્ આપનું દર્શન કરીને પછી કોઈને ય ચન્દ્રમાના દર્શનની ઇચ્છા રહેતી નથી. કારણ કે તેનું સ્વરૂપ આપનાથી વિપરીત છે - આપ જ્ઞાની છો, પરંતુ તે જડ (મુર્ખ, શીતળ) છે. આપ દોષજનિત અર્થાત્, અજ્ઞાનાદિ દોષોથી રહિત છો, પરંતુ તે દોષાકર (દોષની ખાણ, રાત્રિ કરનાર) છે. તથા આપ વીર અર્થાત્ કર્મશત્રુઓને જીતનાર સુભટ છો પરંતુ તે ખસ્થ (આકાશમાં સ્થિત) અર્થાત્ ભયભીત થઈને આકાશમાં છૂપાઈને રહેનાર છે.

दिट्ठे तुमम्मि जिणवर चिंतामणिकामधेणुकप्पतरू ।
खज्जोयव्व पहाए मज्झ मणे णिप्पहा जाया ॥ २२ ॥

અનુવાદ :- હે જિનેન્દ્ર ! આપનું દર્શન થતાં મારા મનમાં ચિંતામણી, કામધેનુ અને કલ્પવૃક્ષ પણ એવા કાંતિહીન (ફીક્કા) થઈ ગયા છે જેમ પ્રભાત થઈ જતાં આગિયા કાન્તિહીન થઈ જાય છે.

दिट्ठे तुमम्मि जिणवर रहसरसो मह मणम्मि जो जाओ ।
आणंदंसुमिसा सो तत्तो णीहरइ बहिरंतो ॥ २३ ॥

અનુવાદ :- હે જિનેન્દ્ર ! આપનું દર્શન થતાં મારા મનમાં જે હર્ષરૂપ જળ ઉત્પન્ન થયું છે તે જાણે હર્ષના કારણે ઉત્પન્ન થયેલ આંસુઓના બહાને અંદરથી બહાર જ નીકળી રહ્યું છે.

दिट्ठे तुमम्मि जिणवर कल्लाणपरंपरा पुरो पुरिसे ।
संचरइ अणाहूया वि ससहरे किरणमाल व्व ॥ २४ ॥

અનુવાદ :- હે જિનેન્દ્ર ! આપનું દર્શન થતાં કલ્યાણની પરંપરા (સમૂહ) બોલાવ્યા વિના જ પુરુષની આગળ એવી રીતે ચાલે છે જેમ ચન્દ્રમાની આગળ તેના કિરણોનો સમૂહ ચાલે છે.

दिट्ठे तुमम्मि जिणवर दिसवल्लीओ फलंति सव्वाओ ।
इट्ठं अहुल्लिया वि हु वरिसह सुण्णं पि रयणेहिं ।। २५ ।।

અનુવાદ :- હે જિનેન્દ્ર ! આપનું દર્શન થતાં સર્વ દિશાઓરૂપ વેલ ફૂલો વિના પણ ઇષ્ટ ફળ આપે છે તથા ખાલી આકાશ પણ રત્નોની વર્ષા કરે છે.

दिट्ठे तुमम्मि जिणवर भव्वो भयवज्जिओ हवे णवरं ।
गयणिद्दं चिय जायइ जोण्हापसरे कुमुयं ।। २६ ।।

અનુવાદ :- હે જિનેન્દ્ર ! આપનું દર્શન થતાં ભવ્ય જીવ સહસા ભય અને નિદ્રાથી એ રીતે રહિત (પ્રબુદ્ધ) થઈ જાય છે, જેમ ચાંદનીનો વિસ્તાર થતાં સરોવરમાં કુમુદ (સફેદ કમળ) નિદ્રારહિત (પ્રફુલ્લિત) થઈ જાય છે.

दिट्ठे तुमम्मि जिणवर हियएणंमह सुहं समुल्लसियं ।
सरिणाहेणिव सहसा उग्गमिए पुण्णिमाइंदे ।। २७ ।।

અનુવાદ :- હે જિનેન્દ્ર ! આપનું દર્શન થતાં મારું હૃદય સહસા એવી રીતે સુખપૂર્વક હર્ષ પામ્યું છે જેમ પૂર્ણિમાના ચંદ્રનો ઉદય થતાં સમુદ્ર આનંદ (વૃદ્ધિ) પામે છે.

दिट्ठे तुमम्मि जिणवर दोहिमि चक्खूहिं तह सुही अहियं ।
हियए जह सहसच्छोहोमि त्ति मणोरहो जाओ ।। २८ ।।

અનુવાદ :- હે જિનેન્દ્ર ! બે જ આંખો વડે આપના દર્શન થતાં હું એટલો બધો સુખી થયો છું કે જેથી મારા હૃદયમાં એવો મનોરથ ઉત્પન્ન થયો છે કે હું સહસ્રાક્ષ (હજાર નેત્રોવાળો) અર્થાત્ ઇન્દ્ર બનીશ.

दिट्ठे तुमम्मि जिणवर भवो वि मित्तत्तणं गओ एसो ।
एयम्मि ठियस्स जओ जायं तुह दंसणं मज्झ ।। २९ ।।

અનુવાદ :- હે જિનેન્દ્ર ! આપનું દર્શન થતાં આ સંસાર પણ મિત્રતાને પ્રાપ્ત થયો છે. એનું કારણ એ જ છે કે તેમાં સ્થિત રહેવા છતાં પણ મને આપનું દર્શન પ્રાપ્ત થયું છે.

दिट्ठे तुमम्मि जिणवर भव्वाणं भूरिभत्तिजुत्ताणं।
सव्वाओ सिद्धीओ होंति पुरो एक्कलीलाए ।। ३० ।।

અનુવાદ :- હે જિનેન્દ્ર ! આપનું દર્શન થતાં અતિશય ભક્તિયુક્ત ભવ્ય જીવો પાસે બધી સિદ્ધિઓ એક રમત માત્રમાં જ (અનાયાસે જ) આવીને પ્રાપ્ત થાય છે.

दिट्ठे तुमम्मि जिणवर सुहगइसंसाहणेक्कवीर्याम्म।
कठंगयजीवियस्स वि धीरं संपज्जए परमं ।। ३१ ।।

અનુવાદ :- હે જિનેન્દ્ર ! શુભ ગતિ સાધવામાં અનુપમ બીજભૂત એવા આપનું દર્શન થતાં મરણોન્મુખ પ્રાણીને પણ ઉત્કૃષ્ટ ધૈર્ય પ્રાપ્ત થાય છે.

दिट्ठे तुमम्मि जिणवर कर्माम्म सिद्धे ण किं पुणो सिद्धं।
सिद्धियरं को णाणी महइ ण तुह दंसणं तम्हा ।। ३२ ।।

અનુવાદ :- હે જિનેન્દ્ર ! આપના દર્શનથી આપના ચરણ સિદ્ધ થતાં શું ન સિદ્ધ થયું ? અર્થાત્ આપના ચરણોના પ્રસાદથી બધું જ સિદ્ધ થઈ જાય છે. તેથી કયો જ્ઞાની પુરુષ સિદ્ધિ આપનાર આપના દર્શનને ચાહતો નથી ? અર્થાત્ બધા જ વિવેકીજનો આપના દર્શનની અભિલાષા કરે છે.

दिट्ठे तुमम्मि जिणवर पोम्मकयं दंसणत्थुइं तुज्झ।
जो पहु पढइ तियालं भवजालं सो समोसरइ।। ३३ ।।

અનુવાદ :- હે જિનેન્દ્ર ! આપનું દર્શન થતાં જે ભવ્ય જીવ

પદ્મનંદી મુનિ દ્વારા રચવામાં આવેલી  આપની આ દર્શન સ્તુતિ ત્રણે સંધ્યાકાળે વાંચે છે તે હે પ્રભો ! પોતાના સંસાર સમૂહનો નાશ કરે છે.

दिट्ठे तुमम्मि जिणवर भणियमिणं जणियजणमणाणंदं ।
सव्वेहि पढिज्जंतं णंदउ सुइरं धरावीढे ।। ३४ ।।

અનુવાદ :- હે જિનેન્દ્ર ! આપના દર્શન કરીને મેં ભવ્યજનોના મનને આનંદિત કરનાર જે દર્શનસ્તોત્ર કહ્યું છે તે સર્વને વાંચવાનો વિષય બનીને પૃથ્વીતળ ઉપર ચિરકાળ સુધી સમૃદ્ધિ પામો.

**ઈતિ જિનદર્શનસ્તુતિ સમાપ્ત**

★★★

# આલોચના પદો

વીતરાગ શાસન વિષે, વીતરાગતા હોય;
જહાં કષાયકી પોષણા, કષાય શાસન સોય. ૧

આત્માર્થે કરીએ ખામના, સબ દોષ પાપ હો જાય ફના;
સબ દોષ પાપ હો જાય ફના, આત્માર્થે કરીએ ખામના.
એ ટેક.

દશવિધ સુધર્મ-કલ્પતરું મેં, ક્ષમા ધર્મ આદિ ગના-(૨)આ.
મુનિકો પક્ષ, શ્રાદ્ધ ચૌમાસી, સંવત્સર સમકિતિના-(૨) આ.
ઇન હદ તક અવિરાધના આખી, અતઃપરં વિરાધના-(૨)આ.
પ્રત્યક્ષ અરુ પરોક્ષ ઉભયવિધિ, ક્ષમાપના કી આગના-(૨)આ.
અવલ હી નિજ ઉપકારી પ્રત્યે, કીજે ક્ષમાકી પ્રયાચના-(૨)આ.
અસિઆઉસા-પરમેષ્ઠિ પણ, સાધર્મી અરુ સજ્જના-(૨)આ.
તત્પશ્ચાત્ ચૌરાસીવાસી, સાથે કીજે ક્ષમાપના-(૨)આ.
ભૂતકાલકી ક્ષમા સફલ જબ, હોય ભવિષ્ય કી પ્રતિગના-(૨)આ.
અસમર્થ કો રક્ષણ ક્ષાંતિ, સમર્થકું ભૂષણ ભના-(૨)આ.
શ્રીમદ્ વીતરાગ શાસનમેં, ઉત્તમ ક્ષમા કી સ્થાપના-(૨)આ.
તાતેં ક્ષમી ક્ષમાવી, ભાવો-રત્નત્રય કી ભાવના-(૨)આ.

★★★

ૐ

જગદ્ ભૂષણ જિનવરા, જગદ્ વંદ્ય જગમાંય;
યજ્ઞ કર્મના દૂષણને, પાવન કરો પળમાંય.

## સ્વધર્મ-બંધુ !

કીધાં હશે કુકર્મ દેહે, તમ પ્રતિ આ વરસમાં,
છોડ્યા હશે વળી વાક્‌શસ્ત્રો, તમ પ્રતિ આ વરસમાં;
ચિંતવ્યું હશે બૂરું તમારું, મન મહીં આ વરસમાં,
દોષ અગણિત મમ થકી, એવા થયા આ વરસમાં.

દોષનો દેણદાર હું, દેવું પતાવા મરું મથી,
માફી મૂડી વિણ લાજ પ્રભુજી, હાથ મુજ રહેવી નથી;
બાંધવ બની બંધ વાળજો, હિસાબ એ મૂડી થકી,
જંજીર જડેલાં હાલ તોડો, કાલ મૃત્યુ છે નકી

સ્મૃતિનું સરોવર જોઈએ તેવું નિર્મળ નહીં હોવાથી જન્મ પામેલી 'હશે' એવી ઉડાઉ કબૂલાત માફીની પરમ જિજ્ઞાસાને લેશ પણ ક્ષીણ કરતી નથી, એમ વિચારશો.

દોષના દાવાનલને બુઝાવનાર પરમ શીતલમય પર્વનો અદ્‌ભૂત અનુભવ માત્ર દોષ રહિત વિરલાને જ થાય. મમ જેવા રાંકને શું ?

એ જ નામું માંડી વાળવા વિનંતી.

★★★

## મિચ્છા મિ દુક્કડં

આ ભવ ને ભવોભવ મહીં, થયું વેર વિરોધ,
અંધ બની અજ્ઞાનથી, કર્યો અતિશય ક્રોધ-
તે સવિ મિચ્છા મિ દુક્કડં.
જીવ ખમાવું છું સવિ, ક્ષમા કરજો સદાય;
વેર વિરોધ ટળી જજો, અક્ષય પદ સુખ સોય,
સમભાવિ આતમ થશે.
ભારે કર્મી જીવડા, પીવે વેરનું ઝેર;
ભવ અટવીમાં તે ભમે, પામે નહિ શિવ લહેર,
ધર્મનું મર્મ વિચારજો.

★★★

## મિચ્છા મિ દુક્કડં

(પરમ કૃપાળુ પરત્વે ક્ષમા)

મહા પ્રભુ શ્રી રાજચંદ્રજી, પ્રગટ પુરુષોત્તમ રાય,
ક્ષમા યાચું હું મહા પર્વ પર, મેં કર્યા દોષ ઘણાય.

આજ સુધીના બધા દોષ, કરો કૃપા કરી માફ
હવે પછી પણ કોઈ ના થાઓ, સદા રહો દિલ સાફ.

દોષ સર્વના માફ કરી, હું હળવો થાઉં આજ
સર્વ પ્રાણી પાસે માગું છું માફી હું ગુરુરાજ

સહજ સ્વભાવ ભણી નજર રહો, મુજ આપ હૃદયમાં આવો,
પર પ્રત્યે તજી રાગદ્વેષ, લ્યો સર્વે મોક્ષનો લ્હાવો.

★★★

# ક્ષમાપનાના પત્રો

## (શ્રીમદ્ રાજચંદ્ર)

### ૧

વવાણીઆ ૧૯૪૬, પ્ર. ભા. સુ. ૬

પ્રથમ સંવત્સરી અને આજ દિવસ પર્યંત કોઈ પણ પ્રકારે તમારો અવિનય, અશાતના, અસમાધિ મારા મન, વચન કાયાના કોઈ પણ યોગાધ્યવસાયથી થઈ હોય તેને માટે પુનઃ પુનઃ ક્ષમાવું છું.

અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં એવો કોઈ કાળ જણાતો નથી, વા સાંભરતો નથી કે જે કાળમાં, જે સમયમાં આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય, સંકલ્પ-વિકલ્પનું રટણ ન કર્યું હોય અને એ વડે 'સમાધિ' ન ભૂલ્યો હોય. નિરંતર એ સ્મરણ રહ્યા કરે છે, અને એ મહા વૈરાગ્યને આપે છે.

વળી સ્મરણ થાય છે કે એ પરિભ્રમણ કેવળ સ્વચ્છંદથી કરતાં જીવને ઉદાસીનતા કેમ ન આવી ? બીજા જીવો પરત્વે ક્રોધ કરતાં, માન કરતાં, માયા કરતાં, લોભ કરતાં કે અન્યથા કરતાં તે માઠું છે એમ યથાયોગ્ય કાં ન જાણ્યું ? અર્થાત્ એમ જાણવું જોઈતું હતું, છતાં ન જાણ્યું. એ વળી પરિભ્રમણ કરવાનો વૈરાગ્ય આપે છે.

વળી સ્મરણ થાય છે કે, જેના વિના એક પળ પણ હું નહીં જીવી શકું એવા કેટલાક પદાર્થો (સ્ત્રીઆદિક) તે અનંતવાર છોડતાં, તેનો વિયોગ થયાં અનંતકાળ પણ થઈ ગયો; તથાપિ તેના વિના જિવાયું એ કાંઈ થોડું આશ્ચર્યકારક નથી. અર્થાત્ જે જે વેળા તેવો પ્રીતિભાવ કર્યો હતો, તે તે વેળા તે કલ્પિત

હતો. એવો પ્રિતીભાવ કાં થયો ? એ ફરી ફરી વૈરાગ્ય આપે છે.

વળી જેનું મુખ કોઈ કાળે પણ નહીં જોઉં, જેને કોઈ કાળે હું ગ્રહણ નહીં જ કરું, તેને ઘેર પુત્રપણે, સ્ત્રીપણે, દાસપણે, દાસીપણે, નાના જંતુપણે શા માટે જન્મ્યો ? અર્થાત્ એવા દ્વેષથી એવા રૂપે જન્મવું પડ્યું ! અને તેમ કરવાની તો ઇચ્છા નહોતી ! કહો, એ સ્મરણ થતાં આ કલેષિત આત્મા પરત્વે જુગુપ્સા નહીં આવતી હોય ? અર્થાત્ આવે છે.

વધારે શું કહેવું ?જે જે પૂર્વના ભવાંતરે ભ્રાંતિપણે ભ્રમણ કર્યું, તેનું સ્મરણ થતાં હવે કેમ જીવવું ? એ ચિંતના થઈ પડી છે; ફરી ન જ જન્મવું અને ફરી એમ ન જ કરવું એવું દઢત્વ આત્મામાં પ્રકાશે છે; પણ કેટલીક નિરુપાયતા છે; ત્યાં કેમ કરવું?

જે દઢતા છે તે પૂર્ણ કરવી; જરૂર પૂર્ણ પડવી એ જ રટન છે; પણ જે કંઈ આડું આવે છે, તે કોરે કરવું પડે છે, અર્થાત્ ખસેડવું પડે છે, અને તેમાં કાળ જાય છે. જીવન ચાલ્યું જાય છે એને ન જવા દેવું, જ્યાં સુધી યથાયોગ્ય જય ન થાય ત્યાં સુધી એ દઢતા છે તેનું કેમ કરવું ?

કદાપિ કોઈ રીતે તેમાંનું કંઈ કરીએ તો તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઈને રહીએ ? અર્થાત્ તેવા સંતો ક્યાં છે કે જ્યાં જઈને એ દશામાં બેસી તેનું પોષણ પામીએ; ત્યારે હવે કેમ કરવું ?

"ગમે તેમ હો-ગમે તેટલા દુઃખ વેઠો, ગમે તેટલા પરિષહ સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડે, ગમે તેટલી આધિઓ આવી પડે, ગમે તો જીવન કાળ એક સમય માત્ર હો, અને

દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ. ત્યાં સુધી હે જીવ ! છૂટકો નથી.'' આમ નેપથ્યમાંથી ઉત્તર મળે છે, અને તે યથાયોગ્ય લાગે છે.

ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવૃત્તિ નથી જોઈતી; અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સંત સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સત્સંગ સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો આર્યાચરણ સિવાય કંઈ નથી જોઈતું; ( આર્યાચરણ = આર્ય પુરુષોએ કરેલાં આચરણ) તે ન હોય તો જિનભક્તિમાં અતિ શુદ્ધ ભાવે લીનતા સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો પછી માગવાની ઇચ્છા પણ નથી.

ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે; સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે; સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી; લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય સ્થિતિ પામવો દુર્લભ છે. એ જ વિજ્ઞાપના.

વિ. રાયચંદના યથાયોગ્ય.

★★★

૨

સં. ૧૯૪૮, ભા.સુ. ૬

ઉદય જોઈને ઉદાસપણું ભજશો નહિ.

સંસાર ભજવાના આરંભકાળ(?)થી તે આજ દિન પર્યંત તમ પ્રત્યે જે કંઈ અવિનય, અભક્તિ અને અપરાધાદિ દોષ ઉપયોગપૂર્વક કે અનુપયોગે થયા હોય તે સર્વ અત્યંત નમ્રપણે ક્ષમાવું છું.

શ્રી તીર્થંકરે જેને મુખ્ય એવું ધર્મ પર્વ ગણવાનું યોગ્ય ગણ્યું છે, એવી સવંત્સરી આ વર્ષ સંબંધી વ્યતીત થઈ. કોઈ પણ જીવ પ્રત્યે કોઈ પણ પ્રકારે, કોઈ પણ કાળને વિષે અત્યંત અલ્પ પણ દોષ કરવો યોગ્ય નથી, એવી વાત જેને પરમોત્કૃષ્ટપણે નિર્ધાર થઈ છે, એવા આ ચિત્તને નમસ્કાર કરીએ છીએ, અને તે જ વાક્ય માત્ર સ્મરણયોગ્ય એવા તમને લખ્યું છે; કે જે વાક્ય નિઃશંકપણે તમે જાણો છો.

★★★

૩

સં. ૧૯૪૮, ભા.સુ. ૧૦

સંસારકાળથી તે અત્ર ક્ષણ સુધીમાં તમ પ્રત્યે કોઈ પણ પ્રકારનો અવિનય, અભક્તિ, અસત્કાર કે તેવા બીજા અન્ય પ્રકાર સંબંધી કોઈ પણ અપરાધ મન, વચન, કાયાના પરિણામથી થયો હોય તે સર્વ અત્યંત નમ્રપણે તે સર્વ અપરાધોના અત્યંત લય પરિણામરૂપ આત્મસ્થિતિએ કરી હું સર્વ પ્રકારે ક્ષમાવું છું; અને તે ક્ષમાવવાને યોગ્ય છું, તમને કોઈ પણ પ્રકારે તે અપરાધાદિનો અનુપયોગ હોય તો પણ અત્યંતપણે અમારી તેવી પૂર્વકાળ સંબંધીની કોઈ પ્રકારે પણ સંભાવના જાણી અત્યંતપણે ક્ષમા આપવા યોગ્ય આત્મસ્થિતિ કરવા અત્ર ક્ષણ લઘુત્વપણે વિનંતિ છે.

★★★

૪.

સં. ૧૯૪૮, ભા. સુ. ૧૦

અત્ર ક્ષણ પર્યંત તમ પ્રત્યે કોઈ પણ પ્રકારે પૂર્વાદિ કાળને વિષે મન, વચન, કાયાના યોગથી જે અપરાધાદિ કાંઈ થયું હોય

તે સર્વ આત્મભાવથી વિસ્મરણ કરી ક્ષમા ઇચ્છું છું; હવે પછીના કોઈ પણ કાળને વિષે તમ પ્રત્યે તે પ્રકાર થવો અસંભવિત જાણું છું, તેમ છતાં પણ કોઈક અનુપયોગ ભાવે દેહપર્યંતને વિષે તે પ્રકાર ક્વચિત્ થાય તો તે વિષે અત્ર અત્યંત નમ્ર પરિણામે ક્ષમા ઇચ્છું છું; અને તે ક્ષમારૂપ ભાવ આ પત્રને વિચારતાં વારંવાર ચિંતવી તમે પણ તે સર્વપ્રકાર અમ પ્રત્યેના પૂર્વકાળના વિસ્મરણ કરવા યોગ્ય છો.

★★★

૫

સં.૧૯૫૩, ભા. સુ. ૬

પરમકૃપાળુ પૂજ્ય પિતાશ્રીજી,

આજ દિવસ પર્યંત મેં આપનો કાંઈ પણ અવિનય, અભક્તિ કે અપરાધ કર્યાં હોય તે બે હાથ જોડી મસ્તક નમાવીને શુદ્ધ અંતઃકરણથી ક્ષમાવું છું. કૃપા કરીને આપ ક્ષમા આપશો. મારાં માતુશ્રી પ્રત્યે પણ તે જ રીતે ક્ષમાવું છું. તેમજ બીજા સાથ સર્વ પ્રત્યે મેં કાંઈ પણ પ્રકારનો અપરાધ કે અવિનય જાણતાં અથવા અજાણતાં કર્યો હોય તે શુદ્ધ અંતકરણથી ક્ષમાવું છું. કૃપા કરીને સૌ ક્ષમા આપશોજી.

★★★

# સાયંકાળની સ્તુતિ તથા દેવવંદન

મહાદેવ્યાઃ કુક્ષિરત્નં, શબ્દજીતરવાત્મજમ્
રાજચંદ્રમહં વંદે, તત્ત્વલોચનદાયકમ્. ૧

જય ગુરુદેવ ! સહજાત્મસ્વરૂપ પરમગુરુ શુદ્ધ ચૈતન્ય સ્વામી.

ૐકારં બિંદુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ,
કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમોનમઃ ૨

મંગલમય મંગલકરણ, વીતરાગ વિજ્ઞાન,
નમો તાહિ જાતે ભયે, અરિહંતાદિક મહાન. ૩

વિશ્વભાવ વ્યાપિ તદપિ, એક વિમલ ચિદ્રૂપ,
જ્ઞાનાનંદ મહેશ્વરા, જયવંતા જિનભૂપ. ૪

મહતત્ત્વ મહનીય મહઃ મહાધામ ગુણધામ,
ચિદાનંદ પરમાતમા, વંદો રમતા રામ. ૫

તીનભૂવન ચૂડારતન, -સમ શ્રી જિનકે પાય,
નમત પાઈએ આપ પદ, સબ વિધિ બંધ નશાય. ૬

દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપનાશનમ્,
દર્શનં સ્વર્ગસોપાનં, દર્શનં મોક્ષસાધનમ્. ૭

દર્શનાદ્ દુરિતધ્વંસિ વંદનાદ્ વાંછિતપ્રદઃ
પૂજનાત્ પૂરકઃ શ્રીણાં, જિન સાક્ષાત્ સુરદ્રુમઃ ૮

પ્રભુદર્શન સુખસંપદા, પ્રભુ દર્શન નવનિધિ,
પ્રભુદર્શનસેં પામીએ, સકલ મનોરથ-સિદ્ધિ. ૯

બ્રહ્માનંદં પરમ સુખદં કેવલં જ્ઞાનમૂર્તિમ્,
દ્વન્દ્વાધતીતં ગગન સદશં તત્ત્વમસ્યાદિ લક્ષ્યમ્,
એકં નિત્યં વિમલમચલં સર્વદા સાક્ષીભૂતમ્,
ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્ગુરું તં નમામિ. ૧૦

આનન્દમાનન્દકરં પ્રસન્નં જ્ઞાનસ્વરૂપં નિજબોધરૂપમ્,
યોગીન્દ્રમીડ્યં ભવરોગવૈદ્યં, શ્રીમદ્ ગુરુ નિત્યમહં નમામિ. ૧૧

શ્રીમદ્ પરબ્રહ્મગુરું વંદામિ, શ્રીમદ્ પરબ્રહ્મગુરું નમામિ,
શ્રીમદ્ પરબ્રહ્મગુરું ભજામિ, શ્રીમદ્ પરબ્રહ્મગુરું સ્મરામિ. ૧૨

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુગુરુર્દેવો મહેશ્વરઃ
ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરુવે નમઃ ૧૩

ધ્યાનમૂલં ગુરુમૂર્તિઃ પૂજામૂલં ગુરુપદમ્,
મંત્રમૂલં ગુરુવાક્યં મોક્ષમૂલં ગુરુકૃપા. ૧૪

અખંડમંડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ્
તત્પદં દર્શિતં યેન તસ્મૈ શ્રી ગુરુવે નમઃ ૧૫

અજ્ઞાનતિમિરાન્ધાનાં જ્ઞાનાંજનશલાકયા,
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રી ગુરુવે નમઃ ૧૬

ધ્યાનધૂપં મનઃપુષ્પં પંચેન્દ્રિય હુતાશનમ્
ક્ષમાજાપ સંતોષપૂજા પૂજ્યો દેવો નિરંજનઃ ૧૭

દેવેષુ દેવોઽસ્તુ નિરંજનો મે, ગુરુર્ગુરુષ્વસ્તુ દમી શમી મે
ધર્મેષુ ધર્મોઽસ્તુ દયા પરો મે, ત્રીણ્યેવ તત્ત્વાનિ ભવે ભવે મે. ૧૮

પરાત્પરગુરવે નમઃ પરંપરાચાર્ય ગુરુવે નમઃ
પરમગુરુવે નમઃ સાક્ષાત્ પ્રત્યક્ષસદ્ગુરુવે નમોનમઃ ૧૯

અહો ! અહો ! શ્રી સદ્ગુરુ કરુણાસિંધુ અપાર,
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર. ૨૦

શુ પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન,
તે તો પ્રભુએ આપીયો, વર્તું ચરણાધીન. ૨૧

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન,
દાસ, દાસ હું દાસ છું, આપ પ્રભુનો દીન. ૨૨

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મયાનથકી તરવારવત્, એ ઉપકાર અમાપ. ૨૩

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત. ૨૪

## નમસ્કાર

જય જય ગુરુદેવ ! સહજાત્મસ્વરૂપ પરમગુરુ શુદ્ધ ચૈતન્ય સ્વામી અંતરજામી ભગવાન, ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ

પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમજ્ઞાન સુખધામ,
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ. ૨૫

## નમસ્કાર

જય જય ગુરુદેવ !............મત્થએણ વંદામિ.

દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત,
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત. ૨૬

## નમસ્કાર

જય જય ગુરુદેવ !............મત્થએણ વંદામિ.

નમોઽસ્તુ નમોઽસ્તુ નમોઽસ્તુ, શરણં, શરણં, શરણં, ત્રિકાલશરણં, ભવોભવ શરણં, સદ્ગુરુ શરણં, સદા સર્વદા, ત્રિવિધ ત્રિવિધ ભાવવંદન હો, વિનય વંદન હો, સમયાત્મક વંદન હો, ૐ નમોઽસ્તુ જય ગુરુદેવ શાંતિ પરમ તારુ, પરમ સજ્જન, પરમ હેતુ, પરમ દયાળ, પરમ મયાળ, પરમ કૃપાળ, વાણીસુરસાળ,

અતિ સુકુમાળ, જીવદયા પ્રતિપાળ, કર્મશત્રુના કાળ, 'મા હણો મા હણો' શબ્દના કરનાર, આપકે ચરણકમલમેં મેરા મસ્તક, આપકે ચરણકમલ મેરે હૃદયકમલમેં અખંડપણે સંસ્થાપિત રહે, સંસ્થાપિત રહે; સત્પુરુષોકા સત્સ્વરૂપ, મેરે ચિત્તસ્મૃતિકે પટપર ટંકોત્કીર્ણવત્ સદોદિત, જયવંત રહે, જયવંત રહે.

આનન્દમાનન્દકરં પ્રસન્નં જ્ઞાનસ્વરૂપં નિજબોધરૂપમ્
યોગીન્દ્રમીડયં ભવરોગવૈદ્યં શ્રીમદ્‌ગુરુંનિત્યમહં નમામિ

ૐ

શાંતિ: શાંતિ: શાંતિ:

# પ્રણિપાત સ્તુતિ

હે પરમ કૃપાળુ દેવ !

જન્મ, જરા, મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળ માર્ગ આપ શ્રીમદ્દે અનંત કૃપા કરી મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું. વળી આપ શ્રીમત્ કંઈ પણ લેવાને સર્વથા નિઃસ્પૃહ છો, જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપના ચરણારવિંદમાં નમસ્કાર કરું છું.

આપની પરમભક્તિ અને વીતરાગપુરુષના મૂળધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવપર્યંત અખંડ જાગૃત રહો એટલું માગું છું તે સફળ થાઓ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

-શ્રીમદ્ રાજચંદ્ર